# તફસીર

# સૂરએ હોજોરાત

: ગુજરાતી અનુવાદ :

ઈબ્રાહીમ બી. પટેલ, ભરૂચ

: પ્રકાશક :

અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી, ભરૂચ

એ-૭૦/૨, એહમદનગર, મનુબર રોડ,

ભરૂચ-૩૯૨૦૦૧.

મોબાઈલ : ૯૪૨૬૪૦૩૬૭૨

# એક જરૂરી નોંધ

અમીરૂલ મોઅમેનીન લાયબ્રેરી, ભરૂચ પાસે આયતુલ્લાહ અલ ઉઝમા અસ્સય્યદ અલી હુસૈની સીસ્તાની (દા.બ.), રેહબર આયતુલ્લાહ અલ ઉઝમા સૈયદ અલી ખામેનાઈ (દા.બ.)

તથા

આયતુલ્લાહ અલ ઉઝમા બશીર હુસૈન નજફી (દા.બ.) ત્રણેય બુઝુર્ગોનો સેહમે ઈમામ ખર્ચ કરવાનો ઈજાઝો છે.

ઈજાઝો સંસ્થાકીય અને કાયમી છે.

# અવર બેંકર્સ

નીચેની બેંકોમાંથી કોઇપણ બેંકમાં નાણા જમા કરાવી શકાય છે.

(૧) હુસૈનઅહમદ ઈબ્રાહીમ પટેલ

AC : 25520100007654

IFSC : BARBOBRODAN

બેંક ઓફ બરોડા, શાખા મોહંમદપુરા, ભરૂચ.

(૨) શબ્બીરઅહમદ પટેલ

AC : 32598176055

IFSC : SBIN0003522

સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, શાખા કતોપોર દરવાજા, ભરૂચ.

# અનુક્રમણીકા


| પ્રકરણ | વિગત | પેજ |
|---|---|---|
| * | પ્રસ્તાવના | 6 |
| * | સુરએ હુજુરાતની ઓળખ | 17 |
| 1 | આયત નં.૧ | 24 |
| 2 | આયત નં.૨ | 59 |
| 3 | આયત નં.3 | 102 |
| 4 | આયત નં.૪,૫ | 116 |
| 5 | આયત નં.૬ | 125 |
| 6 | આયત નં.૭,૮ | 161 |
| 7 | આયત નં.૯ | 179 |
| 8 | આયત નં.૧૦ | 213 |

| | | |
|---|---|---|
| 9 | આયત નં.૧૧ | 247 |
| 10 | આયત નં.૧૨ | 265 |
| 11 | આયત નં.૧૩ | 309 |
| 12 | આયત નં.૧૪ | 315 |
| 13 | આયત નં.૧૫ | 323 |
| 14 | આયત નં.૧૬ | 335 |
| 15 | આયત નં.૧૭ | 338 |
| 16 | આયત નં.૧૮ | 343 |

# પ્રસ્તાવના

## બિસ્મીલ્લા હિર્રેહમા નિર્રેરહીમ

કુરઆને કરીમ અલ્લાહની કીતાબ છે. અલ્લાહ તઆલા આ કિતાબ વિશે ફરમાવે છે:

وَلَقَدْ يَسَّرْنَا الْقُرْآنَ لِلذِّكْرِ فَهَلْ مِن مُّدَّكِرٍ (القمر 17)

અમે કુરઆનને બોધપાઠ લેવા માટે આસાન બનાવ્યું છે, તો કોઇ છે જે તેનાથી બોધપાઠ લે? આ કિતાબને નાઝીલ કરવાનો હેતુ આ છે કે ઇન્સાનોની અજ્ઞાનતાને દૂર કરે, તેમને નજાત આપે, લોકો દરમિયાન ન્યાય અને ઇન્સાફ સ્થાપિત થાય, સમાજની હિદાયત કરે અને તેમને કમાલ તરફ લઇ જાય.


amillibrary.com

જો કે કુરઆનની સહી અને સારા અવાજમાં તિલાવત કરવાની ખૂબ જ ભલામણ કરવામાં આવી છે તેમ છતાં કુરઆનના અર્થ અને તેના ઉદ્દેશ પર ચિંતન અને મનન છે જે ઇન્સાનને તેના મકસદ સુધી હિદાયત કરી શકે છે.

સુરએ હુજુરાતની તફસીર તમારી સામે રજુ કરતા ખુશી થાય છે. આ તફસીરના સંપાદક આકા મોહસીન કરાઅતી સાહેબ છે. તેમની પદ્ધતી આ પ્રમાણે છે કે દરેક આયતનો અનુવાદ અને તે આયતથી મળતા અમુક દર્સ(બોધપાઠ) બયાન કરે છે.

સુરએ હુજુરાત મદની સુરા છે એટલે કે મદીનામાં નાઝીલ થઇ છે. તેની ૧૮ આયતો છે અને કુરઆનની ૪૯મી સુરા છે. આ સુરાને સુરએ હુજુરાત નામ આપવાનું કારણ આ છે કે તેની ચોથી

આયતમાં આ શબ્દ ‘હુજુરાત’ આવ્યો છે. આ સુરામાં જીવનના અમુક આદાબ બયાન કરવામાં આવ્યા છે એટલા માટે મુફસ્સીરોએ આ સુરાને સુરએ અદબ અથવા સુરએ આદાબ (અખ્લાક અને આદાબનો સુરા) પણ નામ આપ્યું છે.

(ادب) અદબ અરબી શબ્દ છે. તેનો અર્થ (બોલાવવું) થાય છે અને એટલા જ માટે અરબો તે માણસ જે લોકોને જમવાની દાવત આપે છે તેને આદીબ (آدِبٌ) દાવત  આપનાર કહે છે. ઇબ્ને મન્ઝુર પોતાની અરબી ડીક્ષનરી લીસાનુલ અરબમાં લખે છે: અદબ (اَدَب) નો મૂળ અર્થ (બોલાવવું) થાય છે અને એટલા માટે અદબ કહેવામાં આવ્યું છે કે લોકોને ભલાઇ તરફ બોલાવે છે અને ખરાબીઓથી રોકે છે. (ઇબ્ને મન્ઝુર, લીસાનુલ અરબ)


amillibrary.com

અલ્લામા દહખુદા અદબની વ્યાખ્યા (definition) વિશે કહે છે: અદબ એટલે દરેક તે સખત મહેનતવાળું સારૂ કામ જેનાથી ઇન્સાનમાં સારી સીફત અને ફઝીલત પેદા થાય. (દહ ખુદા, અલી અકબર, લુગત નામે) (જેવી રીતે કે ઇન્સાન સખત ગરમીના રોઝા રાખે અને આ અમલથી તેનામાં ખુલુસ જેવી મહાન સીફત આવી જાય.)

કુરઆનનું સૌથી મહત્વપૂર્ણ શિક્ષણ આ છે કે લોકોને દરેક કામના આદાબ શીખવાડે છે. એટલા જ માટે આ મુબારક સુરામાં અલ્લાહતઆલા ઇન્સાનોને ત્રણ પ્રકારના અદબ શિખવાડે છે અને તે નીચે મુજબ છે:

### ૧. અલ્લાહના દીન પ્રત્યે અદબ :

અલ્લાહ અને તેના રસુલના હુકમથી આગળ ન વધવું. આ વિષય પર શરૂઆતની આયતોમાં વિસ્તારપૂર્વક ચર્ચા થઇ છે.

## ૨. અલ્લાહના રસુલની હાજરીમાં અદબ :

રસુલુલ્લાહ(સ.અ.વ) વિશે આ બાબત એટલી મહત્વની છે કે કુરઆને કરીમ ચોખ્ખા શબ્દોમાં અમુક આયતોમાં ફરમાવે છે: તમારી અવાજ ને રસુલુલ્લાહ(સ.અ.વ)  ની અવાજથી ઊંચી કરવી અને આપની હાજરીમાં શોરબકોર કરવો તમારા બધાજ અમલ બરબાદ થવાનું કારણ બનશે અને અજ્ર અને સવાબથી વંચિત થઇ જશો.

સ્પષ્ટ છે કે માત્ર આટલી જ બાબતોનું ધ્યાન રાખવું રસુલુલ્લાહ(સ.અ.વ) ની હાજરીમાં પુરતુ નથી બલકે દરેક તે કામથી બચવું જોઇએ જે આપ(સ.અ.વ) ની બેઅદબીનું કારણ બનતી હોય.


amillibrary.com

## 3. અલ્લાહની મખલૂક સાથેના વર્તનમાં અદબ :

આ અદબ આજના સમાજનો સૌથી મહત્વપૂર્ણ અને ચિંતાજનક વિષય છે. લોકો સાથેના વર્તનમાં અદબનું ધ્યાન રાખવું જેમ કે, ભાઇચારો અને એક બીજા પ્રત્યે પ્રેમ અને માન, ફાસીકની વાત કબૂલ ન કરવી, મુસલમાનો દરમિયાન સુલેહ કરાવવી, મુસલમાનો દરમિયાન વાદવિવાદના કારણો જાણવા અને સમજવા, બીજાની મજાક ન ઊડાવવી,કોઇને ખરાબ લકબ અને નામથી ન બોલાવવું, ઐબ ન શોધવા, મોમીનોની ગીબત અને તેના પ્રત્યે ખોટા અનુમાનથી બચવું વગેરે..

## આ સુરામાં જે બાબતોનો ઉલ્લેખ થયો છે તે નીચે મુજબ છે :

૧. અખ્લાક રૂહની વિશેષતા છે અને અદબ અમલની વિશેષતા છે

૨. અલ્લાહના દીન પ્રત્યે અદબ રાખવો

૩. રસુલુલ્લાહ(સ.અ.વ.) ની હાજરીમાં અદબ

૪. ફાસીકોની વાત પર ભરોસો ન કરવો

૫. હકીકી ઇમાનનું નુર

૬. અલ્લાહનો ફઝ્લ અને એહસાન

૭. મોમીનની જવાબદારી ભાઇચારો અને મોમીનોની ઈસ્લાહ કરવી અને ન્યાય કરવો

૮. આપસમાં સુલેહ શાંતિ અને ભાઇચારાનું પરિણામ તકવા અને અલ્લાહની રહેમત છે

૯. અમુક જગ્યાએ(સુએ ઝન) ખોટુ અનુમાન હરામ છે

૧૦. બધાજ ઇન્સાનો સરખા છે

૧૧. ઇમાન અને ઇસ્લામમાં તફાવત

૧૨. અલ્લાહ તમારા ઇમાનથી આગાહ છે

૧૩. અલ્લાહ જમીન અને આસમાનની ગૈબની વાતોને જાણે છે.

## આ સુરાની તીલાવતની ફઝીલત

આ સુરાની અઝમત ઘણી જ વધારે છે. આ સુરાની તિલાવતની ફઝીલતમાં અમુક રિવાયતો બયાન થઇ છે.

રસુલુલ્લાહ(સ.અ.વ.) આ સુરાની તિલાવતની ફઝીલતમાં ફરમાવે છે :

مَنْ قَرَأَ سُوْرَةَ الْحُجُرَاتِ اُعْطِيَ مِنَ الْاَجْرِ عَشَرَ حَسَنَاتٍ بِعَدَدِ مَنْ اَطَاعَ اللّٰهَ وَ مَنْ عَصَاهُ

જે પણ સુરએ હુજુરાતની તિલાવત કરશે તે તમામ લોકો જેમણે અલ્લાહની ઇતાઅત કરી છે અથવા નાફરમાની કરી છે તેમની સંખ્યા પ્રમાણે તેને દસ નેકીઓ આપવામાં આવશે.

(તફસીર મજમઉલ બયાન, ભાગ ૯, પેજ-૨૧૪)

આજ પ્રમાણે બીજી એક હદીસ ઇમામ સાદીક(અ.સ.) થી વર્ણન થઇ છે:

مَنْ قَرَأَ سُوْرَةَ الْحُجُرَاتِ فِي كُلِّ لَيْلَةٍ ، اَوْ فِي كُلِّ يَوْمٍ ، كَانَ مِنْ زُوَّارِ مُحَمَّدٍ

જે પણ દરેક રાત્રે અને દિવસે આ સુરાની તીલાવત કરશે તે રસુલુલ્લાહ (સ.અ.વ.)ની ઝિયારત કરનારાઓમાં ગણાશે.

(સવાબુલ આમાલ, પેજ-૧૧૫)

તફસીરે નમુનાના મુઅલ્લીફ લખે છે: સ્પષ્ટ છે કે આ બધી નેકીઓ ઇતાઅત કરનારા અને

નાફરમાની કરનારાઓની સંખ્યા પ્રમાણે ત્યારે છે કે આ બંનેના અમલને સંપૂર્ણ ધ્યાનમાં રાખે અને ઇતાઅત કરનારાઓના રસ્તા પર ચાલે અને નાફરમાની કરનારાઓના રસ્તાથી બચે. આ જ પ્રમાણે રસુલુલ્લાહ(સ.અ.વ.)ની ઝિયારત કરનારનો દરજ્જો ત્યારે મળી શકે છે કે જે અદબ રસુલુલ્લાહ(સ.અ.વ.) સંબધિત આ સુરામાં બયાન થયા છે તેના પર અમલ કરે કેમ કે સમજવા અને અમલ કરવા માટે પ્રથમ કુરઆનની તિલાવત જરૂરી છે.

અંતમાં અલ્લાહતઆલાની બારગાહમાં દુઆ છે કે આ નાના અમલને કબૂલ ફરમાવે અને તમામ આલીમો, શહીદો,દીનના ખીદમતગુઝારો ખાસ કરીને મારા મર્હુમ પિતાજી ઇબ્રાહીમભાઈ

બી.પટેલની મગફેરત ફરમાવે અને તેમને પોતાની બારગાહમાં ઊચ્ચ દરજજો અતા ફરમાવે.

નાચીજ

મૌલાના શબ્બીર અહમદ આઇ. પટેલ



amillibrary.com

# સુરએ હુજુરાતની ઓળખ

• આ સૂરો મદીનામાં નાઝીલ થયો છે અને તેની ૧૮ આયતો છે. આ સૂરાને “સુરએ હુજુરાત” તથા “આદાબ અને અખ્લાકના સુરા” તરીકે પણ નામ આપવામાં આવ્યું છે.

• “حُجُرَات” શબ્દ “حُجْرَةٌ” નું બહુવચન છે. જેનો અર્થ રૂમ થાય છે. આ સુરાને સુરએ હુજુરાત એટલા માટે નામ આપવામાં આવ્યું છે કે આ સુરામાં રસુલે ખુદા(સલ.)ના રૂમના નામ લેવામાં આવ્યા છે.(આ રૂમ ઘણા જ સાદા હતા અને તેની દીવારો માટીની અને તેની છત ખજૂરની લાકડી અને ડાળીઓની બનેલી હતી.)

• કુરઆને શરીફની ત્રણ સુરા (સુરએ માએદાહ, સુરએ હુજુરાત અને સુરએ મુમ્તહેનહ) એ સુરા છે કે

જેમાં હુકૂમત અને સમાજના પ્રશ્નો વિશે ચર્ચા કરવામાં આવી છે અને તેની શરૂઆત يَا اَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا (અય ઈમાન લાવનારાઓ)ની આયતથી થઇ છે.

સુરએ માએદાહની શરૂઆતમાં આપણે પઢીએ છીએ:

يَا اَيُّهَا الَّذِيْنَ آمَنُوْا اَوْفُوْا بِالْعُقُوْدَ

(અય ઈમાન લાવનારાઓ! તમે અલ્લાહ, રસુલ અને મોમીનોને આપેલા વાયદાને પૂરા કરો.)

## સુરએ મુમ્તહેનહમાં પઢીએ છીએ :

يَا اَيُّهَا الَّذِيْنَ آمَنُوْا لَا تَتَّخِذُوْا عَدُوِّي وَ عَدُوَّكُمْ اَوْلِيَاءَ

(અય ઈમાન લાવનારાઓ ! મારા દુશ્મન અને તમારા દુશ્મનને તમારા દોસ્તો ન બનાવો.) અને આ સુરામાં એટલે કે સુરએ હુજુરાતમાં પઢીએ છીએ: અય ઈમાન લાવનારાઓ ! અલ્લાહ અને તેના રસુલ(સલ.)થી આગળ ન વધો.)

• આ સુરામાં કેટલીય વખત يَاۤ اَيُّهَا الَّذِيْنَ آمَنُوْا ની આયત આવી છે જેના પરથી એક ઈસ્લામી સમાજની ઓળખ અને નિશાની જાણવા મળે છે કે ઈસ્લામી સમાજના અખ્લાક અને તેની રીતભાત કેવી હોવી જોઈએ.

આ સુરામાં અમુક એવી બાબતો વિશે ચર્ચા કરવામાં આવી છે જે બીજા સુરાઓમાં નથી. જેમકે,

૧. રસુલે ખુદા(સલ.) થી આગળ ન થવું અને તેમની સાથે કેવી રીતે વર્તાવ કરવો જોઈએ અને જે લોકો પૈગમ્બરે ઈસ્લામ સાથેના વર્તાવમાં અદબ અને અખ્લાકનું ધ્યાન નથી રાખતા તેમને ચેતવણી આપવામાં આવી છે.

૨. કોઈની મજાક કરવી, કોઈનું ખરાબ નામ રાખવું, કોઈના પ્રત્યે ખરાબ ગુમાન કરવું, કોઈના એબ

શોધવા, ગીબત કરવી વગેરે વસ્તુઓ જે એક મોમીન સમાજ માટે હરામ અને ઘણી જ નાપસંદ બાબત છે આ સુરામાં આ બધા કામોથી મનાઈ કરવામાં આવી છે.

૩. એકતા અને ભાઈચારો, લોકોના સુધારા માટેનો હુકમ, સમાજની ખરાબીઓ અને બગાડની સામે સાથે મળીને વિરોધ કરવો, અદાલત અને ઈન્સાફથી ફેંસલો કરવો, શકવાળા માણસ પાસેથી જ્યારે કોઈ ખબર કે નવી વાત સાંભળવા મળે તો તેના વિશે પહેલા પૂરતી તપાસ કરવી અને મોમીન સમાજમાં શ્રેષ્ઠ અને અફઝલ હોવાનું માપદંડ વગેરે બાબતો આ સુરામાં બયાન કરવામાં આવી છે.

૪. આ સુરામાં એક ઈમાનવાળા સમાજમાં મોમીનોનો મુસલમાનો કરતા ખાસ દરજ્જો, સારા તથા નેક હોવાનું માપદંડ તકવા અને પરહેઝગારી,

જે કાંઈ સારી અને મહેબૂબ વસ્તુ છે તે ઈમાન અને જે કાંઈ નફરતવાળી અને ખરાબ વસ્તુ છે તે કુફ્ર, ગુનાહ અને ફીસ્ક બયાન કરવામાં આવ્યું છે અને સમાજના બધા જ કામોમાં અદાલત અને ઈન્સાફને પાયો માને છે.

૫. એક મોમીન સમાજ, ખુદાનો એહસાનમંદ અને પૈગમ્બરે ઈસ્લામ રસુલે ખુદા(સલ.)નો આશિક હોય છે તેમ આ સુરામાં કહેવામાં આવ્યું છે. એ રસુલ જેઓ આપણી હિદાયત માટે વાસ્તો બન્યા. આવો મોમીન સમાજ પોતાના ઈમાન લાવવાને કોઈ જાતનો અલ્લાહ કે તેના રસુલ પર એહસાન નથી બતાવતો.

૬. આ સુરામાં બયાન કરવામાં આવ્યું છે કે એક મોમીન સમાજ રસુલે ખુદા(સલ.)ની ઈતાઅત કરનાર અને વફાદાર હોવો જોઈએ અને કોઈ પણ

દિવસ એવી આશા ન રાખતો હોય કે પૈગમ્બરે ઈસ્લામ લોકોની વાતોને માને.

بِسْمِ اللّٰهِ الرَّحْمَنِ الرَّحِيْمِ

શરૂં કરૂં છું અલ્લાહના નામથી જે મહેરબાન અને દયાળુ છે.

## આયતના જરૂરી પોઈન્ટસ :

• આ સુરો પણ બીજા સુરાઓની જેમ અલ્લાહતઆલાના નામથી શરૂ થયો છે. કારણકે હદીસમાં માસુમ(અલ.)ફરમાવે છે : કોઈ પણ મહત્ત્વનું કામ જે અલ્લાહના નામ વગર શરૂ કરવામાં આવે તે અધુરૂં છે. (બહારૂલ અનવાર, જીલ્દ ૧૬, પેજ ૫૮)

એટલા માટે કે કોઈ પણ કામની શરૂઆતમાં ઈન્સાનને અલ્લાહની વિશાળ રહેમતની જરૂર હોય છે

અને આ જરૂરત بِسْمِ اللهِ الرَّحْمَنِ الرَّحِيْمِ ના મુબારક વાક્યથી પુરી થાય છે.

• કોઈ પણ કામની શરૂઆતમાં (بِسْمِ اللّٰه) કહેવું અલ્લાહતઆલા પર ઈમાનની નિશાની, અલ્લાહ માટેનો પ્રેમ, અલ્લાહની યાદ, અલ્લાહ પર તવક્કુલ અને ભરોસો અને આપણા કામોને ઈલાહી રંગ અને દિશા આપવાની છે.

# આયત નં.૧

يَا اَيُّهَا الَّذِيْنَ آمَنُوْا لاَ تُقَدِّمُوْا بَيْنَ يَدَيِ اللّٰهِ وَ رَسُوْلِهٖ وَا تَّقُوْا اللّٰهَ اِنَّ اللّٰهَ سَمِيْعٌ عَلِيْمٌ

અય ઈમાન લાવનારાઓ ! અલ્લાહ અને તેના રસુલના હુકમથી આગળ ન વધો અને તકવા ઈખ્તીયાર કરો. બેશક, અલ્લાહ સાંભળનાર અને જાણનાર છે.

## આયતના જરૂરી પોઈન્ટસ :

• આ આયત ઈન્સાનને ઘણી બધી ભૂલોથી બચાવે છે. કારણકે ઈન્સાન અમુક વખત સમાજના મોટા ભાગના લોકો જે વિચારો પસંદ કરે છે તેનો અસર લઈને તેમની ઈચ્છા પ્રમાણે અમલ કરે છે. (દાખલા તરીકે, જો સમાજના મોટા ભાગના લોકો લગ્ન જેવા

પ્રસંગમાં વધારે પૈસો ખર્ચ કરવામાં પોતાની મહાનતા સમજતા હોય તો એક સામાન્ય માણસ પણ એમના આ વિચારોનો અસર લઈને તે પ્રમાણે અમલ કરે છે.) દુનિયાની જાહેરી અને માદ્દી વસ્તુઓની ચમકદમક તરફ ખેંચાય છે. પોતાના વહેમ અને ગુમાન પર અમલ કરવો, મોડર્ન વિચારો અને દીકરા દીકરીના નવા નવા નામ રાખવા, નવા રીત રિવાજો બનાવવા, ઈન્સાનની ઈચ્છા, જોશ, જઝબાત અને ઉતાવળિયો નિર્ણય, આઝાદીવાળા વિચારો વગેરે ઈન્સાનને ઘણી બધી વસ્તુઓ બોલવા, લખવા અને એવા કામો કરવા પર મજબૂર કરે છે કે ઈન્સાન અજાણતા ખુદા અને તેના રસુલના હુકમથી આગળ વધી જાય છે.

દાખલા તરીકે ઈબાદતનો વહેમ, (એટલે ઈન્સાન એવા ખ્યાલમાં હોય છે હું બહુ જ મોટો

ઈબાદતગુઝાર છું.) કાનૂનના પાબંદ હોવાનો વહેમ, ઝોહદ અને સાદગીવાળી ઝીંદગી હોવાનો વહેમ, (એટલે એવા ખયાલોમાં હોય કે પોતે ઘણો જ મઝહબી અને દુનિયાથી દૂર છે.) આ બધી વસ્તુઓએ અમુક ઈન્સાનોને મજબૂર કર્યા કે અલ્લાહ અને તેના રસુલના હુકમથી આગળ વધી જાય અને ફારસીની એક મશહૂર કહેવત પ્રમાણે 'શાક કરતા વાટકો વધારે ગરમ થઈ જાય' (કાસે દાગતર અઝ આશ બાશદ) અને આપણી ગુજરાતી કહેવત પ્રમાણે 'દાળ કરતા ચમચો વધારે ગરમ થઈ જાય'

• આ આયત ચાહે છે કે ઈન્સાનોની ફરીશ્તા જેવી તરબીયત કરે. કારણકે કુરઆને શરીફ ફરીશ્તાઓ વિશે ફરમાવે છે :(لاَ يَسْبِقُوْنَهُ بِالْقَوْلِ وَ هُمْ بِاَمْرِهِ يَعْمَلُوْن)

ફરીશ્તાઓ અલ્લાહની વાતથી આગળ નથી વધતા અને ફક્ત તેના હુકમ પ્રમાણે અમલ કરે છે.

(સુરએ અમ્બિયા, ૨૭)

(એટલે કે ઈન્સાન પણ અલ્લાહ અને રસુલના હુકમથી આગળ ન વધે અને અલ્લાહ અને રસુલ જે કહે એ પ્રમાણે અમલ કરે.)

• કુરઆને શરીફ અલ્લાહ અને તેના રસુલથી કઈ કઈ વસ્તુઓમાં અને કયા કયા કામોમાં અગળ ન વધવું જોઈએ તે બયાન ન કરીને આપણને સમજાવ્યું છે કે ઝીંદગીના કોઈ પણ મેદાનમાં ચાહે તે અકીદો હોય કે ઈલ્મ, રાજકીય અને પોલીટીક બાબત હોય કે આર્ડથક બાબત હોય કે પછી અખ્લાકી બાબત હોય દરેક ક્ષેત્રમાં ઈન્સાન અલ્લાહ અને તેના રસુલથી આગળ ન વધે.

• અમુક લોકોએ રસુલે ખુદા(સલ.)ની પાસે માંગણી કરી કે પોતાને 'મકતુઉન્નસલ' એટલે કે 'નામર્દ' બનાવી દે જેથી એ લોકોને ઓરતની કોઈ ઈચ્છા જ ન રહે અને સંપૂર્ણ રીતે ઈસ્લામની ખીદમતમાં લાગી જાય. હઝરતે આ લોકોને આવા ખરાબ કામ કરવાની મનાઈ કરી.

• જે લોકો પણ અલ્લાહ અને તેના રસુલ(સલ.)ના હુકમથી આગળ વધે છે તેઓ એક સમાજની વ્યવસ્થામાં ખલેલ અને વિક્ષેપ પેદા કરે છે અને સમાજના કાનૂનને વેરવિખેર કરી નાખે છે. હકીકતમાં આ લોકો કાએનાતના નિઝામને, કાએનાતના કાનુનને પોતાની ઈચ્છાઓનું રમકડુ બનાવે છે.


amillibrary.com

## આયતમાંથી મળતા જરૂરી દર્સ :

૧. કોઈ પણ વાત કહેતા પહેલા જરૂરી છે કે સામેવાળા માણસને તે વાત કબૂલ કરવા માટે માનસિક રીતે તૈયાર કરવામાં આવે. (يَا اَيُّهَا الَّذِيْنَ آمَنُوْا એટલે અય ઈમાન લાવનારાઓ) અય લોકો જે ઈમાન લાવ્યા છો.

આ વાક્ય મુખાતબને, જેની સાથે વાત કરવામાં આવે તેને એક જાતની શખ્સીયત અને માન આપે છે જેના કારણે તેના દીલમાં અલ્લાહની મોહબ્બત પેદા થાય છે અને આ જ મોહબ્બત તેને અલ્લાહના અહકામ પર અમલ કરવા માટે તૈયાર કરે છે.

૨. અલ્લાહ અને તેના રસુલથી આગળ ન વધવાનો હુકમ એક જાતનો અદબ અને શીસ્તનો, ડીસીપ્લીનનો હુકમ છે. આ આયત પોતે પણ તેના મુખાતબને એક ખાસ અદબ અને એહતરામની

સાથે બોલાવે છે. يَا اَيُّهَا الَّذِيْنَ آمَنُوْا (એટલે અય ઈમાન લાવનારાઓ.)

ઈન્સાનની પોતાની અમુક ખાસ રીતો, સામાજીક આદતો અને રીતરીવાજો અને ઈન્સાનના બનાવેલા અમુક કાયદા કાનૂન કે જેનો કુરઆન અને હદીસ સાથે કોઈ સંબંધ નથી તેમજ અકલ અને ફીતરત પણ કબૂલ નથી કરતી આવા ખોટા રીતરીવાજો પણ એક રીતે અલ્લાહ અને તેના રસુલ(સલ.)થી આગળ વધી જવું છે. કુરઆને કરીમ ફરમાવે છે : (لاَ تُقَدِّمُوْا)

૩. અલ્લાહતઆલાની કોઈ પણ હલાલ નેઅમતોને હરામ કરવી અને હરામને હલાલ કરવી અલ્લાહ અને તેના રસુલથી આગળ વધી જવું છે. (لاَ تُقَدِّمُوْا)

૪. કોઈ પણ પ્રકારની બીદઅત, અતિશયોક્તિ એટલે કે કોઈ પણ વસ્તુમાં હદથી આગળ વધી

 amillibrary.com

જવું, કોઈના ખોટા વખાણ કરવા, ખોટી ટીકા કરવી વગેરે અલ્લાહ અને તેના રસુલના હુકમથી આગળ વધી જવું છે. (لَاتُقَدِّمُوْا) અલ્લાહ અને તેના રસુલથી આગળ ન વધો.

૫. આપણી ફીકહ અને આપણો અમલ બંને કુરઆન અને રસુલે ખુદા(સલ.)ની સુન્નત પ્રમાણે હોવા જોઈએ. (لاَ تُقَدِّمُوْا بَيْنَ يَدَيِ اللهِ وَ رَسُوْلِهِ)

૬. અલ્લાહ અને તેના રસુલથી આગળ વધી જવું તકવા ન હોવાની નિશાની છે. કારણકે આ આયતમાં ફરમાવે છે : અલ્લાહ અને તેના રસુલના હુકમથી આગળ ન વધો અને તકવા રાખો. ( لاَ تُقَدِمُوا.... وَاتَّقُوْا)

૭. દરેક પ્રકારની આઝાદી અને પ્રગતિ મહત્ત્વ નથી ધરાવતી. કારણકે અલ્લાહતઆલા ફરમાવે છે

:(لاَ تُقَدِّمُوْا) તમે અલ્લાહ અને તેના રસુલના હુકમથી આગળ ન વધો.

(ઘણી વખત આઝાદી અને પ્રગતિના નામે ઈન્સાન અલ્લાહ અને તેના રસુલના હુકમથી આગળ વધી જાય છે અને આવી પ્રગતિ અને આઝાદી ઈન્સાનને નુકસાન પહોંચાડે છે.)

૮. દીનની કોઈ પણ જવાબદારીને અદા કરવા માટે બે મોટી તાકાત અને શકિતની જરૂર છે. એક ઈમાન અને બીજું તકવા. (આ આયતમાં પણ આ બંને તાકાત તરફ ઈશારો કરવામાં આવ્યો છે. آمَنُوْا નો શબ્દ પણ આવ્યો છે અને وَاتَّقُوْا નો શબ્દ પણ આવ્યો છે. (يَآ اَيُّهاَ الَّذِيْنَ آمَنُوْا....وَاتَّقُوْا) અય લોકો જે ઈમાન લાવ્યા છો .....મુત્તકી બનો. જેમની પાસે ઈમાન અને તકવા હશે તેઓ જ અલ્લાહતઆલાની આપેલી જવાબદારીઓને અદા કરી શકશે.)


amillibrary.com

૯. એ વસ્તુઓ જે એક વાક્યને ખૂબસુરત અને સુંદર બનાવે છે તે એ છે કે અમ્ર બીલ મઅરૂફ અને નહ્ય અનીલ મુનકર બંને સાથે હોય.

આ આયતમાં નહ્ય અનીલ મુનકર પણ બયાન થયું છે. ( لاَ تُقَدِّمُوْا અલ્લાહ અને તેના રસુલના હુકમથી આગળ ન વધો અને અમ્ર બીલ મઅરૂફ પણ આવ્યું છે. (وَاتَّقُوْا) પરહેઝગાર બનો.)

૧૦. રસુલનો હુકમ એ જ અલ્લાહનો હુકમ છે. તેમનું અપમાન અલ્લાહનું અપમાન છે અને અલ્લાહ અને તેના રસુલ બંનેના હુકમથી આગળ વધી જવાની મનાઈ છે. (لاَ تُقَدِّمُوْا بَيْنَ يَدَيِ اللهِ وَ رَسُوْلِهِ)

૧૧. કોઈ પણ અમલ દીલની પાકીઝગી અને તકવા સાથે હોવો જરૂરી છે. (لاَ تُقَدِّمُوْا ...... وَاتَّقُوْا اللّٰهَ)

૧૨. જે લોકો પોતાની ખાસ પસંદ અને રીતભાત અથવા બીજી વસ્તુઓના કારણે અલ્લાહ અને

રસુલના હુકમથી આગળ વધી જાય છે. તેમની પાસે ન ઈમાન ન તકવા. ( يَا اَيُّهَا الَّذِيْنَ آمَنُوْا لاَ تُقَدِّمُوْا...... وَاتَّقُوْا اللّٰه)

અલ્લાહ અને તેના રસુલથી આગળ વધી જવાના નમૂના :

• અલ્લાહ અને રસુલથી આગળ વધી જવાના તારીખના, ઈતિહાસના અમુક નમૂના જે તફસીર અને રિવાયતોમાં બાયાન કરવામાં આવ્યા છે તેના વિશે જાણીએ.

૧. બકરી ઈદના દિવસે અમુક લોકોએ પૈગમ્બર(સલ.)પહેલા કુરબાની કરી નાખી. તેમને કહેવામાં આવ્યું: (لاَ تُقَدِّمُوا بَيْنَ يَدَيِ اللّٰهِ وَ رَسُولِهِ) (અલ્લાહ અને તેના રસુલના હુકમની આગળ ન વધો. (તફસીરે કશ્શાફ, જીલ્દ ૪, પેજ ૩૫૦)


amillibrary.com

૨. માહે રમઝાનનો ચાંદ દેખાય તે પહેલા અમુક લોકોએ રોઝા રાખ્યા. તેમને કહેવામાં આવ્યું : ( لَا تُقَدِّمُوا بَيْنَ يَدَيِ اللهِ وَ رَسُولِهِ) (અલ્લાહ અને તેના રસુલના હુકમની આગળ ન વધો.

૩. પૈગમ્બરે ઈસ્લામ રસુલે ખુદા(સલ.)એ અમુક લોકોને દીનની તબ્લીગ માટે કાફીરો પાસે મોકલ્યા. કાફીરોએ પૈગમ્બરે ઈસ્લામના મોકલાવેલા મુબલ્લીગોને મારી નાખ્યા. પરંતુ તેમાંથી ત્રણ જણા ભાગી છૂટ્યા. આ ત્રણ દીનની તબ્લીગ કરનારા કે જેઓ દુશ્મનથી બચીને ભાગી છૂટ્યા હતા રસ્તામાં આ જ કાફીર કબીલાના એટલે કે (બની આમીર કબીલાના) બે માણસોને જોયા અને પોતાના શહીદ દોસ્તોના ખૂનનો બદલો લેવા માટે તે બંને માણસોને મારી નાખ્યા.જ્યારે કે આ બંને માણસોનો કોઈ જ વાંક ન હતો. તેઓ બેગુનાહ હતા. કુરઆને

કરીમ તેમના આ અમલના કારણે ઠપકો આપે છે કે શા માટે પૈગમ્બરના હુકમ વગર તમે એ બંને બેગુનાહ માણસોને મારી નાખ્યા? (لاَ تُقَدِّمُوا بَيْنَ يَدَيِ اللّٰهِ وَ رَسُولِهِ) (તફસીરે કશ્શાફ, જીલ્દ ૪, પેજ ૩૫૦)

૪. માસુમ(અલ.)એ એક માણસને ફરમાવ્યું કે આ દુઆ પઢ :

(يَا مُقَلِّبَ الْقُلُوبِ) યા મુકલ્લીબલ કુલુબ એટલે અય દીલોને પલટાવનાર) જે માણસે આ દુઆ સાંભળી તેણે આ રીતે કહ્યું : (يَا مُقَلِّبَ الْقُلُوبِ والأَبْصَار) યા મુકલ્લીબલ કુલુબી વલ અબ્સાર એટલે અય દીલો અને નજરોને પલટાવનાર) ઈમામ(અલ.)એ ફરમાવ્યું કે હું આ દુઆમાં (أَبْصَار) નો શબ્દ બોલ્યો ન હતો. (એટલે કે તમે શા માટે તમારા તરફથી દુઆના શબ્દોમાં વધઘટ કરો છો?) કુરઆને કરીમ ફરમાવે છે : અલ્લાહ અને તેના

રસુલના હુકમથી આગળ ન વધો. ( لاَ تُقَدِّمُوا بَيْنَ يَدَيِ اللهِ وَ رَسُولِهِ)

(કમાલુદ્દીન સદુક, પેજ ૨૦૧)

બની તમીમની કૌમે રસુલે ખુદા(સલ.)ની પાસે તેમની કૌમ માટે એક લીડરની, એક સરદારની માંગણી કરી. હજી પૈગમ્બરે ઈસ્લામ કોઈ જવાબ આપે તે પહેલા અમુક સહાબીઓએ પોતાના તરફથી સરદાર તરીકે અમુક માણસોના નામ રજૂ કર્યા અને રસુલ અકરમ(સલ.)ની સામે જોર જોરથી ઝઘડો કરવા લાગ્યા કે મેં જે માણસનું નામ આપ્યું છે એ વધારે સારો છે. બીજો કહે છે કે મેં જેના માટે કહ્યું છે એ વધારે સારો છે. ત્યારે આ આયત નાઝીલ થઈ لاَ تُقَدِّمُوا بَيْنَ يَدَيِ اللهِ وَ رَسُولِهِ.....وَلاَ تَرْفَعُوْا أَصْوَاتَكُمْ) તમે અલ્લાહ અને રસુલથી આગળ ન

વધો અને તમારી અવાજને રસુલની અવાજથી બુલંદ ન કરો. )

(સહીહ બુખારી, જીલ્દ ૩, પેજ ૧૨૩)

૬. ઈમામ(અલ.)એ એક માણસને દુઆ શીખવાડી અને ફરમાવ્યું કે આ દુઆ પઢ. (لا اله الا اللّٰه......) અહીં સુધી ફરમાવ્યું : (يُحْيِي وَ يُمِيْت) દુઆ સાંભળનારે દુઆમાં પોતાના તરફથી આ વાક્ય (وَ يُمِيْتُ وَ يُحْيِي) વધારી દીધું. ઈમામે ફરમાવ્યું : તારૂં વાક્ય સાચું છે. પણ જે હું કહું છું તે બોલ. ત્યાર પછી ઈમામે તેની સામે આ આયતની તિલાવત ફરમાવી. (لاَ تُقَدِّمُوا بَيْنَ يَدَيِ اللهِ وَ رَسُولِهِ)

(ખીસાલે સદુક, જીલ્દ ૨, પેજ ૬૨, ખિસાલે સુદૂક, જિ. ૨, પેજ ૬૨)

૭. રસુલે ખુદા(સલ.)ના અમુક સહાબીઓએ જમવાનું, સૂવાનું અને તેમની પત્ની સાથેના


amillibrary.com

સંબંધોને પોતાના પર હરામ કરી દીધા. પૈગમ્બરે ઈસ્લામને જ્યારે આ વાતની જાણ થઈ ત્યારે તેઓ ઘણા જ નારાજ થયા અને મીમ્બર પર જઈને ફરમાવ્યું : હું પોતે ખાઉં છું, સૂવું છું અને મારી પત્ની સાથે જીવન જીવું છું. ઝીંદગી જીવવાની મારી સુન્નત આ છે.

(فَمَنْ رَغِبَ عَنْ سُنَّتِي فَلَيْسَ مِنِّي) જે કોઈ મારી સુન્નત પ્રમાણે અમલ ન કરે તે અમારામાંથી નથી.

(વસાએલુશ્શીયા, જીલ્દ ૨૩, પેજ ૨૪૪)

૮. રસુલે ખુદા(સલ.)એ મુતાઅને ઈસ્લામી કાનુન પ્રમાણે હલાલ કર્યો હતો. બીજા ખલીફાએ કહ્યું : હું મુતાઅને હરામ કરું છું. આ પણ રસુલે ખુદા(સલ.)ના હુકમથી આગળ વધી જવું છે. જેની આ આયતમાં મનાઈ કરવામાં આવી છે. ( لاَ تُقَدِّمُوا بَيْنَ يَدَيِ اللهِ وَ رَسُولِهِ)

 amillibrary.com

૯. હીજરતના આઠમાં વર્ષે રસુલે ખુદા(સલ.)એ લોકોની સાથે મક્કાને ફતહ કરવા માટે મદીનાથી સફર શરૂ કર્યો. અમુક મુસલમાનોએ સફરમાં રોઝો રાખ્યો અને તેને છોડયો પણ નહી. (જ્યારે કે તેઓ જાણતા હતા કે મુસાફર માટે રોઝો નથી અને જોયું કે પૈગમ્બરે ઈસ્લામે રોઝો છોડી નાખ્યો છે.) આ તે લોકો છે જેઓ રસુલે ખુદા(સલ.)થી આગળ વધી ગયા. (لاَ تُقَدِّمُوا بَيْنَ يَدَيِ اللهِ وَ رَسُولِهِ)

૧૦. ઈસ્લામથી પહેલાના દીનમાં પણ આ પ્રકારના ખુદાના હુકમથી આગળ વધી જવાના નમૂના જોવા મળે છે. દાખલા તરીકે, હઝરત મસીહ(અલ.) જ. મરયમ(સલા.)ના ફરઝંદ તથા ખુદાના બંદા હતા. લોકોએ તેમને ખુદાનો દરજ્જો આપી દીધો કે કુરઆને શરીફે તેમને દીનમાં ગુલુવ્વ(હદથી આગળ


amillibrary.com

વધી જવું) કરવાથી રોક્યા કે ઈસા(અલ.)ને ખુદા માનીને દીનમાં ગુલુવ્વ ન કરો.

અલ્લાહ અને તેના રસુલથી આગળ વધી જવાના તારીખના અમુક નમૂના જોયા. હવે આપણે એ નમૂનાઓને જોઈએ જેમાં અમુક લોકો ખુદા અને તેના રસુલથી પાછળ રહી ગયા.

## અલ્લાહ અને તેના રસુલના હુકમથી પાછળ રહી જવાના નમૂના :

જેવી રીતે અલ્લાહ અને તેના રસુલના હુકમથી આગળ વધી જવાની મનાઈ કરવામાં આવી છે એવી જ રીતે તેમના હુકમથી પાછળ રહી જવાની પણ મનાઈ કરવામાં આવી છે. જ્યારે અલ્લાહ અને તેના રસુલ તથા તેમના સાચા જાનશીનો એટલે કે માસુમ ઈમામો લોકોને કોઈ કામ માટે દાવત આપે

ત્યારે ઝડપથી, આગળ વધીને, સમજીને, શોખ અને ઉત્સાહ સાથે તેમની દાવત પર લબ્બ્ૈક કહેવું જોઈએ. જે લોકો આ હુકમની ઈતાઅત કરવામાં બોજ અને ભારનો એહસાસ કરે છે આવા લોકોની કુરઆને શરીફની અમુક આયતોમાં સખત શબ્દોમાં ટીકા કરવામાં આવી છે.

(اِثَّاقَلْتُمْ اِلَي الاَرْض શું તમે જમીન પર ચોટી ગયા છો?) (સુરએ તૌબા, ૩૮) એટલે કે આ દુનિયા તમને એટલી બધી ગમી ગઈ છે કે રસુલના હુકમ પર લબ્બ્ૈક નથી કહેતા? આ વિશે આપણે અમુક નમૂનાઓ જોઈએ.

- રસુલે ખુદા(સલ.) તેમની વફાતના સમયે કોઈ એક જગ્યાના બચાવ માટે લશ્કર ભેગું કર્યું. જેના સેનાપતિ તરીકે 'ઓસામા' નામના જુવાનને નક્કી કર્યો અને ફરમાવ્યું : અલ્લાહ લઅનત કરે તેના

પર જે ઓસામાના લશ્કરની સાથે ન જાય અને તેની વાત ન માને. પરંતુ તેમ છતાં અમુક લોકોએ પૈગમ્બરે ઈસ્લામના હુકમની ઈતાઅત ન કરી અને ઓસામાના લશ્કરની સાથે ન ગયા.

- જે લોકોએ રસુલુલ્લાહ(સલ.)નો હુકમ ન માન્યો અને જંગમાં ન ગયા. એટલું જ નહીં, જંગમાં ન જઈને ખુશ હતા. કુરઆને શરીફની આયતોમાં તેમની સખત શબ્દોમાં ટીકા કરવામાં આવી છે. કુરઆને શરીફ ફરમાવે છે :

(فَرِحَ الْمُخَلَّفُوْنَ بِمَقْعَدِهِمْ خِلاَفَ رَسُوْلِ اللّٰه) (જંગે તબુકમાં) પાછળ રહી જનારાઓ રસુલે ખુદાના હુકમથી મુખાલેફત કરીને બેસી રહેવાથી ખુશ થયા.(જંગમાં ન જઈને ખુશ હતા.) (સુરએ તૌબા, ૮૧)

- જંગે ઓહદમાં પહેલા જ હુમલામાં મુસલમાનોની જીત થઈ. પરંતુ રસુલે ખુદા(સલ.)એ ૫૦ માણસોને

 amillibrary.com

ઓહદના પહાડની તીરાડમાં હીફાઝત કરવાનો અને ધ્યાન રાખવાનો હુકમ આપ્યો હતો. તેમ છતાં ગનીમતનો માલ મેળવવાની લાલચમાં તેઓ પૈગમ્બરે ઈસ્લામના હુકમની મુખાલેફત કરીને તેમણે તેમની નક્કી કરવામાં આવેલી જગ્યા છોડી દીધી. જેના કારણે મુસલમાનોની હાર થઈ અને હઝરત હમઝા(પૈગમ્બરે ઈસ્લામના કાકા) તથા આપના અમુક વફાદાર દોસ્તોની શહાદત પણ થઈ. કુરઆને કરીમ જંગે ઓહદની હારનું કારણ ત્રણ શબ્દોમાં બયાન કરે છે: આળસ, સુસ્તી અને આપસના, પરસ્પરના ઝઘડા અને રસુલે ખુદા(સલ.)ના હુકમની મુખાલેફત. حتي اِذاَ فَشِيلْتُمْ وَ تَنَازَعْتُمْ في الاَمْرِ وَ عَصَيْتُمْ એટલે સુધી કે તમે કમજોરી દેખાડી અને આપસમાં ઝઘડવા લાગ્યા અને

 amillibrary.com

નાફરમાની કરીને તે સમયે કે જ્યારે અલ્લાહે તમને તમારી મનપસંદ વસ્તુ એટલે કે જીત દેખાડી.)
(સુરએ આલે ઈમરાન, ૧૫૨)

* નહજુલ બલાગાહમાં મૌલા અલી(અલ.)એ કેટલીય વખત પથ્થરદીલ, ડરપોક અને આળસુ માણસોની ઘણા સખત શબ્દોમાં ટીકા કરી છે.અલી(અલ.) ફરમાવે છે : તમે રૂહ વગરની લાશ છો ! તમારી પાસે મર્દનો ચહેરો છે પણ મર્દાનગી નથી ! અને આ પ્રકારના બીજા વાક્યો પણ કહ્યા છે.

એટલા જ માટે કુરઆને શરીફ આપણી પાસેથી જે ચાહે છે તે એ છે કે ન તો આપણે અલ્લાહ અને તેના રસુલના હુકમથી પાછળ રહીએ અને ન તો આપણે તેમના હુકમથી આગળ વધીએ. બલકે તેમની સાથે રહીએ. તેમના વિચારોની સાથે સહમત

 amillibrary.com

થઈએ અને તેમનો સાથ આપીએ. કુરઆને કરીમ ફરમાવે છે : (وَالَّذِيْنَ مَعَهُمْ.....એટલે જે લોકો તેમની સાથે છે.)

## તકવા વિશે જરૂરી ચર્ચા :

• સુરએ હુજુરાતની આ આયતમાં (وَاتَّقُوْا اللّٰهَ મુત્તકી, પરહેઝગાર બનો)નું વાક્ય બયાન કરવામાં આવ્યું હોવાથી તકવા વિશે આપણે થોડીક ચર્ચા કરીએ :

૧. અલ્લાહતઆલા તરફથી આપવામાં આવેલા અહકામનો મકસદ એ છે કે ઈન્સાનના દીલમાં તકવા અને પરહેઝગારી આવે. દાખલા તરીકે કુરઆને કરીમ ફરમાવે છે : પરવરદીગારની ઈબાદત કરો કદાચ તમારામાં તકવા આવે.(સુરએ બકરાહ, ૨૧) અને બીજી એક આયતમાં ફરમાવે છે : તમારા પર અને તમારા પહેલાની ઉમ્મત પર

રોઝા વાજીબ કરવામાં આવ્યા. કદાચ તમે તકવાવાળા બનો.(સુરએ બકરાહ, ૧૮૩)

૨. તકવા, હીદાયત કબૂલ કરવાનો વસીલો છે. (هُدًى لِلْمُتَّقِيْنَ) (સુરએ બકરાહ,૨)

૩. જેમની પાસે તકવા છે અલ્લાહતઆલા તેમને ઈલ્મ આપે છે. (وَ اتَّقُوْا اللهَ وَ يُعَلِّمَكُمُ اللّٰه) (સુરએ બકરાહ, ૨૮૨)

૪. તકવા, અલ્લાહની રહેમત હાસીલ કરવાનો ઝરીયો અને વસીલો છે. (اِتَّقُوْا لَعَلَّكُمْ تُرْحَمُوْنَ) (સુરએ અન્આમ, ૧૫૫)

૫. તકવા અમલ કબૂલ થવાનો વસીલો છે. આપણે કુરઆને શરીફમાં પડીએ છીએ કે અલ્લાહતઆલા ફક્ત મુત્તકીનના અમલને જ કબૂલ કરે છે. اِنَّمَا يَتَقَبَّلَ اللهُ مِنَ الْمُتَّقِيْنَ (સૂરએ માએદહ - ૨૭)

૬. તકવા એવી જગ્યાએથી રોઝી મેળવવાનો ઝરીયો છે કે જ્યાંથી રોઝી મળવાનું ઈન્સાનને ગુમાન પણ ન હોય. (وَ يَرْزُقْهُ مِنْ حَيْثُ لاَ يَحْتَسِبَ) (સુરએ તલાક, ૩)

૭. અલ્લાહતઆલાએ મુત્તકીનને વાયદો આપ્યો છે કે તે ક્યારેય પણ તેમને મુશ્કેલીઓમાં એકલા નહીં મૂકે. (وَ مَنْ يَتَّقِ اللهِ يَجْعَلْ لَهُ مَخْرَجاً) જે પણ તકવાવાળો બનશે અલ્લાહ તઆલા તેના માટે બચાવનો રસ્તો તૈયાર કરશે. (સુરએ તલાક, ૨)

૮. અલ્લાહતઆલા મુત્તકી લોકોને પોતાની ગૈબી મદદ પહોંચાડે છે. (اِعْلَمُوْا اَنَّ اللهِ مَعَ الْمُتَّقِيْنَ) (સુરએ તૌબા, ૩૭,૧૨૩)

૯. તકવા કયામતની મુશ્કેલીઓથી બચવાનો તથા સારો નતીજો અને કામયાબી મેળવવાનો ઝરીઓ

 amillibrary.com

છે. (وَالْعَاقِبَةُ لِلْمُتَّقِيْنَ સારો અંત મુત્તકીઓ માટે છે.) (સૂ. મરયમ-૮૩, સૂ. અઅરાફ-૧૨૮)

તકવા પર અસર કરનાર પરિબળો,વસ્તુઓ

• તકવાથી ઈન્સાનને તેની જીંદગીમાં કેટલી બરકતો અને ફાયદા હાસીલ થાય છે તે જાણ્યા પછી હવે આપણે કઈ વસ્તુઓની મદદથી તકવા હાસીલ કરી શકીએ છીએ તેના વિશે ટૂંકમાં ચર્ચા કરીએ.

૧. અલ્લાહ અને કયામત પર ઈમાન ઈન્સાનને ગુનાહોથી બચાવે છે. જેટલું ઈમાન મજબૂત હશે એટલો જ તકવા પણ વધારે હશે.

૨. અમ્ર બીલ મઅરૂફ અને નહ્ય અનીલ મુનકર એટલે કે લોકોને નેકીનો હુકમ આપવો અને બૂરાઈઓથી રોકવા સમાજમાં તકવાને વધારે છે.

૩. દરેક કુટુંબની ઈસ્લામી તરબીયત

૪. હલાલ રોઝી

૫. સમાજના હોદ્દેદારોના અખ્લાક અને તેમનો વર્તાવ (કારણકે તેમનું કામ, તેમના અખ્લાક જોઈને પણ લોકો સારો કે ખરાબ દર્સ લેતા હોય છે. દાખલા તરીકે, જો એક પ્રમુખ પોતે સાદગીવાળી ઝીંદગી જીવતા હશે, ગુનાહોથી બચતા હશે તો લોકો પણ તેમને જોઈને દર્સ લેશે. તેનાથી વિરૂદ્ધ પણ શક્ય છે.)

૬. દોસ્તો (જેમકે પતિ, પત્ની, પડોશી, દુકાનમાં, ઓફીસમાં સાથે કામ કરનાર માણસો વગેરે. જો આ લોકો નેક અને તકવાવાળા હશે તો તેમનો અસર પણ જરૂર એકબીજા પર પડશે.)

૭. ઈન્સાનનો વ્યવસાય, ધંધો, કામકાજ વગેરે. (ઈન્સાન સારું કામ શોધે અને ઈમાનદારીથી કામ કરે તો તે પણ તકવા પર અસર કરે છે.)

૮. તકવાવાળા ઈન્સાનો સાથે દોસ્તી કરવી. આ બધી વસ્તુઓ છે જે ઈન્સાનના તકવા પર ખૂબ જ અસર કરે છે.

સવાલ

## શું "તકવા" એક જાતનું ઈન્સાન માટે બંધન કે કેદ છે ?

અમુક લોકો એમ વિચારે છે કે તકવા એક જાતનું બંધન અને કેદખાનું છે. (દાખલા તરીકે જો એક ઓરત એમ સમજે કે હીજાબ તેના માટે બંધન છે.) પરંતુ હકીકતમાં તકવા ઈન્સાનની હીફાઝત કરનાર મોહકમ અને મજબૂત કીલ્લો છે.

કેદખાનું અને કીલ્લા વચ્ચે તફાવત એ છે કે કેદખાનાના દરવાજાને બહારથી બંધ કરવામાં આવે છે અને બહારથી મોટું તાળું લગાવવામાં આવે

છે.ઈન્સાનને તેમાં જબરદસ્તી રાખવામાં આવે છે જે ઈન્સાનની આઝાદીને છીનવી લે છે. પરંતુ કીલ્લાને ઈન્સાન પોતે પસંદ કરે છે અને પોતે જ અંદરથી કીલ્લાને બંધ કરે છે. જેથી બહારના જાતજાતના ખતરા અને દુશ્મનોથી પોતાને બચાવી શકે.

તમે પોતે વિચારો કે આપણે બધા પગમાં ચંપલ કે બૂટ પહેરીએ છીએ. શું આ રીતે આપણે આપણા પગને કેદ કરી દઈએ છીએ ? તેની આઝાદીને છીનવી લઈએ છીએ કે પછી તેને નુકસાનથી બચાવીએ છીએ ? તેનો મતલબ એમ કે દરેક આઝાદી સારી નથી અને દરેક બંધન ખરાબ નથી. જેવી રીતે દરેક જાતની પ્રગતિ અને વિકાસ સારો નથી. કારણ કે કેન્સરના જંતુઓ પણ ક્યારેક શરીરમાં વધે છે. શું આ વધારાને, પ્રગતિને આપણે સારી કહીશું ?


amillibrary.com

જેવી રીતે દરેક પ્રકારની પ્રગતિ સારી નથી એવી જ રીતે દરેક જાતનું પાછળ ફરવું પણ ખરાબ નથી. દાખલા તરીકે, એ બીમારો જેઓ ડોક્ટર પાસે દવા લેવા માટે જાય છે તેમનો મકસદ પહેલા જેવી તંદુરસ્તી હાસીલ કરવાનો હોય છે. એટલે કે તેઓ તેમની તંદુરસ્તી તરફ પાછા ફરી રહ્યા છે. આ રીતે પાછા ફરવું સારૂં છે. તો એવી જ રીતે તકવા એટલે પોતાની રૂહની સલામતી તથા પાકીઝગી તરફ પાછળ ફરવું.

એ ઔરતો અને દીકરીઓ જેઓ આઝાદીના નામે, પોતાની જાતને ગમે તે રીતે તૈયાર કરીને, બનીઠનીને, જાતજાતના કપડા પહેરીને નામહેરમની સામે આવે છે. થોડીક મિનિટ માટે (ફક્ત થોડીક જ મિનિટ માટે) તેઓ વિચાર કરે ભલે તેઓ મુસલમાન પણ ન હોય! તેમની અક્કલ અને ઈલ્મ


amillibrary.com

તેમને પાકીઝગી, ઈફ્ફત, હયા અને હીજાબ માટે દાવત આપશે. કારણકે હીજાબ ન કરવો અથવા ખરાબ હીજાબ કરવો (એટલે એવો હીજાબ જેમાં ઔરતનું શરીર જાહેર થાય) તેનાથી નીચે જણાવેલા નુકસાન અને ફસાદનું કારણ બને છે.

૧. લોકો તેમને ખરાબ નજરથી જુએ છે અને તેમના માટે ખરાબ ગુમાન કરે છે.

૨. સમાજના ખરાબ માણસો તેમને પોતાની જાળમાં ફસાવવાની કોશીષ કરે છે.

૩. હીજાબ ન હોવાના કારણે કુટુંબ વ્યવસ્થા વેરવિખેર અને બરબાદ થઈ જાય છે.

૪. શહવતમાં ખોટું ઉત્તેજન પેદા થાય છે અને માનસિક સમતોલન ખોરવાઈ જાય છે.

૫. ઔરતોમાં પોતાની જાતને વધારે શણગારવાની અને લોકોની સામે પોતાને વધારે ખૂબસુરત

બતાવવાની ઈચ્છા વધે છે. (જેના કારણે ખોટા અને ઈસરાફ ખર્ચા વધી જાય છે.)

૬. સ્કૂલ અને કોલેજના જુવાનોને તેમના ભણતરમાં નુકસાન થાય છે. તેઓ તેમના વાંચન અને લેસનમાં સરખી રીતે ધ્યાન નથી આપી શકતા.

૭. જેમની પાસે મોંઘા, ફેશનેબલ કપડા અને મેકઅપના સાધનો ખરીદવાની તાકાત ન હોય તેઓ માનસિક રીતે પરેશાન થાય છે.

૮. આર્થિક નુકસાન (કામમાં ધ્યાન આપવાની જગ્યાએ શહવતની પાછળ લાગી જાય છે જેના કારણે આર્ડથક હાલત દિવસે ને દિવસે બગડતી જાય છે.)

૯. એ છોકરીઓ જેઓ પોતાના રૂપ રંગ તરફ ખાસ ધ્યાન નથી આપતી તેઓ દીલથી માયુસ અને ગમગીન થાય છે.


amillibrary.com

૧૦. દીનદાર માબાપની ચિંતામાં વધારો થવો.
૧૧. સમાજના શહવતપરસ્ત માણસોનું ખુશ થવું.
૧૨. ખોટી સ્પર્ધામાં વધારો થવો. દાખલા તરીકે, કોણ વધારે ખૂબસુરત દેખાય છે, કોનો વધારે છોકરાઓ સાથે સંબંધ છે વગેરે.
૧૩. જુવાન ઔલાદનું ઘરથી ભાગી જવું.
૧૪. નાજાએઝ બચ્ચાઓનું પેદા થવું.
૧૫. સેક્સને લગતી બીમારીઓ છૈંDજી વગેરે પેદા થવી
૧૬. માનસિક અને રૂહાની બીમારીમાં વધારો થવો.
૧૭. એબોર્શન, આત્મહત્યા, બીજાને મારી નાખવું, અકસ્માતમાં વધારો થવો વગેરે.

આ બધી જ મુશ્કેલીઓ બેહીજાબી અને તકવા ન હોવાના કારણે છે અને આ બેહીજાબી પણ તકવા ન હોવાની નિશાની છે. એટલા જ માટે કુરઆને

 amillibrary.com

શરીફમાં તકવા પર આટલો બધો ભાર મૂકવામાં આવ્યો છે અને જુમ્આનો ખુત્બો આપનાર ઈમામને પણ કહેવામાં આવ્યું છે કે તે પોતાના બંને ખુત્બામાં લોકોને તકવાની દાવત આપે.

કુરઆને કરીમ પણ થોડા તકવાથી રાઝી નથી. બલકે ફરમાવે છે :

(فَاتَّقُوْا اللہ ماَ اسْتَطَعْتُمْ) જેટલું તમારાથી શક્ય છે એટલા તકવાવાળા બનો. (સુરએ તગાબોન, ૧૬) અને બીજી જગ્યાએ ફરમાવે છે :

(اِتّ ّقُوْا اللہ حَقَّ تُقَاتِہ)

તકવાનો જે હક છે તે પ્રમાણે તકવા રાખો.(સુરએ આલે ઈમરાન,૧૦૨)

જો કે માયુસ અને નાઉમીદ થવાની જરૂર થી. જ્યારે પણ ગુનાહમાં ફસાઈ જઈએ નમાઝ, તૌબા

 amillibrary.com

અને અલ્લાહની મદદથી આપણી જાતને ગુનાહોના કીચડમાંથી નજાત આપી શકીએ છીએ.

# આયત નં. ૨

يَا اَيُّهَا الَّذِيْنَ آمَنُوْا لاَ تَرْفَعُوْا اَصْوَاتَكُمْ فَوْقَ صَوْتِ النَّبِيِّ

وَلاَ تَجْهَرُوْا لَهُ بِالْقَوْلِ كَجَهْرِ بَعْضِكُمْ لِبَعْضٍ

اَنْ تَحْبَطَ اَعْمَالُكُمْ وَاَنْتُمْ لاَ تَشْعُرُوْنَ

અય ઈમાન લાવનારાઓ ! તમારી અવાજને પૈગમ્બરની અવાજથી ઊંચી ન કરો અને જેવી રીતે તમે એકબીજા સાથે મોટા અવાજે વાત કરો છો પૈગમ્બર સાથે એવી રીતે વાત ન કરો. ( આ રીતે પૈગમ્બર સાથે જોરજોરથી વાતો કરવી, તમારા બેઅદબ હોવાની નિશાની છે.) એવું ન બને કે (આ પ્રકારની બેઅદબીથી) તમારા અમલ બરબાદ થઈ જાય અને તમને ખબર પણ ન પડે !



amillibrary.com

## આયતના જરૂરી પોઈન્ટસ :

• આ પહેલાની આયતમાં રસુલે ખુદા(સલ.)ના અમલથી આગળ જવાની મનાઈ કરવામાં આવી હતી અને આ આયતમાં રસુલે ખુદા (સલ.)ની સાથે કેવી રીતે વાતચીત કરવી જોઈએ તેના વિશે બયાન કરવામાં આવ્યું છે અને ફરમાવે છે પૈગમ્બરે ઈસ્લામનો એહતરામ કરો.

સુરએ નૂર આયત નં.૬૩માં પણ સીફારીશ કરવામાં આવી છે કે જેવી રીતે તમે એકબીજાને નામ લઈને બોલાવો છો એવી રીતે પૈગમ્બરનું નામ લઈને ન બોલાવો. બલકે તેમને અદબ અને એહતેરામની સાથે બોલાવો.

• અમલની હીફાઝત કરવી અમલ કરતા પણ વધારે મહત્ત્વનું છે.

૧. અમુક વખત આપણા અમલ શરૂઆતથી જ ખરાબ હોય છે. કારણકે રીયાકારી અને દેખાડો કરવાની નિયતથી શરૂ કરવામાં આવેલા હોય છે.

૨. અમુક વખત અમલ કરતી વખતે ઘમંડ અને ઉજબ (એટલે હું બહુ જ નેક અને સારો ઈન્સાન છું) આવી જાય છે. તેના કારણે અમલ વચ્ચેથી ખરાબ થઈ જાય છે.

૩. અમુક વખત અમલ કરી લીધા પછી આપણા બીજા ખરાબ અમલના કારણે તે નેક અમલ નાબૂદ થઈ જાય છે. એટલા જ માટે કુરઆને શરીફ ફરમાવે છે : જે કોઈ પોતાના અમલને કયામત સુધી લઈને આવે અને તેને જુદી જુદી આફતોથી બચાવે તેને દસ ગણો અજર આપવામાં આવશે. (مَنْ جاَءَ بِالْحَسَنَةِ فَلَهُ عَشْرُ اَمْثَالُهَا) જે માણસ નેક અમલ


amillibrary.com

લઈને આવે (ન કે નેક અમલ કરે) તો તેના માટે દસગણો બદલો છે.)

અલ્લાહતઆલા એમ નથી ફરમાવતો : જે કોઈ સારા અમલ કરશે તેને દસગણો અજર આપવામાં આવશે. કારણકે દુનિયામાં અમલ અંજામ આપવા અને તેને કયામત સુધી સલામતી સાથે પહોંચાડવા આ બંનેમાં ઘણું જ અંતર છે. આ સમય દરમિયાન જો કોઈ તેના અમલની સારી રીતે હીફાઝત કરે તો જ તેને દસગણો અજર આપવામાં આવશે.

રસુલુલ્લાહ(સલ.)એ ફરમાવ્યું : દરેક ઝીકર માટે જન્નતમાં એક ઝાડ ઉગાડવામાં આવે છે. આપની વાત સાંભળીને એક માણસે કહ્યું : તો પછી જન્નતમાં મારા ઘણા બધા ઝાડ થઈ ગયા હશે ? આપે ફરમાવ્યું : હા, પરંતુ અમુક વખત તમે એવા અમલ અને ગુનાહ કરો છો જે આ ઝાડને બાળી

નાખે છે. ત્યારે પૈગમ્બરે ઈસ્લામે આ આયતની તિલાવત ફરમાવી : (مَنْ جاَءَ بِالْحَسَنَةِ فَلَهُ عَشْرُ اَمْثَالُهَا) (બહારૂલ અન્વાર જીલ્દ ૮, પેજ ૧૮૬)

• કુરઆને શરીફ એક જગ્યાએ અમલની તબાહી અને નાબૂદીનું કારણ કુફ્ર અને શીર્ક બયાન કરે છે અને બીજી જગ્યાએ અમલની તબાહીનું કારણ રસુલે ખુદા(સલ.)સાથે બેઅદબીવાળો વર્તાવ બયાન કરે છે. તેના પરથી ખબર પડે છે કે પૈગમ્બરે ઈસ્લામ સાથે ખરાબ વર્તાવ અને બેઅદબી કુફ્ર અને શીર્કના ગુનાહ સમાન છે. કારણકે આ બંને ગુનાહનો નતીજો અમલનું નાબૂદ થઈ જવું છે.

• રસુલે અકરમ(સલ.)ના અમુક સહાબીઓ અજાણતા તેમની સાથે જોરથી વાત કરતા હતા. પૈગમ્બરે ઈસ્લામે પણ તેમની સાથે જોરજોરથી

વાત કરવાનું શરૂ કર્યું. એટલા માટે કે પૈગમ્બરે ઈસ્લામનો અવાજ સહાબીઓ કરતા ઊંચો રહે અને તેમના અમલ બરબાદ ન થઈ જાય. (બહારૂલ અન્વાર જીલ્દ ૯, પેજ ૩૩૨)

• પૈગમ્બરના એક સહાબી જોરથી વાત કરતા હતા. જ્યારે તેમણે સાંભળ્યું કે પૈગમ્બરની ખીદમતમાં મોટા અવાજે બોલવાથી અમલ નાબૂદ થઈ જાય છે તો તેમને ઘણો જ અફસોસ થયો. રસુલુલ્લાહ(સલ.)એ ફરમાવ્યું: તારો બુલંદ અવાજ બીજાને નસીહત કરવા માટે હતો. એટલે તારો જોરથી બોલવાનો મકસદ બીજા કરતા જુદો છે. (તફસીરે મજમઉલ બયાન)

• રસુલે ખુદા(સલ.)ની સામે એક મોમીનનું મોટા અવાજથી વાત કરવી, બૂમો પાડવી તેના અમલની નાબૂદીનું કારણ છે. પરંતુ જે લોકો તેમને ઓળખતા

નથી તેમની વાત જુદી છે. કારણકે કોઈનું અપમાન કરવામાં ઈલ્મ, જાણકારી, અપમાન કરવાની નિયત વગેરે શર્તો રહેલી છે. જ્યારે એક માણસ કોઈનું અપમાન કરે ત્યારે તેને ખબર હોય કે સામેવાળો માણસ કોણ છે, તેનું મકામ શું છે વગેરે. દાખલા તરીકે, આપણે ન્યુઝ પેપરને ઘરના કામકાજ માટે વાપરીએ પરંતુ આપણને ખબર ન હોય કે તેમાં કુરઆને શરીફની આયતો લખેલી છે. કેમકે આપણને ખબર નહોતી અને કુરઆનની આયતનું અપમાન કરવાની નિયત પણ ન હતી તો તેને કુરઆનનું અપમાન ગણવામાં નહીં આવે.

કુરઆને શરીફની આયત ( اَنْ تَحْبِطَ اَعْمَالُكُمْ وَ اَنْتُمْ لاَ تَشْعُرُوْنَ)તમને ખબર ન હોય તેવી રીતે તમારા અમલ નાબૂદ થઈ જાય છે. તેમાં સમજવાનો એક પોઈન્ટ એ છે કે ખરાબ અમલનો અસર આપણા

જાણવા કે ન જાણવાથી સંબંધિત નથી. તમારા ખરાબ અમલનું તમને નુકસાન થવાનું જ છે.

દાખલા તરીકે, જો ઈન્સાન શરાબ પીએ તો જરૂર તેને શરાબનો નશો ચડશે. પછી ભલે તેણે ભૂલથી શરાબને પાણી સમજીને પીધી હોય. જો લાઈટના વાયરને પકડશે તો જરૂર તેને કરંટ લાગશે. ભલે તે એમ વિચારતો હોય કે તેમાં કરંટ નથી. એવી જ રીતે, આપણા અમુક ગુનાહો દુકાળ, પૂર, ધરતીકંપ, ઝીંદગી ઓછી થઈ જવી વગેરેનું કારણ બને છે અને અમુક ગુનાહો આપણને ઝલીલ અને રૂસ્વા કરે છે. પછી ભલે ઈન્સાનને તેના અમલની આવી ખરાબ અસરો થાય છે તેના વિશે તેને ખબર ન હોય ! એટલા જ માટે પૈગમ્બરે ઈસ્લામ(સલ.)ની સાથે બેઅદબી, ખરાબ અખ્લાક આપણા અમલને

નાબૂદ કરી દે છે. ભલે ઈન્સાન પોતે તેની ખરાબ અસરો વિશે ન જાણતો હોય.

## આયતમાંથી મળતા જરૂરી દર્સ :

૧. લોકોને સારા અખ્લાક અને અદબ શીખડાવવા માટે આપણે પોતે પણ તેમને અખ્લાક અને એહતેરામ સાથે બોલાવવા જોઈએ. જેમકે આ આયતમાં અલ્લાહતઆલા પણ લોકોને يَا اَيُّهَا الَّذِيْنَ آمَنُوْا) એટલે અય ઈમાન લાવનારાઓ!) કહીને એહતેરામની સાથે બોલાવે છે.

૨. ઈસ્લામી ઉમ્મતનો રેહબર લોકો પર ખાસ રૂહાની અને મઅનવી હક્કો ધરાવે છે કે તેમના માટે જરૂરી છે કે લીડરના એહતેરામનો ખ્યાલ રાખે. એટલે સુધી કે જ્યારે તેમની સાથે વાત કરતા હોય ત્યારે પોતાનો અવાજ તેમના અવાજ કરતા વધારે ઊંચો ન હોય અને જો રહેબર ખામોશ હોય, ચૂપ

હોય અને આપણે વાતો કરવામાં મશગૂલ હોઈએ તો પણ મોટા અવાજથી વાત ન કરવી જોઈએ.

આ આયતમાં અલ્લાહતઆલા ફરમાવે છે : لاَ تَرْفَعُوْا اَصْواَتَكُمْ فَوْقَ صَوْتِ النَّبِي) તમારી અવાજને રસુલની અવાજ કરતા ઊંચી ન કરો.) કારણકે એક મુસલમાન તરીકે આપણી જવાબદારી છે કે નબુવ્વતના મકામ અને હોદ્દાનું માન રાખીએ.

૩. વડીલો અને બુઝુર્ગોનો એહતેરામ કરવાની નસીહત બીજા માણસની ઝબાનથી વધારે શોભે છે.(આ આયતમાં પૈગમ્બર પોતે નથી ફરમાવતા કે મારી સાથે ઊંચા અવાજે વાત ન કરો. પરંતુ અલ્લાહતઆલા લોકોને સીફારીશ કરે છે કે તમે પૈગમ્બર સાથે ઊંચા અવાજથી વાત ન કરો.) لاَ تَرْفَعُوْا اَصْواَتَكُمْ فَوْقَ صَوْتِ النَّبِي) તમારી અવાજને રસુલ(સલ.)ની અવાજ કરતા ઊંચી ન કરો.)

 amillibrary.com

૪. ઈન્સાનનું મકામ અને મરતબો લોકોના અમલ પર અસર નાખે છે.

(એક મોમીન જો રસુલે અકરમ(સલ.)ની બેઅદબી કરે અને એક સામાન્ય માણસની બેઅદબી કરે તો બંનેમાં તફાવત છે. કારણકે પૈગમ્બરે ઈસ્લામનો એક ખાસ મકામ અને દરજ્જો છે. માટે તેમની બેઅદબીનો ગુનાહ પણ મોટો છે. يَا اَيُّهَا الَّذِين آمَنُوْا اَنْ تَحْبِطَ اَعْمَالُكُمْ.......)અય ઈમાન લાવનારાઓ ! તમે તમારી અવાજ રસુલની અવાજથી ઊંચી ન કરો...નહીં તો તમારા બધા જ અમલ નાબૂદ થઈ જશે.)

૫. અમુક વખત ઈન્સાન અજાણતા પોતાના જ પગો પર કુહાડી મારે છે. اَنْ تَحْبِطَ اَعْمَالَكُمْ وَ اَنْتُمْ لاَ تَشْعُرُوْنَ)તમારા અમલ તબાહ થઈ જાય અને તમને ખબર પણ ન પડે !)

## કેટલાક નમૂના :

૬) રસુલુલ્લાહ(સલ.)એ તેમની વફાતના સમયે કાગળ અને પેનની માંગણી કરી અને ફરમાવ્યું : હું ચાહું છું કે તમારા માટે એવું કાંઈ લખીને જાઉં કે મારા પછી તમે કોઈ દિવસ ગુમરાહ ન થાવ. આ વાત સાંભળીને બીજા ખલીફાએ કહ્યું : પૈગમ્બરની બીમારી ઘણી જ વધી ગઈ છે એટલે તેમની વાતોનું કાંઈ મહત્ત્વ નથી! તમારી પાસે કુરઆન છે એટલે કોઈ પણ જાતના લખાણની જરૂર નથી ! બીજા ખલીફાની આ વાત સાંભળીને ત્યાં હાજર રહેલા લોકોનો અવાજ બુલંદ થયો. હઝરતે ફરમાવ્યું : તમે ઉભા થાવ અને અહીંથી ચાલ્યા જાવ. મારી પાસે બૂમો ન પાડો ! (સહીહ મુસ્લીમ, જીલ્દ 3, પેજ ૧૨૫૯)


amillibrary.com

મરહુમ અલ્લામા સૈયદ શરફુદ્દીન (કીતાબ ‘અલમુરાજેઆત’ના લેખક) ફરમાવે છે : જો કે એ લોકો કાગળ અને પેન ન લાવ્યા અને કાંઈ લખવામાં ન આવ્યું. પરંતુ આપણે ન લખાએલા શબ્દોને પણ વાંચી શકીએ છીએ ! કારણકે પૈગમ્બરે ઈસ્લામે ફરમાવ્યું કે હું એ વસ્તુ લખવા માંગુ છું કે (لَنْ تَضِلُّوْا) કોઈ પણ દિવસે તમે ગુમરાહ નહીં થાવ. થોડું વિચારવાથી ખબર પડે છે કે પૈગમ્બરે ઈસ્લામે ઘણી વખત આ જ (لَنْ تَضِلُّوْا) ના શબ્દને કુરઆન અને અહલેબૈત(અલ.)વિશે બીજી જગ્યાએ પણ બયાન ફરમાવ્યો છે કે હું તમારી પાસે બે કીંમતી વસ્તુ મૂકીને જાઉં છું. જો આ બંનેને મજબૂતીથી પકડી રાખશો તો કોઈ પણ દિવસ ગુમરાહ નહીં થાવ અને આ બે કીંમતી વસ્તુઓ કુરઆન અને મારા એહલેબૈત(અલ.) છે. માટે (لَنْ تَضِلُّوْا) નો શબ્દ

અનેક વખત કુરઆન અને અહલેબૈત(અલ.) માટે વાપરવામાં આવ્યો છે. અહીં પણ જ્યારે આપે ફરમાવ્યું કે મને કલમ અને કાગળ આપો હું તમારા માટે એ વસ્તુ લખવા ચાહું છું કે (لَنْ تَضِلُّوْا) હરગીઝ ગુમરાહ નહીં થાવ. પૈગમ્બરે ઈસ્લામનો મતલબ કુરઆન અને અહલેબૈત(અલ.)ને મજબૂતીથી પકડી રાખવાનો હતો.(એટલે તેમના હુકમ પ્રમાણે અમલ કરવાનો અને તેમની ઈતાઅત કરવાનો હતો.)

હ) જ્યારે ઈમામ હસન(અલ.) શહીદ થયા અને તેમના જનાઝાને રસુલે ખુદા(સલ.)ની કબર પાસે દફન કરવા માટે લઈ ગયા ત્યારે આયેશાએ વિરોધ કર્યો અને તેના કારણે લોકોમાં જોરજોરથી વાતો શરૂ થઈ. ત્યારે ઈમામ હુસૈન(અલ.)એ આયતની તિલાવત કરી. (لاَ تَرْفَعُوْا اَصْوَاتَكُمْ فَوْقَ صَوْتِ النَّبِي) તમારી અવાજને રસુલની અવાજ કરતા ઊંચી ન

કરો.) અને લોકોને ચૂપ કર્યા અને ફરમાવ્યું : રસુલે ખુદા(સલ.)નો એહતેરામ કરવો તેમની મૌત પછી પણ તેમની હયાતીની જેમ વાજીબ છે.

ઈસ્લામમાં પવિત્ર વસ્તુઓ :

• આખી દુનિયામાં અને જુદા જુદા અકીદા ધરાવતા લોકો તેમના બુઝુર્ગોનો ખાસ એહતરામ કરે છે. શહેરો, કોલેજો, યુનિવર્સીટી, રોડ, એરપોર્ટ, મદરેસા અને સ્કૂલ, સરકારી ઓફીસો વગેરેનું નામ તે મહાન હસ્તીઓના નામ પરથી રાખે છે. ઈસ્લામમાં પણ અમુક માણસો, અમુક સમય અને જગ્યા એટલે સુધી કે અમુક ઝાડ અને પથ્થર પણ પવિત્ર છે. ઈસ્લામમાં તેમનું પવિત્ર હોવાનું કારણ તેમનો અલ્લાહતઆલાની ઝાત સાથે સંબંધ છે અને જેટલો તેમનો સંબંધ અલ્લાહની સાથે વધારે હોય, તેમની પવિત્રતા અને માન વધતું જાય છે. આપણા માટે

જરૂરી છે કે તેમનો ખાસ એહતરામ કરીએ અને તેમનું માન રાખીએ.

## પવિત્ર વસ્તુઓ :

૧. તમામ પાકીઝગીનું મૂળ અલ્લાહતઆલાની ઝાત છે અને મુશરીકો કે જેઓ બીજાઓને અલ્લાહ જેવા માને છે, અલ્લાહ સાથે સરખાવે છે કયામતના દિવસે પોતાની આ ગુમરાહીને કબૂલ કરશે અને તેમના મનથી બનાવેલા ખુદાઓને એ ખુદાઓ કે જેમને ફક્ત પોતાના વહેમો અને વિચારોના આધારે કબૂલ કર્યા હતા તેમને કહેશે : અમારી બદબખ્તીનું કારણ એ છે કે અમે તમને અલ્લાહ સાથે સરખાવતા હતા. (اِذْ نُسَوِّيْكُمْ بِرَبِّ الْعالَمِيْنَ) (સુરએ શોઅરા,૯૮)

કુરઆને શરીફમાં અલ્લાહની તસ્બીહ અને તન્ઝીહની વાત (તન્ઝીહ એટલે દરેક ઐબ અને

ખામીથી પાક હોવું) વધારે થઈ છે. એટલે આપણે અલ્લાહ માટે એવી પવિત્રતા અને એહતરામ રાખવો જોઈએ કે તેની ઝાતમાં કોઈ પણ જાતની ખામી કે ઐબનો વિચાર પણ ન આવે. ફક્ત તેની ઝાત જ નહીં, બલકે તેનું નામ પણ મુનઝ્ઝહ એટલે તમામ ઐબો અને ખામીઓથી પાક છે. ( سَبِّحْ اِسْمِ رَبِّكَ الْاَعْلٰي) (સુરએ અઅલા,૧)

૨. અલ્લાહની કીતાબ પણ એક ખાસ એહતરામ અને પવિત્રતા ધરાવે છે. કારણકે કુરઆન જ્યારે પોતાને "અઝીમ" કહીને ઓળખાવે છે તો આપણે પણ તેની તઅઝીમ અને એહતરામ કરીએ. ( وَلَقَدْ آتَيْنَاَ سَبْعاً مِنَ الْمَثَانِي وَ الْقُرْآنِ الْعَظِيْمِ અમે તમને સુરએ હમ્દ અને કુરઆને મજીદ આપ્યું.) (સુરએ હીજર, ૮૭) જ્યારે કુરઆન પોતાને "કરીમ" તરીકે ઓળખાવે છે

તો આપણે પણ તેની ઈઝઝત કરીએ. (اِنَّهُ لَقُرْآنٌ كَرِيْمٌ) (સુરએ વાકેઆ, ૭૭)

જ્યારે કુરઆન પોતાને "મજીદ" કહે છે આપણે પણ તેને બુઝુર્ગ અને મહાન સમજીએ. (وَالْقُرْآنِ الْمَجِيْدِ) (સુરએ કાફ, ૧)

3. તમામ ઈલાહી રેહબર, તમામ અમ્બિયા અને તેમના હક જાનશીનો ખાસ કરીને હઝરત મોહમ્મદ મુસ્તુફા(સલ.)અને તેમની પાક એહલેબૈત(અલ.) તેમનું ખાસ મકામ અને મર્તબો છે કે આ સુરામાં એટલે કે સુરએ હુજુરાતમાં તેમની સાથે કેવો વર્તાવ કરવો જોઈએ તેના આદાબ બયાન કરવામાં આવ્યા છે. જેમકે તેમના હુકમથી આગળ ન થઈએ, તેમની સાથે જોરથી, બુલંદ અવાજથી વાત ન કરીએ વગેરે...કુરઆને શરીફમાં અલ્લાહના રસુલ(સલ.) પર સલવાત મોકલવાનો હુકમ આપવામાં આવ્યો


amillibrary.com

છે. (اِنَّ اللّٰهَ وَ مَلاَئِكَتَه......)(સુરએ અહઝાબ, ૫૬) જો કે આપણે આ નુકતા પર ધ્યાન આપવું જોઈએ કે અત્યારે આપણા રસુલ(સલ.) વફાત પામ્યા છે. તેમ છતાં તેમનો એ જ એહતરામ જે તેમની હયાતીમાં છે તેમની વફાત પછી પણ ) તેમની ઝિયારતના સમયે બાકી રહે છે. ઘણી બધી કીતાબો જેમકે, આયતુલ્લાહ અહમદી મીયાનજીએ લખેલી કીતાબ “તબર્રૂકુસ્સહાબા” માં રસુલુલ્લાહ (સલ.)ના સહાબીઓનો પૈગમ્બરે ઈસ્લામની હયાતીમાં અને તેમની વફાત પછી એહતરામ કરવાના નમૂના બયાન કરવામાં આવ્યા છે તથા તેમના ઉત્તરાધિકારી, તેમની ઔલાદ અને એ તમામ લોકો જે તેમની સાથે કોઈ પણ રીતે સંબંધ ધરાવે છે ખાસ કરીને નેક અને બતકવા આલીમો, આદીલ ફકીહો અને મરજેઅ તકલીદ(રીવાયતમાં જણાવ્યા


amillibrary.com

પ્રમાણે આ લોકો રસુલુલ્લાહ(સલ.) ના જાનશીનો છે) નો એહતરામ કરવો આપણા માટે જરૂરી છે.

હદીસમાં માસુમ(અલ.)ફરમાવે છે : જે માણસ આદીલ ફકીહ અને મરજેઅ તકલીદની વાતનો ઈન્કાર કરે તે માણસ એવો છે જાણે તેણે અલ્લાહના રસુલ(સલ.)ની વાતનો વિરોધ કર્યો અને જેણે તેમની વાતનો ઈન્કાર કર્યો તે એવો છે જેણે અલ્લાહની વાતનો ઈન્કાર કર્યો. (બહારૂલ અન્વાર જીલ્દ ૨૭, પેજ ૨૩૮)

ફક્ત પૈગમ્બરે ઈસ્લામ જ નહીં, પરંતુ જે કાંઈ અમ્બિયાથી સંબંધ ધરાવે છે તે પણ ખાસ એહતરામ ધરાવે છે. કુરઆને શરીફમાં આપણે પઢીએ છીએ: એ પેટી જેમાં હઝરત મૂસા(અલ.)ને તેમના જન્મ પછી તેમાં રાખીને દરિયામાં નાખવામાં આવ્યા હતા પછી તે જ પેટીમાં હઝરત

મૂસા(અલ.)અને તેમની ઔલાદની યાદગીરીની વસ્તુઓ તેમાં હતી. આ પેટી એટલી પવિત્ર હતી કે બની ઈસરાઈલની ઉમ્મત માટે આરામ અને સુકુનનો વસીલો હતી અને ફરીશ્તાઓ તેને ઉઠાવતા હતા. (સુરએ બકરાહ, ૨૪૮)

૪. ઈસ્લામમાં વાલેદૈનનો પણ ખાસ એહતરામ અને મકામ છે. કુરઆને શરીફમાં પાંચ વખત તૌહીદનો, એક ખુદાની ઈબાદતનો હુકમ આપ્યા પછી તરત જ વાલેદૈનની સાથે એહસાન કરવાની સીફારીશ કરવામાં આવી છે. (સુરએ બકરાહ, ૮૩ ; સુરએ નીસા, ૩૮ ; સુરએ અન્આમ, ૧૫૧ ; સુરએ ઈસ્રા, ૨૩ ; સુરએ અહકાફ ૧૫) અને વાલેદૈનના શુકરને અલ્લાહનો શુકર અદા કરવાની સાથે બયાન કરવામાં આવ્યું છે. (સુરએ લુકમાન, ૧૪)


amillibrary.com

વાલેદૈનનો એહતરામ એટલી હદ સુધી છે કે તેમના ચહેરા તરફ પ્રેમથી જોવું ઈબાદત છે અને આપણને સીફારીશ કરવામાં આવી છે કે તમારી અવાજને તેમની અવાજ કરતા વધારે ઊંચી ન કરો. ઔલાદનો એવો સફર જેના કારણે માબાપને તકલીફ થાય હરામ છે અને તે સફરમાં નમાઝ કસર પણ નહીં થાય. એ જ રીતે ઈસ્લામનો હુકમ છે કે તમારી સાવકી મા કે એક સમયમાં તમારા બાપની પત્ની હતી તેની સાથે શાદી ન કરો.

૫. ઈસ્લામમાં અમુક સમય જેમકે શબે કદર, અમુક જગ્યા જેમકે મસ્જિદ, અમુક પથ્થર જેમકે હજરૂલ અસ્વદ, અમુક પાણી જેમકે ઝમઝમ, અમુક ખાક જેમકે ઈમામ હુસૈન(અલ.)ની તુરબત, (ખાકે શીફા) અમુક ઝાડ જેમકે ઝયતુન, અમુક સફર જેમકે મેઅરાજનો સફર, ઈલ્મ હાસીલ કરવા માટેનો

સફર, ઈબાદત માટેનો સફર, જેહાદ કરી રહેલા લોકોને મદદ કરવા માટેનો સફર, અમુક કપડા જેમકે એહરામના કપડા વગેરે મુકદ્દસ અને પવિત્ર છે. માટે જરૂરી છે કે તેનો પણ એહતરામ કરવામાં આવે. દાખલા તરીકે, કુરઆને કરીમમાં આપણે પઢીએ છીએ :

• હઝરત મૂસા(સલ.)ને કહેવામાં આવ્યું કે વાદીએ મુકદ્દસના એહતરામમાં તમારા ચંપલને કાઢી નાખો. (فَاخْلَعْ نَعْلَيْكَ اِنَّكَ بِالْوَادِ الْمُقَدَّسِ طُوَي) (સુરએ તાહા, ૧૨)

• મુશરીકને મસ્જિદુલ હરામમાં દાખલ થવાનો હક નથી. (إِنَّمَا ٱلْمُشْرِكُوْنَ نَجِسُ فَلاَ يَقْرَبُواالْمَسْجِدَ الْحَرَامِ) (મુશરીકો નજીસ છે માટે તે લોકો મસ્જીદુલ હરામની નજીક પણ ન આવે.) (સુરએ તૌબા, ૨૮)

• કુરઆને શરીફમાં કહેવામાં આવ્યું છે કે જ્યારે તમે મસ્જિદમાં જાવ તમારી ઝીનતને સાથે લઈને જાવ.

 amillibrary.com

(સારા વ્યવસ્થિત કપડા પહેરીને, ખુશ્બૂ લગાવીને જાવ.) (خُذُوا زِيْنَتَكُمْ عِنْدَ كُلِّ مَسْجِدٍ)(સુરએ અઅરાફ : ૩૧)

• જેના પર ગુસ્લે જનાબત વાજીબ છે તેને મસ્જિદમાં રોકાવાનો હક નથી. ( وَلاَ جُنُباً إِلاَّ عَابِرِيْ سَبِيْلِ) (સુરએ નીસા, ૪૨)

• મસ્જિદ એટલી હદ સુધી પાક અને પવિત્ર છે કે હઝરત ઈબ્રાહીમ, હઝરત ઈસ્માઈલ, જનાબે ઝકરીયા(અલ.) અને જનાબે મરયમ(અલ.)જેવી મહાન હસ્તીઓ મસ્જિદની ખીદમતગુઝાર તથા તેની તહારત અને પાકીઝગીની જવાબદારી લીધી હતી. (طَهِّرَا بَيْتِيَ) (સુરએ બકરહ, ૧૨૫) એટલે સુધી કે જનાબે મરયમ(સલા.)ના માદરે ગીરામી જ્યારે પ્રેગનન્ટ હતા ત્યારે વિચારતા હતા કે પેટમાં રહેલું બાળક દીકરો છે. તેમણે નઝર કરી હતી કે તેના

જન્મ પછી અને મોટો થયા પછી તેને મસ્જિદુલ અકસાનો ખાદીમ એટલે કે ખીદમતગુઝાર બનાવશે. (اِنِّي نَذَرْتُ لَكَ ماَ فِي بَطْنِي مُحَرَّرَا) (સુરએ આલે ઈમરાન, ૩૫)

૬. એક મોમીન ઈન્સાન પણ અલ્લાહની નજરમાં ઈઝ્ઝત અને એહતરામ ધરાવે છે. એટલે સુધી કે મોમીનની આબરૂ અને ઈઝ્ઝત ખાને કાબા કરતા પણ વધારે છે અને તેને તકલીફ પહોંચાડવી, તેની ગીબત કરવી હરામ છે અને તેના હકોનો બચાવ કરવો વાજીબ છે. એટલે સુધી કે તેની મૌત પછી તેની કબર ખોદવી પણ હરામ છે. જ્યાં નમાઝે જમાઅત પઢાતી હોય ત્યાં જો કોઈ ફુરાદા નમાઝ પડે અને આ રીતે ફુરાદા નમાઝ પઢવાથી કોઈ ઈમામ જમાઅત વિશે શકમાં પડી જાય તો તેની આ ફુરાદા નમાઝ બાતીલ છે. કારણકે ઈન્સાનની

ઈઝઝત પર ધબ્બો લગાવવાથી નમાઝ બાતિલ થાય છે.

૭. ઈસ્લામની નજરમાં બિનમુસ્લિમોનો પણ ખાસ એહતેરામ છે. અલ્લાહના રસુલ(સલ.) પાસે જ્યારે પણ કોઈ કબીલાનો સરદાર ઈસ્લામ લાવતો હતો તો આપ તેના એહતરામ અને ઈઝઝતનો ખ્યાલ રાખતા હતા અને તેના આ મકામને, સરદારીના હોદ્દાને બાકી રાખતા હતા. એટલે સુધી કે એ કૈદીઓ જેઓ ઈઝઝતવાળા ખાનદાનમાંથી આવતા હતા તેમની સાથે બીજા કરતા જુદી રીતે વર્તાવ કરતા હતા. દાખલા તરીકે, બીબી શહરબાનુ(ઈરાનના બાદશાહની દીકરી) અને હાતમ તાઈનો દીકરો કે જેના બાપ ઘણા જ સખી અને ઉદાર દીલના હતા. જ્યારે તેમને કૈદી તરીકે પૈગમ્બરે ઈસ્લામની પાસે લાવવામાં આવ્યા તો આપે તેમની સાથે બીજા

કૈદીઓ કરતા જુદો વર્તાવ કર્યો હતો. જેમકે પહેલા જણાવ્યું દરેક શહેરના કલ્ચર અને સંસ્કૃતિમાં અમુક વસ્તુઓ અને અમુક માણસોને મુકદ્દસ અને પવિત્ર માનવામાં આવે છે. દાખલા તરીકે, દરેક દેશનો ધ્વજ, ઈલ્મી, ઈન્કલાબ લાવનારી અને હોશિયાર શખ્સીયતો તેમની પાસે ખાસ ઈઝઝત અને એહતરામ ધરાવે છે.

જો કે આપણે ખોટા એહતરામ અને જેને ખોટી રીતે મુકદ્દસ અને પવિત્ર બનાવી દેવામાં આવે છે તેનાથી બચવું જોઈએ. કારણકે ઈતિહાસમાં સામરી જેવા માણસો પણ હતા કે જેઓ ગાયનું પૂતળું બનાવીને તેની ઈબાદત કરતા હતા અને તેનો ખોટો એહતરામ પણ કરતા હતા. કેટલાય એવા બાદશાહો કે જેમણે આલીમો અને શાએરોને પૈસાથી ખરીદીને પોતાના દરબારમાં રાખ્યા હતા અને

પોતાના ખોટા વખાણ અને મહાનતા બયાન કરવા માટે પ્રોત્સાહન આપતા હતા.

## અલ્લાહના અવલિયાનો એહતરામ

• અલ્લાહના અવલિયા પાક અને મુકદ્દસ વસ્તુઓનો સૌથી વધારે એહતરામ કરતા હતા. આપણે તેના અમુક નમૂનાઓ જોઈએ.

૧. જ્યાં સુધી રસુલે ખુદા(સલ.) જીવતા હતા મૌલા અલી(અલ.)એ તેમના એહતરામમાં ખુત્બા નહોતા આપ્યા.

૨. નમાઝ પઢાવતી વખતે રસુલે ખુદા(સલ.)ની નજર સામેની દીવાર પર પડી કે જેના પર થૂંક ચોટેલું હતું. આપે નમાઝ પઢતા પઢતા થોડી વાર માટે ઝીકર બંધ કરી દીધો અને થોડુંક ચાલ્યા (એવી રીતે કે કીબ્લાથી હટી ન જાય) ઝાડની ડાળી જે તેમની બાજુમાં પડી હતી તેનાથી થૂંકના

નિશાનને સાફ કરી નાખ્યું અને ત્યારબાદ ફરીથી પોતાની જગ્યાએ પાછા ફર્યા અને નમાઝને ચાલુ રાખી.

૩. ઈમામ હુસૈન(અલ.) એ જ્યારે જોયું કે તેમના મોટા ભાઈ ઈમામ હસન(અલ.)એ ફકીરને ૧૦૦ દીરહમની મદદ કરી તો આપે ફકીરને ૯૯ દીરહમ આપ્યા. જેથી મોટા ભાઈનો એહતરામ બાકી રહે.

૪. ઈમામ રઝા (અલ.) જ્યારે પણ ઈમામે ઝમાના(અલ.)નું નામ સાંભળતા હતા (જ્યારે કે હજી ઈમામે ઝમાના(અલ.)ની વિલાદત પણ નહોતી થઈ) આપ તેમના એહતરામમાં ઊભા થઈ જતા હતા.

૫. દુનિયાના શીયાઓના મહાન મરજએ તકલીદ આયતુલ્લાહ બુરૂજર્દી(રહ.) ના ઘરે એક માણસે કહ્યું કે ઈમામે ઝમાના(અલ.) ની સલામતી માટે તથા

આયતુલ્લાહ બુરૂજર્દીની સલામતી માટે સલવાત પઢો. આ વાત સાંભળીને તેઓ ખૂબ જ નારાજ થયા કે શા માટે તમે એહતરામનો ખ્યાલ નથી રાખતા અને મારા નામને ઈમામે ઝમાના(અલ.)ના નામ સાથે લાવો છો ? એટલા માટે ધ્યાન રાખવું જોઈએ કે પવિત્રતા અને એહતરામના દરજ્જા જુદા જુદા છે અને દરેક માણસ તથા દરેક વસ્તુ તેના મકામ પ્રમાણે એહતરામ ધરાવે છે.

## અમલનું નાબૂદ થઈ જવું

• સુરએ હુજુરાતની બીજી આયત પૈગમ્બરે ઈસ્લામની હાજરીમાં મોટા અવાજથી વાત કરવાને અમલનું નાબૂદ થઈ જવાનું કારણ બયાન કરે છે અને ફરમાવે છે : તમારા બધા જ સારા અમલ બરબાદ થઈ જશે એવી રીતે કે તમને ખબર પણ

નહી પડે. માટે અમલના નાબૂદ થઈ જવા વિશે થોડી ચર્ચા કરીએ :

• સુરએ હુજુરાતની બીજી આયત પૈગમ્બરે ઈસ્લામની હાજરીમાં મોટા અવાજથી વાત કરવાને અમલનું નાબૂદ થઈ જવાનું કારણ બયાન કરે છે અને ફરમાવે છે : તમારા બધા જ સારા અમલ બરબાદ થઈ જશે એવી રીતે કે તમને ખબર પણ નહીં પડે. માટે અમલના નાબૂદ થઈ જવા વિશે થોડી ચર્ચા કરીએ.

અરબી ભાષામાં حَبْط નો અર્થ તબાહ થઈ જવું, બરબાદ થઈ જવું થાય છે. એવી રીતે તબાહ અને બરબાદ થઈ જાય કે ઇન્સાનને પોતાને ખબર પણ ન પડે. જેવી રીતે ખોરાક અને દવાઓ,ઠંડી અને ગરમી, પાણી અને આગ એકબીજા પર અસર કરે છે એવી જ રીતે ઈન્સાનના સારા અને ખરાબ

અમલ પણ એકબીજા પર અસર કરે છે. આ વાતને સમજવા માટે નીચેના બે નમૂના પર ધ્યાન આપો :

૧. એક કંપનીમાં કામ કરનાર માણસ વીસ વર્ષ સારું કામ કર્યા પછી એક દિવસ તેના જ માલિકના દીકરાને મારી નાખે તો તેની વીસ વર્ષ કરેલી મહેનત પર પાણી ફેરવી નાખે છે. તેની વર્ષોની ખીદમત જે બરબાદ થઈ ગઈ તેને અરબીમાં (حَبْط) કહેવામાં આવે છે.

૨. જો એક માણસ વીસ વર્ષ સુધી તેના માલિકને હેરાન કરે, તકલીફ આપે પરંતુ એક દિવસ તેના માલિકના દીકરાને પાણીમાં ડૂબી જવાથી બચાવી લે, તેને મૌતથી નજાત આપે તો તેનો આ અમલ તેના માલિકને વીસ વર્ષ સુધી આપેલી તકલીફને ભૂલાવી દે છે. માલિક તેની આપેલી આ તકલીફોને તેના આ મોટા એહસાન બદલ માફ કરી દે છે અને

 amillibrary.com

તેનાથી ખુશ થઈ જાય છે. આ ખીદમત, આ સારૂં કામ જે ખરાબ અમલને નાબૂદ કરી દે છે તેને ‘કફ્ફારો’ કહેવામાં આવે છે.

આ બે દાખલાને ધ્યાનમાં લઈને આપણે કહી શકીએ છીએ કે ઈન્સાનના અમલ અને તેનો વર્તાવ એકબીજા પર ઘણો અસર કરે છે. તેના માટે કુરઆને શરીફના અમુક નમૂનાઓ જુઓ.

૧. કુફ્ર, મુરતદ થઈ જવું (ઈસ્લામ કબૂલ કર્યા પછી ઈસ્લામને છોડી દેવું) લોકોને અલ્લાહ તરફ આવવાથી રોકવા અને રસુલે ખુદા (સલ.) સાથે જંગ કરવી વગેરે ઈન્સાનના અમલ નાબૂદ થઈ જવાનું કારણ બને છે. (સુરએ મોહમ્મદ, ૩૪)

૨. જે લોકો એવા અમલ કરે છે કે જે અમલ અલ્લાહને ગુસ્સામાં લાવે છે અને એવા અમલ જેનાથી અલ્લાહતઅલા ખુશ થાય છે તેનાથી

નફરત કરે છે. આ પણ તેમના અમલની નાબૂદીનું કારણ બને છે. (સુરએ મોહમ્મદ, ૨૮)

૩. શિર્ક અને નિફાક, દુનિયાની મોહબ્બત, અમ્બિયા(અલ.) અને અદાલત તથા ઈન્સાફને પસંદ કરનાર લોકોને કતલ કરવા અમલનું નાબૂદ થવાનું કારણ બને છે. (સુરએ ઝોમર : ૬૫, સુરએ તૌબા : ૬૮, સુરએ હુદ : ૧૬, સુરએ આલે ઈમરાન : ૨૪)

૪. જેની સાથે તમે એહસાન કર્યો હોય તેના પર એહસાન જતલાવવાથી અમલ નાબૂદ થઈ જાય છે. (સુરએ બકરાહ, ૨૬૪)

૫. રીયાકારી અને દેખાડો કરવો, પોતાના અમલને સારા સમજવા ઈન્સાનની ઈબાદતને નાબૂદ કરી નાખે છે.


amillibrary.com

## રિવાયતમાં અમલ નાબૂદ થવાનો ઉલ્લેખ:

હવે આપણે માસુમ(અલ.)ની રિવાયતોને જોઈએ જેથી આપણને ખ્યાલ આવે કે એવા કયા કામ છે જેના કારણે ઈન્સાનના સારા અમલ નાબૂદ થઈ જાય છે. અહીં પણ અમુક એવા અકીદા અને ઈબાદતથી સંબંધિત કૌટુંબિક, સામાજિક, રાજકીય અને માનસિક બાબતોને અમલનું નાબૂદ થઈ જવાનું કારણ બયાન કરવામાં આવ્યું છે કે આપણે તેમાંથી દરેક તરફ ઈશારો કરીએ :

૧. એઅતેકાદી (અકીદાથી સંબંધિત) :

માસુમ ઈમામ અને અહેલેબૈત(અલ.) પ્રત્યે દીલમાં દુશ્મની અને કીનો રાખવો અમલની નાબૂદીનું

કારણ બને છે. (બહારૂલ અનવાર, જીલ્દ ૨૮, પેજ ૧૯૮)

૨. ઈબાદી (ઈબાદતથી સંબંધિત) :

જે માણસ પોતાની નમાઝ જાણી જોઈને, કોઈ પણ જાતના કારણ વગર ન પઢે તેના અમલ પણ નાબૂદ થઈ જાય છે. (ઉસુલે કાફી, જીલ્દ ૨, પેજ ૩૮૪)

ઈમામ (અલ.)ને સવાલ કરવામાં આવ્યો : શા માટે નમાઝ ન પઢવાને ગુનાહે કબીરામાં શામીલ કરવામાં નથી આવ્યું પરંતુ યતીમનો માલ ખાવાને ગુનાહે કબીરામાં શામીલ કરવામાં આવ્યું છે ? આપે જવાબમાં ફરમાવ્યું : કુફ્ર કરવું ગુનાહે કબીરામાં શામીલ છે અને નમાઝ છોડી દેવી અમલથી કરવામાં આવતું કુફ્ર છે. (ઉસુલે કાફી, જીલ્દ ૨, પેજ ૨૭૮)

૩. કૌટુંબિક :

ઈમામ સાદીક (અલ.) ફરમાવે છે : જો કોઈ પતિ પોતાની પત્નીને કે પત્ની પોતાના પતિને એમ કહે કે મેં તારી પાસેથી કોઈ દિવસ સુખ નથી જોયું અને હું તારાથી નારાજ છું ! તો તેના અમલ પણ નાબૂદ થઈ જશે. (મન લા યહઝુર, જીલ્દ ૩, પેજ ૪૪૦)

૪. સામાજિક :

રસુલે ઇસ્લામ(સલ.) ફરમાવે છે : જો કોઈ મુરદાને તેની અમાનતની હીફાઝત કરીને ગુસ્લ આપે તો મુરદાના શરીર પર જેટલા વાળ છે તેના પ્રમાણમાં અલ્લાહતઆલા તેને એક ગુલામ આઝાદ કરવાનો સવાબ આપશે અને તેના સો દરજ્જાઓમાં વધારો કરશે. સહાબીઓએ આ વાત સાંભળીને સવાલ કર્યો કે યા રસુલલ્લાહ ! મૈયતને ગુસ્લ આપતી વખતે તેની અમાનતની હીફાઝત કરવી એટલે શું ? આપે

 amillibrary.com

જવાબમાં ફરમાવ્યું કે તેની શરમની જગ્યા અને તેના ઐબને છૂપાવવું. નહીંતર તેના અમલનો સવાબ નાબૂદ થઈ જશે અને દુનિયા તથા આખેરતમાં તેની ઈઝ્ઝત ચાલી જશે. (અહીં વિચાર કરવાની જગ્યા છે કે જો અલ્લાહની નિગાહમાં એક મુરદાની ઈઝઝતની હીફાઝતનું આટલું મહત્ત્વ હોય તો પછી એક જીવતા ઈન્સાનની ઈઝ્ઝત ની હીફાઝત કરવાનું કેટલું મહત્ત્વ હશે !!)

૫. રાજકીય :

وَ مَنْ يَكْفُرْ بِالاِيْمَانِ فَقَدْ حَبِطَ عَمَلُهُ એટલે જે પણ પોતાના ઈમાનથી ફરી જશે તેના અમલ નાબૂદ થઈ જશે.) (સુરએ માએદાહ, ૫)

આ આયત વિશે ઈમામ બાકીર(અલ.) ફરમાવે છેઃ કુરઆનના બાતિની અર્થ પ્રમાણે ઈમાનનો મતલબ અલી ઈબ્ને અબી તાલિબ(અલ.)ની વિલાયત છે

અને જે તેમની વિલાયતનો ઈન્કાર કરે તેના અમલ નાબૂદ છે. (બહારૂલ અન્વાર, જીલ્દ ૩૫, પેજ ૩૪૮) (માસુમ રેહબર અને તેમની ઈતાઅત કરવી, ઈસ્લામના રાજકીય મસાઈલનો એક મહત્ત્વનો ભાગ છે.)

૬. માનસિક :

ઈમામ સાદીક (અલ.) ફરમાવે છે : જે માણસ પોતાના શક અને વહેમોના આધારે(કોઈ પણ જાતની ઈલ્મી કે શરઈ દલીલ વગર) કોઈ અમલ અંજામ આપે તો તેના અમલ નાબૂદ છે. (વસાએલુશ્શીયા, જીલ્દ ૨૮, પેજ ૪૦)

• અત્યાર સુધી આપણે અમુક અમલની ખરાબ અસરો બયાન કરી. હવે આપણે અમુક સારા અમલની અસરો પણ જોઈએ કે ઈન્સાન કેવી રીતે સારા અમલની મદદથી પોતાના ખરાબ અમલને


amillibrary.com

છૂપાવે અથવા તેને નેક કામમાં બદલાવી નાખે. કુરઆને શરીફમાં ઈમાન, સારા અમલ, તકવા, ફકીરો અને ગરીબોને છૂપી રીતે મદદ કરવી, ગુનાહે કબીરાથી બચવું, કર્ઝે હસના આપવું, નમાઝ પઢવી, ઝકાત આપવી, હીજરત અને જેહાદ વગેરે ગુનાહોને માફ કરનાર તથા ભૂલોને નાબૂદ કરનાર કહેવામાં આવ્યા છે.

(સુરએ બકરાહ : ૨૧૪, સુરએ તલાક : ૫, સુરએ તગાબુન : ૯, સુરએ તેહરીમ: ૮, સુરએ નીસા : ૩૧, સુરએ હુદ : ૧૧૪, સુરએ માએદાહ : ૧૨, સુરએ આલે ઈમરાન : ૧૯૫ અને સુરએ ફુરકાન : ૭૦)

કુરઆને કરીમ ફરમાવે છે : નમાઝેને દિવસના બે ભાગમાં રાતની શરૂઆતમાં પઢો કેમકે નેકીઓ બુરાઇઓને (તેના ખરાબ અસરને) નાબૂદ કરી નાખે


amillibrary.com

છે. ( وَأَقِمِ الصَّلَاةَ طَرَفَيِ النَّهَارِ وَزُلَفًا مِّنَ اللَّيْلِ ۚ إِنَّ الْحَسَنَاتِ يُذْهِبْنَ السَّيِّئَاتِ) (સુરએ હુદ : ૧૧૪)

• આ વાત એકદમ જાહેર અને સ્પષ્ટ છે કે રસુલે ખુદા (સલ.)ના બુલંદ મકામ અને મર્તબાના કારણે તેમની હાજરીમાં, તેમની સામે બેઅદબી કરવાથી અમલ નાબૂદ થઈ જાય છે. પરંતુ કુરઆને કરીમ આપણને સીફારીશ કરે છે આપણે બધા જ લોકોની સાથે સારી રીતે અને પ્રેમથી વાત કરીએ. જનાબે લુકમાન(અલ.) તેમના દીકરાને ફરમાવે છે:

(وَاغْضُضْ مِنْ صَوْتِكَ)તારી અવાજને ધીમી કર અને ત્યાર બાદ ખરાબ અવાજને ગધેડાના અવાજ સાથે સરખાવતા કહે છે કે સૌથી ખરાબ અવાજ ગધેડાનો અવાજ છે.

(اِنَّ اَنْكَرَ الْاَصْوَاتَ لَصَوْتُ الْحَمِيْرَ) (સુરએ લુકમાન : ૧૯)

મોટા અવાજની મુશ્કેલી (અવાજનું પ્રદુષણ) આજના મોડર્ન ઝમાનામાં સમાજની મુશ્કેલીઓમાંથી એક મોટી મુશ્કેલી છે.

અમુક વખત શાદીના બહાને, મજલીસના બહાને, અમુક વખત મસ્જિદમાં તો ક્યારેક બજારમાં, રેસ્ટોરન્ટમાં, કોઈ વખત ખરીદ અને વેચાણના નામે મોટો અવાજ રાખીને ઈન્સાનના આરામ અને સુકુનને છીનવી લેવામાં આવે છે. જ્યારે કે ઈસ્લામ આપણને ફક્ત અમુક જગ્યાએ મોટા અવાજે બોલવાની રજા આપે છે. દાખલા તરીકે, અઝાનના ટાઈમે અને તે પણ સારા અવાજમાં અને તેમાં કોઈ પણ જાતનો વધારો કર્યા વગર, બીજું, અલ્લાહના ઘરના ઝાએરો માટે કે જ્યારે ઝાએરોના કાફલાને આવતા જુએ તો હુકમ આપવામાં આવ્યો છે કે


amillibrary.com

મોટા અવાજથી લબ્બૈક અલ્લાહુમ્મ લબ્બૈક... વારંવાર બોલે અને રીપીટ કરે.

ટૂંકમાં એ કે, ફક્ત અમુક અપવાદની જગ્યા સીવાય આપણને મોટા અવાજથી વાત કરવાનો હક નથી. તો પછી જો કોઈ માણસ બીજાને ધમકી આપવાના ઈરાદાથી જોરજોરથી વાતો કરતો હોય તો તે સમયે બેઅદબી અને ખરાબ અખ્લાક ઉપરાંત એક મોમીનને ડરાવવાનો અને તેને બીવડાવવાનો ગુનાહ પણ થશે.

# આયત નં. 3

اِنَّ الَّذِيْنَ يَغُضُّوْنَ أَصْوَاتَهُمْ عِنْدَ رَسُوْلِ اللّٰهِ اُولٰٓئِكَ الَّذِيْنَ

اِمْتَحَنَ اللّٰهُ قُلُوْبَهُمْ لِلتَّقْوٰي لَهُمْ مَغْفِرَةٌ وَّاَجْرٌ عَظِيْمٌ

જે લોકો રસુલુલ્લાહ(સલ.)ની પાસે (તેમના એહતરામ માટે) તેમના અવાજને ધીમો રાખે છે તો આ તે લોકો છે જેમના દીલોની અલ્લાહતઆલાએ તકવા માટે પરીક્ષા લીધી છે. ખાસ આ લોકો માટે મગફેરત અને ઘણો મોટો સવાબ છે.

## આયતના જરૂરી પોઈન્ટસ :

• (غَضّ શબ્દનો અર્થ ઉપરથી નીચે આવવું, જૂકવું, ધીમેથી, શાંતિથી વાત કરવી અને અદબ, એહતરામ, તવાઝોઅ, નમ્રતા, માન, ઈઝ્ઝત, સુકુન અને મોહબ્બતની નિશાની છે.


amillibrary.com

• કુરઆને શરીફ આ આયતમાં ફરમાવે છે : અલ્લાહતઆલા અખ્લાકવાળા માણસોના દીલોની પરીક્ષા કરે છે અને આ વાત એકદમ ચોખ્ખી છે કે અલ્લાહ જ્યારે તેના બંદાની પરીક્ષા કરે છે તો તે જાણવા માટે નથી. કારણકે તે બધી વસ્તુને જાણે છે. બલકે પરીક્ષા કરવાનો મતલબ એમ છે કે ઈન્સાન જુદા જુદા સંજોગો અને પરિસ્થિતિઓમાં તેની કાબેલીયતને જાહેર કરે. જેથી અલ્લાહની નેઅમતોને, તેના સવાબને હાસીલ કરવાના લાયક બને. કારણકે અલ્લાહની સજા અને સવાબ તેના ઈલ્મના આધારે નહીં, પરંતુ ઈન્સાનના અમલના આધારે છે.એટલે જો અલ્લાહ ઈલ્મ ધરાવતો હોય કે ફલાણો માણસ ભવિષ્યમાં કોઈ ખોટું કામ કરશે તો તેને ફક્ત તે ઈલ્મના આધારે સજા નથી

આપતો.પણ જ્યારે તેનાથી કોઈ ખોટું કામ થાય ત્યારે તેને સજા આપે છે.

નવાઈની વાત તો એ છે કે ઈન્સાન પણ તેની ઝીંદગીમાં આ જ રીત અપનાવે છે. તે પણ પોતાના ઈલ્મના આધારે કોઈને પૈસા કે મજૂરી નથી આપતો. એટલે જો આપણને ખબર હોય કે ફલાણો માણસ સીલાઈ જાણે છે અને મારા કપડા સીવી દેશે. પરંતુ જ્યાં સુધી તે આપણને કપડા ન સીવી દે આપણે તેને સીલાઈના પૈસા નથી આપતા. એટલા જ માટે કુરઆને શરીફની આયતો અને રિવાયતોમાં ઈમ્તહાનનો મતલબ ઈન્સાનનું કોઈ કામ અંજામ આપવું છે. જેથી તે તેના સારા અમલનો સવાબ અને ખરાબ અમલની સજા ભોગવે. જો કે અહીં ઈમ્તહાનનો સંબંધ દીલથી છે. કારણકે કેટલાય એવા માણસો છે જેઓ રીયાકારી

કરવા માટે જાહેરમાં નમ્રતા અને અદબનો દેખાવ કરે છે પરંતુ દીલથી ઘણા જ ઘમંડી હોય છે.

• અલ્લાહનો સવાબ હંમેશા (કરીમ), (અઝીમ), (કબીર), (ગૈરૂ મમનુન એટલે હંમેશા બાકી રહેનાર), (નેઅમલ અજર એટલે સારો બદલો) વગેરે સીફતો સાથે બયાન કરવામાં આવ્યો છે અને તેનું કારણ એ છે કે અલ્લાહનો સવાબ તેની વસીઅ રહેમત અને બેહીસાબ લુત્ફો કરમથી આપવામાં આવે છે.

## આયતમાંથી મળતા જરૂરી દર્સ :

૧. ખરાબ કામ કરનારને ઠપકો આપીએ અને સારા કામ કરનારને પ્રોત્સાહન પણ આપીએ. આ પહેલાની આયતમાં જે લોકો રસુલે અકરમ(સલ.)ની ખીદમતમાં જોરથી, મોટા અવાજે વાત કરતા હતા તેમને ઠપકો આપવામાં આવ્યો અને તેના

પછીની આયતમાં અખ્લાકવાળા, અદબવાળા ઈન્સાનોને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે.

(اِنَّ الَّذِيْنَ يَغُضُّوْنَ.....لَهُمْ مَغْفِرَةٌ.....) સારી તરબીયત માટે ઠપકો અને વખાણ, ગુસ્સો અને પ્રેમ બંને સાથે હોવા જરૂરી છે.

૨. જાહેરી અદબ અને અખ્લાક દીલની અંદર રહેલા તકવાની નિશાની છે.

(الَّذِيْنَ يَغُضُّوْنَ....اِمْتَحَنَ قُلُوْبُهُمْ لِلتَّقْوَي) એટલે જે લોકો પોતાની અવાજને ધીમી કરે છે તેમના દીલોમાં તકવા છે.)

૩. જો કે અત્યારે રસુલે ઇસ્લામ(સલ.) આપણા દરમિયાન હાજર નથી તો પણ તેમની તથા તેમના જાનશીનોની કબરની ઝિયારતના સમયે ધીમી અવાજ અને અદબ સાથે વાત કરવાનો હુકમ પહેલાની જેમ જ બાકી છે.


amillibrary.com

૪. ફક્ત થોડા સમય માટેના અદબ અને અખ્લાક એ વાતની દલીલ છે કે તકવા દીલના ઊંડાણ સુધી પહોંચ્યો નથી. (يَغُضُّوْنَ اَصْوَاتَهُمْ) અહીં ‘યગુઝ્ઝુન’એટલે અવાજને ધીમી કરવી વર્તમાન કાળ (present tense) છે. તેનો મતલબ એમ કે જેઓ હંમેશા પૈગમ્બરની હાજરીમાં તેમની અવાજને ધીમી રાખે છે તેમના દીલ તકવાવાળા છે. ન કે જેઓ ક્યારેક, કોઈ વખત તેમની હાજરીમાં સારા અખ્લાકથી વર્તાવ કરે.

પ. કુરઆને શરીફમાં જ્યાં પણ (મગફેરત) અને (અજર)ના શબ્દ બયાન કરવામાં આવ્યા છે ત્યાં પહેલા મગફેરતની વાત આવી છે. કારણકે જ્યાં સુધી ગુનાહ માફ ન થાય ત્યાં સુધી આપણે અલ્લાહનો લુત્ફ અને સવાબ પ્રાપ્ત કરી શકતા નથી. (لَهُمْ مَغْفِرَةٌ وَ اَجْرٌ عَظِيْمٌ)


amillibrary.com

# વાતચીત કરવાના આદાબ :

• આ આયત રસુલુલ્લાહ(સલ.) સાથે વાત કરવાના આદાબ બયાન કરે છે. તો આપણે પણ ઈસ્લામમાં વાતચીત કરવાના જે આદાબ બયાન કરવામાં આવ્યા છે તેના વિશે થોડું જાણીએ :

૧. નસીહત કરનાર પોતે પણ અમલ કરે તે જરૂરી છે. નહીંતર આવી નસીહત ટીકાને પાત્ર છે. ( لِمَ تَقُوْلُوْنَ مَا لاَ تَفْعَلُوْنَ) તમે શા માટે એ વાત કહો છો જેના પર તમે પોતે અમલ નથી કરતા ?) (સુરએ સફ, ૨)

૨. આપણી વાત પૂરતી તપાસ કરેલી અને ખાતરીવાળી હોવી જોઈએ. (હુદહુદ પક્ષી હઝરત સુલેમાન(અલ.)ને કહે છે : હું તમારા માટે પાકી અને યકીનવાળી સાચી વાત લાવ્યો છું. (بِنَبَاءٍ يَقِيْنٍ) એટલે ભરોસાપાત્ર ખબર) (સુરએ નમ્લ, ૨૨)

૩. વાત દીલને પસંદ આવે તેવી હોવી જોઈએ. (اَلطَّيِّبُ مِنَ الْقَوْلِ) (સુરએ હજ, ૨૪)

૪. વાત ચોખ્ખી અને સ્પષ્ટ, સમજી શકાય તેવી હોવી જોઈએ.(قَوْلاً بَلِيْغًا)(સુરએ નીસા, ૬૩)

૫. વાત નરમ હોવી જોઈએ. (કોઈના દીલને તકલીફ પહોંચે તેવી ન હોવી જોઈએ.) (સુરએ તાહા, ૪૪)

૬. વાત એહતરામની સાથે હોવી જોઈએ.(قَوْلاً كَرِيْماً) (સુરએ ઈસરા,૨૩)

૬. વાત અમલ થઈ શકે તેવી હોવી જોઈએ. ( قَوْلاً مَيْسُوْراً)(સુરએ ઈસરા,૨૮)

૭. બધા લોકોની સાથે સારી રીતે વાત કરવી જોઈએ.ન ફક્ત ખાસ માણસો સાથે. ( قُولُوْا لِلنَّاسِ حُسْناً)(સુરએ બકરાહ, ૮૩)


amillibrary.com

૮. વાત સુંદર હોવી જોઇએ અને તેની કહેવાની રીત પણ સારામાં સારી હોવી જોઈએ.( يَقُوْلُوْا الَّتِي هِيَ اَحْسَنَ એવી વાત કરો જે શ્રેષ્ઠ વાત હોય.) (સુરએ ઈસરા, ૫૩)

૯. વાતચીતમાં કોઈ પણ જાતની બેહુદા, ફાયદા વગરની અને નકામી વાતો ન હોવી જોઈએ.

(اِجْتَنِبُوا قَوْلَ الزُّوْر) (ખોટું બોલવાથી બચો.) (સુરએ હજ, 30)

(عَنِ الَّغْوِ مُعْرِضُوْنَ)(મોમીનો બેહૂદા કામોથી દૂર રહે છે.) (સુરએ મુઅમેનુન, 3)

## કેટલાક નમૂના

• આ આયતમાં એ અદબ અને અખ્લાકવાળા માણસોના વખાણ કરવામાં આવ્યા છે જેઓ રસુલે અકરમ(સલ.)ની પાસે તેમની અવાજને ધીમી રાખતા હતા. જેથી તે લોકો માટે મગફેરત અને


amillibrary.com

ઘણો મોટો સવાબ બયાન કરવામાં આવ્યો છે. સારા અને ખરાબ અખ્લાકના બે નમૂના જે કુરઆને શરીફમાં બયાન કરવામાં આવ્યા છે તેને જાણીએ.

૧. જ્યારે હઝરત આદમ(અલ.) અને તેમની પત્નીએ અલ્લાહે મનાઈ કરેલા ઝાડનું ફળ ખાધું અને તેના કારણે અલ્લાહતઆલાએ તેમને ઠપકો આપ્યો ત્યારે તેઓ શરમીંદા થયા. અલ્લાહની પાસે માફી માંગી અને તૌબા કરી. અલ્લાહતઆલાએ પણ તેમની તૌબાને કબૂલ કરી.તેમનું માફી માંગવું તેમનો અદબ હતો કે જેણે હઝરત આદમ(અલ.) અને તેમની પત્નીને નજાત અપાવી.

૨. કરબલામાં પણ જનાબે હુર કે જેઓ શરૂઆતમાં યઝીદના લશ્કરમાં હતા. પરંતુ ઈમામ હુસૈન(અલ.)ની સાથે નમાઝે જમાઅત પઢી અને કહ્યું : કેમકે તમારા માદરે ગીરામી જનાબે ફાતેમા

ઝહેરા(સલા.) છે એટલે હું તેમનો એહતરામ કરું છું. કદાચ તેમના આ જ અદબના કારણે તેમને તૌબાની તૌફીક મળી અને કરબલાના શહીદોમાં તેમનો શુમાર થયો.

૩. ઈબ્લીસે હઝરત આદમ(અલ.)ને સજદો ન કર્યો. જેના કારણે અલ્લાહ તેનાથી નારાજ થયો. તેણે પણ અલ્લાહની પાસે માફી માંગવાના બદલે, તૌબા કરવાના બદલે બેઅદબી કરી અને કહ્યું કે હું શા માટે તેને સજદો કરું ? કારણકે હું આગથી પેદા કરવામાં આવ્યો છું અને આદમ માટીથી પેદા કરવામાં આવ્યા છે. આગ માટી કરતા અફઝલ છે. ઈબ્લીસે આ રીતે કહીને અલ્લાહના હુકમને યોગ્ય ન સમજ્યો અને નાફરમાની કરી. તેની આ જ બેઅદબીના કારણે હંમેશ માટે તે લાનતનો હકદાર બન્યો.

# અલ્લાહના સવાબની વિશેષતા

કોઈ કામનો લોકો જે બદલો આપે છે તે ટૂંક સમયનો, મામુલી, નાનો, એહસાન અને બીજી બધી આફતો સાથે હોય છે. અલ્લાહ સીવાય અમુક લોકો જેમકે પતિ પત્ની, ઔલાદ, ભાગીદાર, દોસ્ત, સરકાર, સમાજ અને બીજા લોકોને આપણા ઘણા સારા કામો વિશે ખબર નથી હોતી કે આપણને તેના માટે સારો બદલો આપી શકે.

અમુક વખત તેઓ આપણા સારા કામ વિશે જાણે છે પરંતુ હસદના કારણે તેના તરફ ધ્યાન નથી આપતા. અમુક વખત કંજૂસાઈના કારણે બદલો નથી આપતા અને અમુક વખત ખરેખર તેમની પાસે આપવા માટે કાંઈ હોતું નથી.

અલ્લાહ સીવાય જે કોઈ પણ હોય ઓછા, મામુલી અને ઐબવાળા કામોને કબૂલ નથી કરતું. લોકો

તરફથી આપવામાં આવતું ઈનામ તાળી પાડવી, વખાણ કરવા, સલવાત પઢવી વગેરેમાં પૂરૂં થઈ જાય છે. પરંતુ અલ્લાહતઆલા નાના અમથા અને નજીવા અને મામુલી કામને પણ કબૂલ કરે છે. ( فَمَنْ يَّعْمَلْ مِثْقَالَ ذَرَّةٍ خَيْرً يَرَهُ જે કોઈ પણ એક કણના વજન જેટલું સારૂ કામ કરશે તે તેને જોશે.) અને ઐબવાળા, ખામીવાળા કામોને પણ કબૂલ કરે છે.

દાખલા તરીકે, નમાઝ પછી પઢવાની દુઆમાં માસુમ(અલ.) ફરમાવે છે : અય મારા પરવરદીગાર! જો મારી નમાઝના રૂકુઅ અને સજદામાં ખામી હોય તો મારી આવી ભૂલવાળી નમાઝને પણ કબૂલ ફરમાવ! અલ્લાહતઆલા આપણી સારી વાતોને જાહેર કરે છે અને આપણા ઐબોને છૂપાવે છે. (يَاَ مَنْ اَظْهَرَ الْجَمِيْل وَ سَتَرَ الْقَبِيْحَ અય

 amillibrary.com

એ ઝાત જે સારા કામોને જાહેર કરે છે અને બુરાઇઓને છુપાવે છે.)

અલ્લાહતઆલા આપણા નેક કામોને હંમેશા બાકી રહેનાર જન્નતના બદલામાં ખરીદે છે. જ્યારે કે લોકો ફક્ત માશાઅલ્લાહ, સુબ્હાનલ્લાહ, બહુ સરસ, વાહવાહ જેવા શબ્દો કહીને આપણા દીલને થોડી વાર માટે ખુશ કરે છે. (માટે આકીલ ઈન્સાન એ છે કે જે તેના તમામ કામોને ફક્ત અલ્લાહની ખુશી માટે અંજામ આપે.)

# આયત નં. ૪,૫

إِنَّ الَّذِيْنَ يُنَادُوْنَكَ مِنْ وَّرَاءِ الْحُجُرَاتِ اَكْثَرُهُمْ لَا يَعْقِلُوْنَ

બેશક,એ લોકો કે જેઓ ઓરડાની પાછળથી તમને બોલાવે છે તેમાંથી મોટાભાગના લોકો અક્કલથી વિચારતા નથી.

وَلَوْ اَنَّهُمْ صَبَرُوْا حَتّٰي تَخْرُجَ اِلَيْهِمْ لَكَانَ خَيْرًا لَّهُمْ وَاللّٰهُ غَفُوْرٌ رَّحِيْمٌ

જો તેઓ સબર કરે અને રાહ જુએ જ્યાં સુધી કે તમે એ લોકો પાસે જાવ. તો જરૂર આ તેમના માટે બહેતર છે અને અલ્લાહ માફ કરનાર અને ઘણો જ દયાળુ છે.

## આયતના જરૂરી પોઈન્ટસ :

• જો કે આજના જમાનામાં રસુલે ખુદા(સલ.)ને તેમના ઓરડાની પાછળથી બોલાવવું શક્ય નથી.

પરંતુ આ પ્રસંગથી આપણને જે દર્સ અને કાનુન મળે છે તે બધા જ માટે ઉપયોગી અને ફાયદાકારક છે. જેમકે ‘રૂહુલ મઆની’ નામની તફસીરમાં જોવા મળે છે કે ઈબ્ને અબ્બાસ પોતાના ઉસ્તાદના ઘરે જતા હતા. પરંતુ તેમના દરવાજાને ખટખટાવતા ન હતા જ્યાં સુધી કે ઉસ્તાદ પોતે ઘરની બહાર ન આવે. કોઈએ તેમને સવાલ કર્યો : શા માટે તમે દરવાજો નથી ખટખટાવતા? તો આપે જવાબ આપ્યો :

وَلَوْ اَنَّهُمْ صَبَرُوْا حَتّٰي تَخْرُجَ اِلَيْهِمْ لَكَانَ خَيْرًا لَّهُمْ

(જો તેઓ સબર કરે અને રાહ જુએ જ્યાં સુધી કે તમે એ લોકો પાસે જાવ તો જરૂર આ તેમના માટે સારૂં છે.)

તમે જુઓ કે આ આયત કે જે પૈગમ્બરે ઈસ્લામ(સલ.)ની શાનમાં નાઝીલ થઈ હતી તેનાથી

ઈબ્ને અબ્બાસે કેવી રીતે અદબ અને અખ્લાકનો દર્સ લીધો કે જે તારીખના બધા લોકો માટે દર્સ બની ગયો.

• કોઈ એમ ન કહે કે આજે તો અબુ લહબ નથી. તેથી આ આયત (تَبَّتْ يَدَاَ اَبِي لَهَبٍ وَّ تَب) જે ખાસ અબુ લહબ માટે નાઝીલ થઈ હતી તો તેનો શું ફાયદો ? એ વાત સાચી છે કે આ આયતમાં કોઈ ચોક્કસ માણસનું નામ લેવામાં આવ્યું છે. પરંતુ આ આયત નાઝીલ કરવાનો મકસદ તે માણસના વિચારો અને તેના અમલ છે. અબુ લહબ એક કાફીર અને દીનનો દુશ્મન હતો. જો આજે આપણે કહીએ ( تَبَّتْ يَدَاَ اَبِي لَهَبٍ وَّ تَب) એટલે તેના હાથ તૂટી જાય જે મુસલમાનો માટે (અબુલહબની જેમ) ખરાબ ઈરાદો રાખે છે અને ઈલાહી રહેબરોના કામમાં અવરોધ પેદા કરે છે!!

 amillibrary.com

• રસુલે ઇસ્લામ(સલ.)ના ઘરમાં ૯ રૂમ હતા કે જે ખજૂરની ઝાડની ડાળીઓના બનાવેલા હતા અને તે દરેક રૂમમાં ઘેટાના વાળમાંથી બનાવેલો પરદો હતો. દરેક રૂમની લંબાઈ ૧૦ ઝીરાઅ એટલે લગભગ પાંચ મીટર અને તેની પહોળાઈ આઠ ઝીરાઅ એટલે લગભગ ચાર મીટર હતી. વલીદ બીન અબ્દુલ મલીકના ઝમાનામાં આ ઘરના તમામ રૂમને તોડી નાખવામાં આવ્યા અને ત્યાં મસ્જિદ બનાવવામાં આવી. જ્યારે આ રૂમ તોડવામાં આવ્યા ત્યારે લોકોની રોવાની અવાજ બુલંદ થઈ અને સઈદ બીન મુસય્યબ કહેતા હતા : હું ચાહતો હતો કે આ રૂમ જેવા છે તેવા જ બાકી રહે. જેથી દુનિયાના લોકો પૈગમ્બરે ઈસ્લામ(સલ.)ની સાદગીવાળું જીવન જુએ અને તેનાથી ઈબરત હાસીલ કરે.

સુ.હોજોરાત- 119

## આયતમાંથી મળતા જરૂરી દર્સ :

૧. લોકોના મકામ અને દરજ્જાનો ખયાલ કરવો જોઈએ.(ગલીમાં બૂમો પાડવી, માનસિક દબાવ નાખવો, જબરદસ્તી પોતાની ઈચ્છાઓ પૈગમ્બર પાસેથી પૂરી કરાવવી વગેરે પૈગમ્બરની અઝમત અને તેમના મકામની વિરૂદ્ધ છે.

૨. લોકોનું કોઈ એક બેઅદબીવાળું કામ જોઈને તેમને અક્કલ વગરના ન સમજવા જોઈએ. એ લોકો જેઓ હંમેશા પૈગમ્બરે ઈસ્લામ(સલ.)ના રૂમની પાછળ જોરથી બૂમો પાડીને તેમને બહાર આવવા માટે કહેતા તે લોકો અક્કલ વગરના છે. (يُنَادُوْنَكَ)આ વર્તમાન કાળ (present tense) છે, જે બતાવે છે કે તેઓ હંમેશા જોરજોરથી બૂમો પાડતા હતા.

૩. જે લોકો તેમની આદતના કારણે મોટા અવાજે વાતો કરે છે(કોઈનું અપમાન કરવાના ઈરાદાથી નહીં) તો તેમની સરખામણી જે લોકો જાણી જોઈને, કોઈનું અપમાન કરવાના ઈરાદાથી મોટા અવાજે બોલે છે તેમની સાથે ન કરી શકાય. ( اَكْثَرُهُمْ لاَ يَعْقِلُوْنَ)

૪. ગલી અને શેરીમાં જોરથી બૂમો પાડવી અને આસમાની રહેબરની સાથે બેઅદબી કરવી અક્કલ ન હોવાની નિશાની છે. (يُنَادُوْنَكَ.....لاَ يَعْقِلُوْنَ)

પ. જેની પાસે વધારે અક્કલ છે તેની પાસે વધારે સારા અદબ અને અખ્લાક છે. ( يُنَادُوْنَكَ......اكثرهم لا يعقلون) મૌલા અલી(અલ.) ફરમાવે છે : ( لاَ عَقْلَ لِمَنْ لاَ اَدَبَ لَهُ) (જેની પાસે અદબ નથી હકીકતમાં તેની પાસે અક્કલ નથી.)

૬. તરબીયત અને કોઈને સુધારવાની એક રીત આ છે કે જેઓ ખોટા કામ કરે છે તેમની ટીકા કરવી જોઈએ.(يُنَادُوْنَكَ.....لاَ يَعْقِلُوْنَ)

૭. જ્યાં પણ કોઈ ખોટું કામ વારંવાર કરવામાં આવે ત્યાં ઠપકો આપવો જરૂરી છે. ( يُنَادُوْنَكَ.....لاَ يَعْقِلُوْنَ)

૮. બીજાની ફુરસદના સમયનો તથા તેમના અંગત કામકાજના ટાઈમનો પણ ખ્યાલ રાખવો જોઈએ. પૈગમ્બરે ઈસ્લામને પણ આરામ, સુકુન, તેમના કૌટુંબિક કામકાજ અને પ્રશ્નોના ઉકેલ લાવવા જરૂરી છે. લોકોએ ગમે તે ટાઈમે તેમની પાસે જઈને તેમના માટે તકલીફરૂપ ન બનવું જોઈએ. ( لَوْ اَنَّهُمْ صَبَرُوْا...)(બીજા માટે તકલીફરૂપ બનવું, ખોટી આશાઓ રાખવી, તેમના પર માનસિક દબાવ લાવવો વગેરેની મનાઈ છે.)


amillibrary.com

૯. સબર કરવું અદબ અને અખ્લાકની નિશાની છે. (صَبَرُوْا حَتَّي تَخْرُجَ اِلَيْهِمْ)(જ્યાં સુધી રસુલે ખુદા(સલ.) તે લોકો પાસે ન જાય ત્યાં સુધી તેઓ ધીરજ રાખે.)

૧૦. લોકો જ્યારે રહેબર પાસે કે કોઈ મોટા આલીમને મળવા માટે જાય ત્યારે કયા ટાઈમે મળવું અને કેટલી વાર વાતચીત કરવી વગેરે રહેબર અને આલીમના ઈખ્તીયારમાં છે.(તેમને જે ટાઈમ અનુકૂળ હોય અથવા તેમની પાસે જેટલો ટાઈમ હોય તેના આધારે આપણે વાત કરવી જોઈએ.)( حَتَّي تَخْرُجَ اِلَيْهِمْ)

૧૧. રસુલુલ્લાહ(સલ.)એ લોકોની સાથે મુલાકાત માટે એક ખાસ ટાઈમ રાખ્યો હતો અને તેના માટે ગલીમાં બૂમો પાડવાની કોઈ જરૂર ન હતી. ( حَتَّي تَخْرُجَ اِلَيْهِمْ)

 amillibrary.com

૧૨. અદબ વગરના અને અક્કલ વગરના માણસોની સાથે રહેમત, માફી અને મહેરબાની સાથે વર્તાવ કરવો જોઈએ અને તેમને માયુસ ન કરવા જોઈએ. જે લોકો રસુલે અકરમ(સલ.)ને જોરથી બૂમો પાડીને બોલાવતા હતા તેમને ઠપકો આપવાની સાથે અલ્લાહતઆલા પોતાની રહેમત અને મગફેરતનું પણ વર્ણન કરે છે જેથી તેઓ માયુસ ન થઈ જાય અને તેમની આદતોને બદલાવવાનો મોકો મળે. ( لَوْ اَنَّهُمْ صَبَرُوْا.......وَاللّٰهُ غَفُوْرٌ رَّحِيْمٌ)


amillibrary.com

# આયત નં. ૬

يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا إِن جَاءَكُمْ فَاسِقٌ بِنَبَإٍ فَتَبَيَّنُوا أَن تُصِيبُوا قَوْمًا بِجَهَالَةٍ فَتُصْبِحُوا عَلَىٰ مَا فَعَلْتُمْ نَادِمِينَ

અય ઈમાન લાવનારાઓ ! જો ફાસીક તમારી પાસે કોઈ ખબર લઈને આવે તો તરત જ તેના વિશે તપાસ કરો. એવું ન બને કે (તમે ઉતાવળથી, તપાસ કર્યા વગર તેની વાત પર યકીન કરીને કોઈ નિર્ણય લઈ લો અને) અજાણતા કૌમને કોઈ નુકસાન પહોંચે. પછી તમે તમારા પોતાના કામથી શરમીંદા થાવ અને પસ્તાવું પડે.



amillibrary.com

## આયતના જરૂરી પોઈન્ટસ :

સવાલ :

આ આયતમાં તેહકીક અને તપાસ કરવાનો હુકમ આપવામાં આવ્યો છે. પરંતુ આ જ સુરાની ૧૨મી આયતમાં લોકોના કામમાં જાસૂસી કરવાની મનાઈ કરવામાં આવી છે અને હરામ કહેવામાં આવ્યું છે. શું એ શક્ય છે કે જાસુસી કરવી હરામ હોય અને તપાસ કરવી વાજીબ ?

જવાબ :

ઈસ્લામમાં જ્યાં જાસુસી કરવાનું હરામ કહેવામાં આવ્યું છે તે લોકોના વ્યક્તિગત મામલામાં છે કે જેનો સમાજ સાથે કોઈ સંબંધ નથી. પરંતુ એ જગ્યા કે જેનો સંબંધ સમાજ સાથે છે ત્યાં આપણને ઈસ્લામે પૂરતી તપાસ કરવાનો હુકમ આપ્યો છે અને જો કોઈ માણસના મકામ અને હોદ્દાના કારણે


amillibrary.com

પૂરતી તપાસ અને તેહકીક ન કરવામાં આવે અને તેના આધારે કોઈ નિર્ણય લેવામાં આવે તો મુમકીન છે કોઈ એક કૌમ અને સમાજ ફીત્ના અને ફસાદમાં મૂકાઈ જાય.

## આયતમાંથી મળતા જરૂરી દર્સ :

આ આયતમાંથી ઘણા જ મહત્ત્વના દર્સ મેળવી શકાય છે જેમાંથી અમુક દર્સ બયાન કરીએ છીએ :

૧. જેને પણ તમે કોઈ કામ કરવાનો હુકમ આપો તેનું નામ એહતરામની સાથે લો. (يآ اَيُّهَا الَّذِيْنَ آمَنُوْا..... અય ઈમાન લાવનારાઓ !)

૨. પૈગમ્બરે ઈસ્લામ(સલ.)ના બધા જ સહાબીઓ આદીલ ન હતા. બલકે તેમાં અમુક ફાસીક અને મુનાફીક પણ હતા. (اِنْ جَاءكُمْ فاَسِقٌ જો તમારી પાસે કોઈ ફાસીક આવે.)

૩. એ માણસો જેમનું કામ સમાજમાં ફીત્નો અને ફસાદ ફેલાવવાનું છે તેમને ઝલીલ અને રૂસ્વા કરવામાં અને તેમના ખોટા કામોને જાહેર કરવામાં કોઈ વાંધો નથી. (اِنْ جَاءكُمْ فاَسِقٌ) જો તમારી પાસે કોઈ ફાસીક આવે.) આ આયતમાં ફાસીકથી મતલબ વલીદ બીન ઉકબા નામનો માણસ છે.

૪. ઈસ્લામનો મૂળ કાનુન એ છે કે ઝીંદગીમાં લોકો પર ભરોસો કરવો જોઈએ. પરંતુ જેમના ખરાબ કામો (ફીત્ના અને ફસાદ) વિશે બધા જ જાણે છે તેઓ સામાન્ય માણસો કરતા જુદા છે અને તેવા લોકોની વાત પર ભરોસો ન કરવો જોઈએ. اِنْ جَاءكُمْ فاَسِقٌ)જો તમારી પાસે કોઈ ફાસીક આવે.)

પ. કોઈ પણ બનાવ બનવાના બે કારણો છે. પહેલું, ફાસીકની કોશીષ અને પ્રયત્ન અને બીજું, મોમીનોનું ફાસીક માણસોની વાતો પર જલ્દી યકીન કરી લેવું.

 amillibrary.com

(ફાસીકો હંમેશા સમાજમાં ફીત્નો અને ફસાદ ફેલાવવાની કોશીષમાં હોય છે અને નાદાન તથા ભોળા મોમીનો બહુ જલ્દી તેમની વાતો પર યકીન કરી લે છે. એટલા જ માટે આવા ફાસીકો તેમની ચાલમાં કામયાબ થાય છે.) ( يآ اَيُّهاَ الَّذِيْنَ آمَنُوْا اِنْ جاءَكُمْ فاَسِقٌ بِنَبَاٍ فَتَبَيَّنُوْا.....) (અય ઈમાન લાવનારાઓ ! જો તમારી પાસે ફાસીક કોઈ ખબર લઈને આવે તો પૂરતી તપાસ કરો.)

૬. જો કે આપણે સામે ચાલીને ફાસીક પાસે કોઈ જાતની ખબર લેવા ન જવું જોઈએ. પરંતુ ફાસીક પોતે એવી કોશીષમાં રહે છે કે આપણી પાસે આવે અને આપણને ખોટી ખબર આપે ત્યારે આપણે તેની ખબરની પૂરતી તપાસ કરવી જરૂરી છે. (جاءَكُمْ) ફાસીક તમારી પાસે આવે.)


amillibrary.com

૭. દરેક ખબરની તપાસ કરવી જરૂરી નથી. (કારણકે અરબીમાં نَبَأ શબ્દ કોઈ મહત્ત્વની અને જરૂરી વાતને કહેવામાં આવે છે જેના વિશે તપાસ કરવી જરૂરી છે.) તેનો મતલબ એમ કે ઝીંદગીમાં સાંભળવા મળતી દરેક નાની નાની વાતો પર ધ્યાન ન આપવું જોઈએ. સીવાય કે કોઈ મહત્ત્વની વાત હોય.

૮. એક મોમીન માટે યોગ્ય નથી કે તે કોઈની વાત પર જલ્દી ભરોસો કરી લે. (آمَنُوْا....فَتَبَيَّنُوْا)

૯. જો કોઈ ખૂબ જ જરૂરી વાતની તપાસ કરવાની હોય તો તેના માટે વાર ન લગાડો.(فَتَبَيَّنُوْا) તો તમે પૂરતી તપાસ કરો.) અરબી ભાષામાં જયારે કોઈ કામને જલ્દી કરવાનું હોય ત્યારે فاء નો ઉપયોગ કરવામાં આવે છે.


amillibrary.com

૧૦. ઈસ્લામી સમાજમાં ચારે બાજુથી સાચી ખોટી અફવાઓ અને વાતો ફેલાવવામાં આવે છે. માટે લોકો પણ હોશિયાર હોવા જોઈએ અને જો કોઈ આવી વાત સાંભળે તો પહેલા તેના વિશે પૂરતી તપાસ કરે. (اِنْ جَاءَكُمْ .....فَتَبَيَّنُوْا) જો તમારી પાસે કોઈ ફાસીક આવે તો પૂરતી તપાસ કરો.)

૧૧. અમુક વખત ફાસીક પણ સાચું બોલે છે અને સાચી ખબર આપે છે. માટે દરેક વખતે તેની વાતને ખોટી ન માનવી જોઈએ. પરંતુ તેની આપેલી ખબર વિશે પૂરતી તપાસ કરવી જોઈએ. (فَتَبَيَّنُوْا) તમે પૂરતી તપાસ કરો.

૧૨. સમાજમાં ફેલાતા ફસાદ અને મુશ્કેલીઓનો ઈલાજ ઈસ્લામી સમાજના લોકોનું હોશિયાર રહેવું છે. (فَتَبَيَّنُوْا) તમે પૂરતી તપાસ કરો.

૧૩. પૂરતી તપાસ અને તેહકીક કર્યા પછી જ ફાસીકોને ઠપકો કે સજા આપવી જોઈએ અને આવા ફાસીકોને એટલી આઝાદી ન આપવી જોઈએ કે ઈસ્લામી સમાજમાં પોતાનું વર્ચસ્વ જમાવી શકે.(તેમની વાતોનો અસર નાખી શકે. ( فَتَبَيَّنُوْا اَنْ تُصِيْبُوْا قَوْماً) તમે ફાસીકની ખબરની પૂરતી તપાસ કરો. એવું ન બને કે તમે ભૂલથી કોઈ કૌમને નુકસાન પહોંચાડી દો.)

૧૪. સમાજના કાર્યકર્તા અને હોદ્દેદારોએ સમાજમાં કોઈ પણ બનાવ બનતા પહેલા હોશિયાર અને સાવચેત રહેવું જોઈએ અને જો કોઈ એવો બનાવ બની જાય તો તેના માટે કોઈ પણ જાતનો કદમ ઉઠાવતા પહેલા પૂરતી તપાસ કરવી જોઈએ. ( فَتَبَيَّنُوْا اَنْ تُصِيْبُوْا) પૂરતી તપાસ કરો એવું ન બને કે કોઈને નુકસાન પહોંચાડી દો.

 amillibrary.com

૧૫. અલ્લાહના અહકામના રાઝ / secret અને ફીલોસોફી બયાન કરવાથી લોકોમાં તેના પર અમલ કરવાનો શોખ અને ઉત્સાહ વધે છે. (આ આયતમાં તેહકીક અને તપાસ કરવાનું કારણ સમાજમાં થતા ફીત્ના અને ફસાદથી બચવાનું કહેવામાં આવ્યું છે.)

(فَتَبَيَّنُوْا اَنْ تُصِيبُوْا قَوْماً તમને મળતી અગત્યની ખબર વિશે પુરતી તપાસ કરો એવું ન બને કોઈ કૌમને (ખોટી રીતે) નુકસાન પહોંચાડી દો.)

૧૬. ફાસીકનો ખોટી ખબર પહોંચાડવાનો મકસદ ફીત્નો અને ફસાદ ફેલાવવાનો અને સમાજમાં લોકોની શાંતિ અને સુકુનને છીનવી લેવાનો હોય છે. (اَنْ تُصِيبُوْا قَوْماً بِجَهالَةٍ) તમે ફાસીકની ખબરની

પૂરતી તપાસ કરો. એવું ન બને કે તમે ભૂલથી કોઈ કૌમને નુકસાન પહોંચાડી દો.)

૧૭. કોઈ ખબર વિશે પૂરતી તપાસ કર્યા વગર કદમ ઉઠાવવો મુમકીન છે કોઈ કૌમને નાબૂદી તરફ લઈ જાય. (اَنْ تُصِيْبُوْا قَوْماً بِجَهاَلَةٍ)

૧૮. કોઈ પણ જાતની તેહકીક અને તપાસ કર્યા વગર ઉતાવળથી કોઈ પગલું ભરવું અથવા કોઈ નિર્ણય લેવો એક જાતની જહાલત અને અજ્ઞાનતા છે. ( اَنْ تُصِيْبُوْا قَوْماً بِجَهاَلَةٍ)

૧૯. અલ્લાહના અહકામ પર અમલ કરવાથી પસ્તાવો અને શરમીંદગીથી બચી શકાય છે. પૂરતી તપાસ કરો જેથી તમારે પસ્તાવાનો વારો ન આવે. (فتبينوا....نادمين)

૨૦. પૂરતી તપાસ કર્યા વગર કોઈ કામ કરવાનો નતીજો પસ્તાવો અને શરમીંદગી છે. ( نادمين)

(મકાન ખરીદવું, શાદી માટે છોકરા છોકરીની પસંદગી કે જીંદગીના કોઈ પણ મહત્ત્વના અને મોટા કામ માટે જરૂરી છે કે ઈન્સાન પહેલા પૂરતી તપાસ કરે જેથી પસ્તાવાનો વારો ન આવે.)

## ફીસ્ક શું છે અને ફાસીક કોણ છે ?

• આ સુરાની છઠ્ઠી આયતમાં કહેવામાં આવ્યું છે કે જો કોઈ ફાસીક તમારી પાસે કોઈ મહત્ત્વની ખબર લઈને આવે તો તેના વિશે પહેલા પૂરતી તપાસ કરો. અહીં આપણે જાણીએ કે 'ફાસીક' કોને કહેવાય અને તેની ખબર સાચી છે કે ખોટી તેને ઓળખવાના રસ્તા કયા છે ?

• ડીક્ષનરીમાં ફીસ્કનો શાબ્દિક અર્થ 'જુદા થવું' થાય છે અને કુરઆનની ભાષામાં ફીસ્કનો અર્થ સીરાતે મુસ્તકીમથી હટી જવું, બહાર નીકળી જવું કહેવામાં આવે છે. ફાસીક શબ્દ અદાલત અને ઈન્સાફનું

વિરૂદ્ધ છે અને ફાસીક તેને કહેવામાં આવે છે જેણે ગુનાહે કબીરા કર્યા હોય અને તૌબા ન કરે.

• કુરઆને શરીફમાં (ફીસ્ક) શબ્દ જુદી જુદી રીતે અને જુદી જુદી જગ્યાએ ૫૪ વખત આવ્યો છે. જેમકે,

૧. અમુક વખત વિચારો અને અકીદાની ગુમરાહી માટે આવ્યો છે. દાખલા તરીકે, ફીરઔન અને તેની કૌમને કહેવામાં આવ્યું છે. (اِنَّهُمْ كَانُوْا قَوْماً فَاسِقِيْنَ)બેશક તેઓ ફાસીક કૌમ છે. (સુરએ નમ્લ, ૧૨)

૨. જુદા જુદા ચહેરા ધરાવનાર મુનાફીકોને ફાસીક કહેવામાં આવ્યા છે. (اِنَّ الْمُنَافِقِيْنَ هُمُ الْفَاسِقُوْنَ) બેશક આ મુનાફીકો જ ફાસીક છે. (સુરએ તૌબા, ૬૭)

૩. અમ્બિયા (અલ.)ને તકલીફ આપનાર અને તેમના હુકમની નાફરમાની કરનારને ફાસીક કહેવામાં આવ્યા છે.(કુરઆને શરીફમાં બની


amillibrary.com

ઈસરાઈલ કે જેઓ હઝરત મૂસા(અલ.)ના હુકમની ઈતાઅત નહોતા કરતા અને તેમને તકલીફ આપતા હતા તેમને પણ ‘ફાસીક’ કહેવામાં આવ્યા છે.

قَالُوْا يَامُوْسي اِنَّا لَنْ نَدْخُلَهَا......القَوْمُ الْفَاسِقِيْنَ

(સુરએ માએદાહ, ૨૪,૨૫,૨૬)

૪. અમુક વખત એ લોકોને ફાસીક કહેવામાં આવ્યા છે જેઓ અલ્લાહના કાનૂન પ્રમાણે ફેંસલો નથી કરતા. (وَ مَنْ لَمْ يَحْكُمْ بِماَ اَنْزَلَ الله فاَوُلَئِكَ هُمُ الْفَاسِقُوْنَ) જે લોકો અલ્લાહના હુકમ પ્રમાણે ફેંસલો નથી કરતા તેઓ જ ફાસીક છે.) (સુરએ માએદાહ, ૪૭)

૫. કોઈ વખત ચાલાકી કરનાર અને બીજાને ફસાવનાર માણસોને પણ ફાસીક કહેવામાં આવે છે. (.....بِمَا كاَنُوْا يَفْسِقُوْنَ)(સુરએ અઅરાફ, ૧૬૩)


amillibrary.com

૬. જેઓ અમ્ર બીલ મઅરૂફ અને નહ્ય અનીલ મુનકર જેવી મહત્ત્વની જવાબદારીને છોડી દે છે તેમને ફાસીક કહેવામાં આવ્યા છે. ( اَنْجَيْنَا الَّذِيْنَ يَنْهَوْنَ عَنِ الُّسوْء وَ اَخَذْنَا الَّذِيْنَ ظَلَمُوْا......بِمَا كَانُوْ يَفْسِقُوْنَ)(સુરએ અઅરાફ, ૧૬૫)

૭. અમુક વખત એ લોકોને જેઓ ઘર, વેપાર, સગાવ્હાલા અને દુનિયાની માદ્દી વસ્તુઓને અલ્લાહની રાહમાં જેહાદ કરતા વધારે પસંદ કરે છે તેમને ફાસીક કહેવામાં આવે છે. ( اِنْ كَانَ آبَائُكُمْ.....اَحَبُّ.....وَاللهُ لاَ يَهْدِي الْقَوْمَ الْفَاسِقِيْنَ) (સુરએ તૌબા,૨૩)

૮. જે લોકો શહવતમાં ખોટા રસ્તા તરફ જાય છે તેમને પણ ફાસીક કહેવામાં આવ્યા છે. (કુરઆને મજીદ હઝરત લૂત(અલ.)ની કૌમને કે જેઓ લવાત(સજાતીય સંબંધ)ના ગુનાહને કોઈ પણ

જાતની શરમ અને ડર રાખ્યા વગર જાહેરમાં અંજામ આપતા હતા તેમને ફાસીકનો લકબ આપ્યો છે.) (رِجْزاً مِنَ السَّماَءِ بِماَ كاَنُوْا يَفْسِقُوْنَ)(સુરએ અનકબૂત, ૩૪)

૯. અમુક વખત હરામ ખોરાક ખાવાને પણ ફીસ્ક કહેવામાં આવ્યું છે. ( حُرِمَّتْ عَلَيْكُمْ الْمَيْتَةَ وَ الدَّمَ......ذاَلِكُمْ فِسْقَ) (સુરએ માએદાહ, ૩)

૧૦. પાકદામન ઔરતો પર ખોટી તોહમત લગાવનારાઓ પણ ફાસીક કહેવામાં આવ્યા છે. (يَرْمُوْنَ الْمُحْصَنَاتِ......اُوْلئِكَ هُمُ الْفاَسِقُوْنَ) જે લોકો પાકદામન સ્ત્રીઓ પર તોહમત લગાવે છે પછી પોતાના દાવા પર ચાર ગવાહ નથી રજુ કરતા તેમને એંસી કોરડા મારો. ક્યારેય એમની ગવાહીને કબૂલ ન કરશો. આ જ લોકો ફાસિક છે.)(સુરએ નુર, ૪)

# ફાસીક સાથેનો વર્તાવ

કુરઆને શરીફની આયતો અને માસુમીન(અલ.)ની રિવાયતો મુસલમાનોને ફાસીકની સાથે દોસ્તી કરવાની મનાઈ કરે છે.

૧. ઈમામ સાદીક(અલ.) ઈમામ બાકીર(અલ.)થી અને તેઓ ઈમામ સજ્જાદ(અલ.)થી રિવાયત બયાન કરે છે કે ફાસીક માણસો સાથે દોસ્તી કરવાથી બચો. કેમકે તને રોટલીના એક ટુકડા અથવા તેનાથી પણ ઓછી કીંમતમાં વેચી નાખશે.(એટલે તેઓ કોઈ દીવસ વફાદાર નહીં હોય.) (ઉસુલે કાફી, જીલ્દ ૨, પેજ ૩૭૬)

૨. હઝરત અલી(અલ.) ફરમાવે છે : ફાસીકની ગવાહી કબૂલ કરવામાં આવતી નથી. (વસાએલુશ્શીયા, જીલ્દ ૨૭, પેજ ૩૯૪)


amillibrary.com

૩. રસુલે ઇસ્લામ(સલ.) ફરમાવે છે : એ ફાસીક જે જાહેરમાં ગુનાહ કરે છે તેની પીઠ પાછળ કરવામાં આવેલી વાત ગીબત નહીં કહેવાય. (મુસ્તદરકુલ વસાએલ, જીલ્દ ૧, પેજ ૧૩૮)

૪. બીજી એક હદીસમાં આપ ફરમાવે છે : જો ફાસીક માણસ તમને મહેમાની માટે દાવત અપે તો તેની દાવતને કબૂલ ન કરો. (મન લા યહઝુર, જીલ્દ ૪, પેજ ૩)

## પૂરતી તપાસ અને તેહકીક, સમાજના પ્રશ્નોનો ઉકેલ

તારીખમાં હંમેશા અમ્બિયા(અલ.)ને એવા સમાજનો અને એવા માણસોનો સામનો કરવો પડયો હતો જેઓ જાત જાતની સામાજિક અને અખ્લાકી બીમારીઓના શિકાર હતા. એટલે સુધી કે આજે પણ


amillibrary.com

ઈન્સાનની જીંદગીમાં આટલી બધી ઈલ્મી, આર્થિક અને સામાજિક પ્રગતિ હોવા છતાં હજી પણ આ બીમારીઓ પહેલાની જેમ જ બાકી છે તે બીમારીઓ આ પ્રમાણે છે :

૧. બાપદાદાની વાતો પર વિચાર્યા વગર અમલ કરવો, ખોટા રીતરીવાજ અને આદતો.

૨. ફક્ત ખયાલો, વિચારો, અફવાઓ, ભવિષ્યવાણી, સપના, જાદુ, કોઈએ કહેલી વાત પર વિચાર્યા વગર અમલ કરવો.

૩. ઈલ્મ અને જાણકારી વગર ફેંસલો કરવો, ઈલ્મ વગર કોઈ કદમ ઉઠાવવો, સમજ્યા અને વિચાર્યા વગર કોઈના વખાણ કે ટીકા કરવી, ઈલ્મ વગર લખવું અને બોલવું.

આ આયતમાં તેહકીક અને તપાસ કરવાનો જે હુકમ આપવામાં આવ્યો છે તે સમાજની ઉપર જણાવેલી


amillibrary.com

બધી જ બીમારીઓને શિફા આપનાર બહેતરીન દવા છે. જો આપણા સમાજના લોકો વિચાર કરનાર, કોઈ વાત કે વિષય માટે પૂરતી તપાસ કરનાર હોય તો આ બધી જ સામાજિક આફતો અને મુશ્કેલીઓમાંથી સંપૂર્ણ નજાત મેળવી શકાય છે.

## એક કડવો નમૂનો

જંગે ખૈબર પછી રસુલે અકરમ(સલ.)એ ઓસામા બીન ઝૈદ નામના માણસને અમુક મુસલમાનો સાથે ફદકની આજુબાજુના એક ગામડામાં રહેતા યહુદીઓની પાસે મોકલ્યા. જેથી તેમને ઈસ્લામની દાવત કરે અને જો તેઓ ઈસ્લામ કબૂલ કરવા તૈયાર ન હોય તો ઈસ્લામી કાનૂન પ્રમાણે તેનો ટેક્સ આપે. ‘મીરદાસ’ નામના એક યહુદીએ આ ખબર સાંભળીને તેનો તમામ માલ અને તેના પત્ની, બચ્ચાઓને એક પર્વતમાં મૂકીને ( لَا اِلٰهَ اِلَّا اللّٰه

مُحَمَّدُ رَّسُوْلُ اللّٰہ) કહેતો કહેતો મુસલમાનોના સ્વાગત માટે આવ્યો. ત્યારે ઓસામા બીન ઝૈદે એવું ગુમાન કર્યું કે તે ડરના કારણે ઈસ્લામ લાવ્યો છે. તેનો ઈસ્લામ સાચો ઈસ્લામ નથી માટે તેને મારી નાખ્યો. જ્યારે રસુલે ખુદા(સલ.)ને આ વાતની જાણ થઈ ત્યારે આપ ઘણા જ નારાજ થયા. તે સમયે આ આયત નાઝીલ થઈ :

અય ઈમાન લાવનારાઓ ! જ્યારે પણ તમે અલ્લાહની રાહમાં કદમ ઉઠાવો અને સફર કરો ત્યારે તેહકીક અને તપાસ કરો અને જ્યારે કોઈ કહે કે હું ઈમાન લાવ્યો છું ત્યારે એમ ન કહો કે તું મોમીન નથી. તું ઈમાન નથી લાવ્યો અને ગનીમતનો માલ મેળવવા માટે કોઈ બેગુનાહને મારી ના નાખો. કારણકે અલ્લાહની પાસે બેહીસાબ ખજાના છે.(બેગુનાહ લોકોને મારી નાખ્યા વગર


amillibrary.com

પણ તે તમને માલ આપી શકે છે.) (સુરએ નીસા, ૯૪)

## પાકુ અને મજબૂત કામ

ઈસ્લામમાં દરેક કામને કાળજીપૂર્વક, ધ્યાન દઈને તથા મજબૂતીથી કરવા માટે ભાર આપવામાં આવ્યો છે. જેમકે,

૧. ઉસુલે દીનમાં તકલીદ કરવાની મનાઈ કરી છે અને ફરમાવે છે : દરેક ઈન્સાન પોતાની અક્કલથી સમજી વિચારીને અકીદાને કબૂલ કરે.

૨. ઈસ્લામમાં નેતૃત્વ માટે બીજી બધી શર્તોની સાથે ઈસ્મત(માસુમ હોવું) અથવા અદાલતને જરૂરી માનવામાં આવ્યું છે.(જો રેહબર અને લીડર અલ્લાહ તરફથી મોકલાવેલા હોય તો શર્ત છે કે એ માસુમ હોય અને જો દુનિયાનો રેહબર હોય તો તેના માટે અદાલતની શર્ત છે.)

૩. આપણે જેમની તકલીદ કરીએ છીએ તે મરજેઅ તકલીદની શર્તોમાં પણ ઈલ્મ અને અદાલતની સાથે તકવા અને પરહેઝગારી, પોતાના ઝમાનાના પ્રશ્નો અને મસાઈલનું ઈલ્મ તથા જાણકારી તેમની પાસે હોવી જરૂરી છે.

૪. ન્યાયાધીશ પાસે ઈલ્મ અને અદાલત હોવી જરૂરી છે. પરંતુ સરકાર પર પણ જરૂરી છે કે ન્યાયાધીશના જીવનજરૂરી ખર્ચાની બધી જ જવાબદારી પોતે ઉઠાવે. જેથી ન્શાયાધીશ ફકીરી અને પૈસાની તંગીના કારણે લોકો પાસેથી લાંચ લેવા માટે મજબૂર ન થાય.

૫. ધંધો, વેપાર અને જીવનના જરૂરી લેવડ દેવડના દસ્તાવેજના હુકમ વિશે કુરઆને શરીફની સુરએ બકરાહની સૌથી મોટી આયત (૨૮૨)માં બયાન કરવામાં આવ્યું છે. એટલે સુધી કે ઈસ્લામ

એક મુરદાને દફન કરવા માટે પણ મજબૂત કામ કરવાનો હુકમ આપે છે. મુસલમાનોએ જોયું કે રસુલે ખુદા(સલ.) એક મુસલમાનની કબરને ઘણી જ મજબૂત અને કાળજીપૂર્વક બનાવતા હતા. આ જોઈને કોઈએ સવાલ કર્યો કે તે માણસ તો મરી ગયો છે. તો પછી શું કામ તેની કબરને બનાવવા માટે એક એક ઈંટને આટલી સરખી રીતે મૂકો છો ? આપે ફરમાવ્યું: અલ્લાહતઆલા ચાહે છે કે મુસલમાન જે પણ કામ હાથમાં લે તેને મજબૂતીથી અને સારી રીતે કરે.

કુરઆને કરીમ વાત કરવા માટે પણ ફરમાવે છે : قُوْلُوْا قَوْلاً سَدِيْداً (અક્કલવાળી અને મજબૂત વાત કરો.) (સુરએ અહઝાબ, ૭૦)

આ ટૂંકી ચર્ચા પછી આપણે જાણીએ કે ઈસ્લામમાં ખબરનું શું મહત્ત્વ છે.

## ઈસ્લામમાં ખબરનું મહત્ત્વ

ઈસ્લામમાં ખબર માટે ઘણો જ ભાર આપવામાં આવ્યો છે. જેમકે,

૧. કુરઆને શરીફમાં આપણને હુકમ આપવામાં આવ્યો છે કે જેના વિશે તમને ઈલ્મ અને જાણકારી ન હોય તેની પાછળ ન જાવ. કારણકે કયામતના દીવસે તમારી આંખ, કાન અને દીલથી સવાલ કરવામાં આવશે. (સુરએ ઈસ્રા, ૩૬)

૨. કુરઆને શરીફ એ લોકોની ઘણા સખત શબ્દોમાં ટીકા કરે છે જેઓ કોઈ વાત સાંભળીને સમજ્યા વિચાર્યા વગર તેને ફેલાવે છે. કુરઆન તેમના વિશે ફરમાવે છે: તમે કોઈ પણ વાતને એની પાસે રજૂ કરો જેની પાસે એટલી આવડત અને લાયકાત હોય


amillibrary.com

કે તે વાતને સમજીને તેમાંથી સાચો નતીજો કાઢી શકે અને જ્યારે એ વાતની સચ્ચાઈ સાબિત થઈ જાય ત્યાર પછી તેને બીજા સુધી પહોંચાડો. (સુરએ નીસા, ૮૩)

૩. જે લોકો ખોટી વાતોને ફેલાવીને સમાજમાં ચિંતા અને ડરનું વાતાવરણ પેદા કરે છે તેમના માટે કુરઆને કરીમમાં સખત અઝાબ બયાન કરવામાં આવ્યો છે. (સુરએ અહઝાબ, ૬૦)

૪. અલ્લાહના રસૂલ(સલ.)એ તેમની જીંદગીના છેલ્લા વર્ષમાં હજના સફરમાં ફરમાવ્યું : જે લોકો મારા તરફથી ખોટી વાતો ફેલાવે છે તેઓ ઘણા વધારે છે અને ભવિષ્યમાં તેનાથી પણ વધારે થશે. જે કોઈ જાણી જોઈને ખોટી હદીસને મારા તરફથી બયાન કરે તેનું ઠેકાણું જહન્નમ છે. જે કાંઈ મારી પાસેથી સાંભળો તેને કુરઆન અને મારી સુન્નત

સાથે સરખાવો. જો તે વાત કુરઆન અને સુન્નતથી સાચી સાબિત થાય તો તેને કબૂલ કરો નહીં તો તેને રદ કરી દો. (બહારૂલ અન્વાર, જીલ્દ ૨, પેજ ૨૨૫)

૫. જે લોકો જૂઠી વાતને ઈમામ બાકીર(અલ.) તરફ નીસ્બત આપતા હતા ઈમામ સાદીક(અલ.)એ તેમના પર લાનત કરી અને ફરમાવ્યું : જે કાંઈ તમે અમારા તરફથી સાંભળ્યું છે તેની સાચી હોવાની ગવાહી જો તમને કુરઆન અથવા અમારી હદીસોમાં મળે તો તેને કબૂલ કરજો. નહીં તો કબૂલ ન કરજો. (બહારૂલ અન્વાર, જીલ્દ ૨, પેજ ૨૨૫)

૬. ઈમામ રઝા(અલ.)એ ફરમાવ્યું : અમારી હદીસો સાચી હોવાની દલીલ કુરઆન અને રસુલે ખુદા(સલ.)ની સુન્નત છે. (બહારૂલ અન્વાર, જીલ્દ ૨, પેજ ૨૫૦)

૭. ઈસ્લામના મહત્ત્વના ઈલ્મમાંથી એક ઈલ્મ ‘ઈલ્મે રેજાલ’ છે જેમાં સાચી હદીસોને ખોટી હદીસથી ઓળખવામાં આવે છે અને હદીસ બયાન કરનાર માણસોની જીંદગી વિશે ચર્ચા કરવામાં આવે છે કે તે લોકો કેવા હતા. જેથી હદીસ અને તેને બયાન કરનાર રાવીની સચ્ચાઈ વિશે જાણી શકાય.

## તપાસ કરવાની રીત

સૌથી મહત્ત્વનું એ છે કે આપણે જાણકારી મેળવીએ અને પૂરતી તપાસ કરીએ. જેથી કોઈ પણ જાતનો જહાલતવાળો કદમ ન ઉઠાવીએ. પરંતુ ઈસ્લામ જે એક કામીલ દીન છે તેણે સાચી વાતને ખોટી વાતથી ઓળખવાના રસ્તા પણ આપણને બયાન કર્યા છે. જેમકે,


amillibrary.com

૧. એવી કીતાબોમાંથી વાત બયાન કરવામાં આવે જે ભરોસાપાત્ર અને કબૂલ કરવા લાયક હોય.એટલે સુધી કે રસુલુલ્લાહ(સલ.) એ પણ તૌરાત અને ઈન્જીલ જેવી કીતાબને પોતાની નબુવ્વત માટે ગવાહ બનાવી અને ફરમાવ્યું : મારું નામ અને મારી નબુવ્વતની નિશાની તમે તૌરાન અને ઈન્જીલમાં જોશો. (مَكْتُوْباً عِنْدَهُمْ فِي التَّوْرَاةِ وَ الاِنْجِيْلِ) (સુરએ અઅરાફ, ૧૫૭)

૨. તકવાવાળા આલીમોને સવાલ કરવો. (فَاسْئَلُوْا اَهْلَ الذِّكْرَ) (સુરએ નહલ, ૪3; સુરએ અમ્બિયા, ૭)

3. બે આદીલ માણસોની ગવાહી આપવી. (ذَوَا عَدْلٍ مِّنْكُمْ) (સુરએ માએદાહ, ૯૫)

૪. ઈન્સાન પોતે કોઈ મહત્ત્વની વાત કે ખબર વિશે તપાસ કરે. જેમકે, તારીખમાં જોવા મળે છે કે જ્યારે મુસલમાનોએ હબશા દેશ તરફ હીજરત કરી હતી

ત્યારે હબશાના બાદશાહ નજાશીએ મુસલમાનો વિશે પૂછપરછ અને તપાસ કરી હતી.

પ. પુરાવા અને નિશાનીઓને ભેગી કરવી.

અમુક વખત ઈન્સાન અમુક નિશાનીઓ, અમુક પુરાવા અને વાતો, તેની સાથે કામ કરતા સાથીદારો, કામ કરવાનો ટાઈમ, તેની જગ્યા, કામ કરવાની રીત વગેરે વસ્તુઓની મદદથી એક વાતની સચ્ચાઈ સુધી પહોંચી શકે છે.

દાખલા તરીકે, પૈગમ્બરે ઈસ્લામની સચ્ચાઈને જાણવા માટે આપણે અમુક નિશાનીઓને જોઈએ છીએ. જેમકે એ પૈગમ્બર જેઓ 'ઉમ્મી' હતા. (એટલે તેમણે દુનિયામાં કોઈની પાસે શિક્ષણ નથી લીધું.) એવા માહોલમાં કે જ્યાં બધા જ લોકો બૂતોની ઈબાદત કરતા હતા ત્યાં બૂતોની ઈબાદતની વિરૂદ્ધ અવાજ બુલંદ કરી. તેમની

 amillibrary.com

તાલીમ કુરઆનની તાલીમ છે. દોસ્ત અને દુશ્મનની પાસે 'અમીન'ના લકબથી ઓળખવામાં આવ્યા. તેમના અખ્લાક ઘણા જ ઉચ્ચ હતા. તેમની પાસે સારા અને વફાદાર દોસ્તોનું હોવું, મક્કાની જીતના દીવસે પણ આપે લોકોને માફ કરી દીધા. તેમના અહકામ આખી દુનિયાના લોકો માટે અને તેમની કામ કરવાની રીત હકના આધારે હતી. આ બધી નિશાનીઓ પૈગમ્બરના સાચા નબી હોવાને સાબિત કરે છે.

૬. ખબર આપનાર માણસની વાતોમાં કોઈ જાતનો વિરોધાભાસ ન હોય. (એટલે કે તેની પહેલાની અને પછીની વાતો સરખી હોવી જોઈએ.)

૭. ખબર આપનારની વાત અને બીજા લોકોની વાત સરખી હોવી જોઈએ. દાખલા તરીકે, એક માણસ રસુલે અકરમ(સલ.)ની એક હદીસથી કોઈ

એક અર્થ સમજે છે. જ્યારે તે જુએ કે બીજા આલીમોએ પણ તે હદીસથી એ જ અર્થ લીધો છે તો જે કાંઈ સમજ્યો છે તેના પર તેને યકીન થઈ જાય છે.

૮. એક ખાસ માણસને ખબરની તપાસ કરવા માટે મોકલવો જોઈએ.

હઝરત અલી (અલ.) ફરમાવે છે : ( عَيْنِي بِالْمَغْرِبْ)એટલે પશ્ચિમ તરફ મોકલાવેલા મારા ખાસ માણસે મને આ ખબર આપી છે.

૯. લોકોની વાતો પર ભરોસો કરીને પણ તપાસ કરી શકાય. હઝરત અલી(અલ.) ફરમાવે છે : ( بَلَغَنِي انَّكَ) એટલે લોકોએ મને આ વાતની ખબર આપી છે.

૧૦. બીજા લોકોએ કરેલો ભરોસો જેમકે આલીમો અને મરજેઅ તકલીદ કોઈ એક હદીસ પર ભરોસો

કરે અને તેના પ્રમાણે કોઈ ફતવો આપે અથવા દીનદાર માણસો નમાઝમાં કોઈની ઈમામતમાં નમાઝ પઢે તો આ પ્રકારના ભરોસાને આપણી તેહકીક અને તપાસ કરવા માટે સહારો બનાવી શકીએ છીએ.

૧૧. ઈન્સાનની પાછલી જીંદગી અને તેની રહેણીકરણી પણ તેહકીક માટેનો રસ્તો બની શકે છે. (દાખલા તરીકે, શાદી માટે છોકરા છોકરી અને તેના માબાપનું પાછલું જીવન જોઈને તેના આધારે નિર્ણય લેવામાં આવે છે. એ જ પ્રમાણે કોઈ અગત્યના હોદ્દાની નિમણૂક માટે પણ તેની પહેલાની જીંદગીના કાર્યોને માપદંડ ગણવામાં આવે છે.)

રસુલે ઇસ્લામ (સલ.)એ લોકોને ફરમાવ્યું : શા માટે તમે મારા પર શક કરો છો ? મેં તમારા દરમિયાન

આખી જીંદગી પસાર કરી છે અને તમે મારા વિશે બધું જ જાણો છો. (સુરએ યુનુસ, ૧૬)

## ખોટું બોલવું

સુરએ હુજુરાતની આ આયત(નં. ૬)માં કોઈ પણ મહત્ત્વની ખબર વિશે તેહકીક અને તપાસ કરવાનો હુકમ આપવામાં આવ્યો છે. માટે જરૂરી છે કે આપણે જૂઠ અને ખોટું બોલવા વિશે પણ થોડી જરૂરી ચર્ચા કરીએ :

૧. ખોટું બોલવું એક જાતનો નિફાક છે. કારણકે ઈન્સાન એ વાતને તેની ઝબાનથી કહે છે જેના વિશે તેને પોતાને પણ યકીન નથી હોતું. يَقُوْلُوْنَ بِاَلْسِنَتِهِمْ ماَ لَيْسَ فِي قُلُوْبِهِمْ)એ લોકો પોતાની ઝબાનથી એવી વાતો કહે છે જે તેમના દીલોમાં નથી. (સુરએ ફતહ, ૧૧)

૨. જૂઠ કોઈ વખત તોહમતના સ્વરૂપમાં આવે છે અને કોઈ એક પાક ઈન્સાન પર તોહમત લગાવવામાં આવે છે. (اَرَادَ بِاَهْلِكَ سُوْءً) ઝુલેખા ખોટું બોલીને યુસુફ અલ. પર તોહમત લગાવે છે. કહે છે: હઝરત યુસુફ (અલ.) તારી પત્ની સાથે ખરાબ ઈરાદો ધરાવે છે. (સુ. યુસુફ, ૨૫)

૩. જૂઠ અમુક વખત સોગંદ અને કસમના રૂપમાં હોય છે. એટલે કે ખોટી કસમ ખાવામાં આવે છે. يَحْلِفُوْنَ بِاللّٰهِ....)મુનાફીકો અલ્લાહની કસમ ખાય છે.) (સુરએ તૌબા, ૭૪)

૪. અમુક વખત રોઈને, આંસુ વહાવીને ખોટું બોલવામાં આવે છે. જેમકે હઝરત યુસુફ(અલ.)ના ભાઈઓ રાતના ટાઈમે, આંખમાં આંસુની સાથે તેમના પપ્પા હઝરત યાકુબ(અલ.) પાસે આવ્યા અને કહેવા લાગ્યા કે અમારા ભાઈ યુસુફને વરૂ

ખાઈ ગયું છે. (وَ جَاؤُوْا اَبَاهُمْ عِشَاءً يَّبْكُوْنَ) હઝરત યુસુફ (અલ.)ના ભાઈઓ પોતાના બાબા પાસે રોતા રોતા આવ્યા.) (સુરએ યુસુફ, ૧૬)

૫. જૂઠ ફક્ત ઝબાનથી નથી બલકે ક્યારેક અમલથી પણ હોય છે.

હઝરત યુસુફ(અલ.)ના ભાઈઓએ તેમના કપડા ખૂનવાળા કરીને અમલથી ખોટું બોલીને પોતાના મકસદને બયાન કર્યો. (بِدَمٍ كَذِبٍ) (સુરએ યુસુફ, ૧૮)

૬. ઈસ્લામ લોકોને મજાકમાં પણ ખોટું બોલવાની મનાઈ કરે છે. (ઉસુલે કાફી, જીલ્દ ૨, પેજ ૩૩૮)

૭. જૂઠ ઘણા બધા ગુનાહોની ચાવી છે. (ઉસુલે કાફી, જીલ્દ ૨, પેજ ૩૩૭)

૮. જૂઠ ઈન્સાનને ઈમાનની મીઠાશથી વંચિત કરી દે છે અને ઈમાનની ખરાબીનું કારણ બને છે.

(ઉસુલે કાફી, જીલ્દ ૨, પેજ ૩૪૦, ઉસુલે કાફી, જીલ્દ ૨, પેજ ૩૩૯)

૯. ઈમામ બાકીર(અલ.) ફરમાવે છે : જૂઠથી વધારે ખરાબ કોઈ વસ્તુ નથી.

૧૦. મૌલા અલી(અલ.) ફરમાવે છે : ખોટું બોલનાર માણસોની સાથે દોસ્તી કરવાથી બચો. કારણકે તે મૃગજળ સમાન છે. (મૃગજળ એટલે તડકામાં ઈન્સાનને દૂરથી પાણી દેખાય, પરંતુ હકીકતમાં પાણી ન હોય.) ખોટું બોલનાર દોસ્ત કોઈ દિવસ વફાદાર નથી હોતો.

 amillibrary.com

# આયત નં. ૭, ૮

وَاعۡلَمُوۡۤا اَنَّ فِيۡكُمۡ رَسُوۡلَ اللّٰهِ‌ؕ لَوۡ يُطِيۡعُكُمۡ فِىۡ كَثِيۡرٍ مِّنَ الۡاَمۡرِ لَعَنِتُّمۡ

وَلٰـكِنَّ اللّٰهَ حَبَّبَ اِلَيۡكُمُ الۡاِيۡمَانَ وَزَيَّنَهٗ فِىۡ قُلُوۡبِكُمۡ وَكَرَّهَ اِلَيۡكُمُ

الۡكُفۡرَ وَالۡفُسُوۡقَ وَالۡعِصۡيَانَ‌ ؕ اُولٰٓـئِكَ هُمُ الرّٰشِدُوۡنَ

અને જાણી લો કે ફક્ત તમારા દરમિયાન અલ્લાહના રસુલ છે કે જો તે રસુલ ઘણી બધી બાબતોમાં તમારૂં કહ્યું માને તો જરૂર તમે મુશ્કેલીમાં મૂકાઈ જાવ. પરંતુ અલ્લાહતઆલાએ તમારા દીલોમાં ઈમાનની મોહબ્બત આપી અને તમારા દીલોને (ઈમાનથી) ઝીનત અતા કરી અને કુફ્ર, ઝુલ્મ તથા ગુનાહ પ્રત્યે તમારા દીલોમાં નફરત નાખી. આવા લોકો જ સીધા રસ્તા પર છે.

فَضْلاً مِّنَ اللّٰهِ وَ نِعْمَةً وَاللّٰهُ عَلِيْمٌ حَكِيْمٌ

(ઈમાનની મોહબ્બત અને કુફરથી નફરત અલ્લાહતઆલાનો ફઝલ અને તેની મોટી નેઅમત છે અને અલ્લાહતઆલા જાણનાર અને હીકમતવાળો છે.

## આયતના જરૂરી પોઈન્ટસ :

• આ પહેલાની આયતમાં આપણે જાણ્યું કે વલીદ બીન ઉકબા નામના માણસે પૈગમ્બરે ઈસ્લામને તથા લોકોને એવી ખબર આપી કે એક કબીલાના માણસો પૈગમ્બર(સલ.) ની વાતનો વિરોધ કરે છે. આ વાત સાંભળીને લોકો ખૂબ જ ઉશ્કેરાઈ ગયા અને ગુસ્સામાં આવીને તેમના પર હુમલો કરવા માટે તૈયાર થઈ ગયા. લોકો ચાહતા હતા કે પૈગમ્બરે ઈસ્લામ પણ તેમની વાતને ટેકો આપે અને તે કબીલા સાથે જંગ કરે. ત્યારે આ આયત


amillibrary.com

નાઝીલ થઈ કે જ્યારે પણ કોઈ ફાસીક ખબર લઈને આવે ત્યારે પૂરતી તપાસ કરો અને બીજું એ કે લોકો પૈગમ્બરે ઈસ્લામ(સલ.)ના હુકમ પ્રમાણે અમલ કરે. ન કે ફાસીક માણસોની ખોટી વાત સાંભળીને ઉશ્કેરાએલા લોકોની લાગણીના આવેશમાં આવીને તેમની ઈચ્છાઓ પ્રમાણે એક રહેબર કે લીડર અમલ કરે.

• રિવાયતમાં માસુમ(અલ.) ફરમાવે છે : તમારી જાતને ઓળખવાની ચાવી તમારા દીલમાં મોમીનો માટેની મોહબ્બત છે. જો મોમીનો માટે તમારા દીલમાં મોહબ્બત હોય તો તમે ખૈર અને ભલાઈના રસ્તા પર છો. પરંતુ જો તમને ગુનેહગારો માટે મોહબ્બત હોય તો તમારામાં જરાય ખૈર અને ભલાઈ નથી. (ઉસુલે કાફી, જીલ્દ ૨, પેજ ૧૨૬)


amillibrary.com

• રિવાયતમાં માસુમ(અલ.) ફરમાવે છે : حَبَّبَ اِلَيْكُمُ الْاِيْمَان(અલ્લાહતઆલાએ તમારા દીલોમાં ઈમાનની મોહબ્બત નાખી છે.) આ આયતમાં ‘ઈમાન’નો અર્થ અલી ઈબ્ને અબી તાલીબ(અલ.) છે, અને كَرَّهَ اِلَيْكُمْ الْكُفْرَ وَ الْفُسُوْقَ وَ الْعِصْيَانَ(કુફર, ઝુલ્મ તથા ગુનાહ માટે તમારા દીલોમાં નફરત નાખી. આ આયતમાં કુફર, કુસુક અને ઈસ્યાનનો મતલબ એ માણસો છે જેમણે અહલેબૈત(અલ.) સાથે જંગ કરી હતી. (ઉસુલે કાફી, જીલ્દ ૧, પેજ ૪૨૬)

• ઈમામ સાદીક(અલ.) રસુલે અકરમ(સલ.)થી હદીસ બયાન કરે છે કે જે માણસ ફક્ત ખાવું, પીવું, પહેરવું, ઓઢવું વગેરેને જ અલ્લાહની નેઅમતો સમજે છે તેના અમલ ઘણા જ ઓછા અને તેનો અઝાબ નઝદીક છે.


amillibrary.com

બીજી એક હદીસમાં માસુમ(અલ.) ફરમાવે છે : જે લોકો રૂહાની વસ્તુઓ માટેની મોહબ્બત અને ગુનાહોથી નફરતને નેઅમત નથી સમજતા તેમણે અલ્લાહની નાશુકરી કરી છે. આવા લોકોના અમલ ઓછા છે અને તેમની મહેનતનો તેમને કોઈ ફાયદો થતો નથી. (બહારૂલ અન્વાર, જીલ્દ ૭૪, પેજ ૧૫૮)

• હીદાયત અલ્લાહતઆલા તરફથી અમ્બિયા (અલ.)ને આપવામાં આવેલો તોહફો છે. (آتَيْنَا اِبْرَاهِيْمَ رُشْدَهُ) (સુરએ અંબિયા, ૫૧)

• અમ્બિયા(અલ.)ની જવાબદારી પણ ઈન્સાનોને હીદાયત કરવાની છે. (يَا قَوْمِ اتَّبِعُوْنِ اَهْدِكُمْ سَبِيْلَ الرَّشَادِ) મુસા (અલ.)ની કૌમમાંથી તેણે કહ્યું : અય મારી કોમ! મારી પૈરવી કરો જેથી તમને સાચા રસ્તાની હિદાયત કરૂં.) (સુરએ ગાફીર, ૩૮)

• અમ્બિયા(અલ.) પોતે પણ વધારે હીદાયત મેળવવાની કોશીષ કરતા હતા. જેમકે હઝરત મૂસા(અલ.) સેહરામાં હઝરત ખીઝર(અલ.)ની સાથે જાય છે જેથી તેમની મઅરેફતમાં વધારો થાય. هَلْ اتَّبَعَكَ عَلي اَنْ تُعَلِّمَنِ مِمَّا عُلِّمْتَ رُشْداً મુસા (અલ.)એ કહ્યું : શું હું તમારી પૈરવી કરૂં જેથી જે કંઈ તમને શીખવાડવામાં આવ્યું છે અને જે હિદાયતનું કારણ છે તે મને શીખવાડો. (સુરએ કહ્ફ, ૬૬)

• ઈમાન હીદાયત મેળવવાનો વસીલો છે. ( وَلْيُؤْمِنُوْا بِي لَعَلَّهُمْ يَرْشُدُوْنَ તમે મારા પર ઈમાન લાવો જેથી હિદાયત પામો.) (સુરએ બકરહ, ૧૮૬)

• આસમાની કીતાબો પણ ઈન્સાન માટે હીદાયત મેળવવાનો વસીલો છે.(يَهْدِي اِلَي الرُّشْدِ) (સુરએ જીન, ૨)


amillibrary.com

ટૂંકમાં એ કે કુરઆને શરીફમાં રૂશ્દનો મતલબ આધ્યાત્મિક અને રૂહાની વિકાસ છે. ઈન્સાનની ટૂંકી નજર છે કે વિકાસને ફક્ત દુનિયાની કામયાબીમાં જ સમજે છે.

• એવો સમાજ જેમાં હુકૂમત કરનાર અને રાજકારણી માણસો માસુમ અથવા આદીલ ન હોય ત્યાં ઝુલ્મ અને અન્યાય જરૂર અસ્તિત્વમાં આવશે. ત્યાં કોઈ જાતની પ્રગતિ નહીં હોય. ( وَمَا اَمْرُفِرْعَوْنَ بِرَشِيْدٍ)અલ્લાહતઆલા ફરમાવે છે : ફીરઔનની હુકૂમતમાં કોઈ જાતની પ્રગતિ નથી.(સુરએ હુદ, ૯૭)

પરંતુ જો હુકૂમત કરનાર માસુમ અથવા આદીલ હોય તો લોકો માટે કામયાબીનો રસ્તો ખુલી જશે. (اُوْلَئِكَ هُمُ الرَّاشِيدُوْنَ)

 amillibrary.com

## આયતમાંથી મળતા જરૂરી દર્સ :

૧. જો આપણે ચાહતા હોઈએ કે પસ્તાવાનો વારો ન આવે તો અમ્બિયા(અલ.)ની વાતોને માનીએ.(આ પહેલાની આયતના છેલ્લા ભાગમાં પસ્તાવો અને શરમીંદગીની વાત થઈ હતી અને આ આયતમાં ફરમાવે છે : તમારી પાસે પૈગમ્બર છે તો તેમની વાતને માનો. તેમની વાત પર અમલ કરો. જેથી પસ્તાવું ન પડે અને ઉતાવળથી કરેલા કામોના નુકસાનથી પણ બચી શકાય.) (نَادِمِيْنَ. وَاعْلَمُوْا اَنَّ فِيْكُمْ رَسُوْلَ اللهِ)

૨. પૈગમ્બર અને ઈલાહી રેહબરની હાજરી સમાજ માટે ઘણી મોટી ફઝીલત અને વિશેષતા છે. (فِيْكُمْ رَسُوْلَ الله)એટલે તમારા દરમિયાન રસુલ(સલ.) છે.) એમ નથી કહેવામાં આવ્યું કે (رَسُوْلَ اللهِ فِيْكُمْ) રસુલ(સલ.) તમારા દરમિયાન છે.)

૩. રહેબર અને લીડર લોકો દરમિયાન હાજર હોવા જોઈએ. જેથી લોકો તેમની સાથે મુલાકાત કરી શકે અને લોકો પણ લીડરની હાજરીને મહત્ત્વ આપે અને તેમની ઈતાઅત કરે. اِنَّ فِيْكُمْ رَسُوْلَ اللهِ(બેશક તમારા દરમિયાન અલ્લાહના રસુલ(સલ.) છે.)

૪. જો લોકો એવી આશા રાખે કે પૈગમ્બર તેમની સલાહ લે, તેમની સાથે વિચારોની આપ લે કરે તો એમાં કોઈ વાંધો નથી. પરંતુ જો સાથે એવી પણ આશા રાખે કે પૈગમ્બર તેમના કહેવા પ્રમાણે અમલ કરે અને તેમની વાતોને માને તો આ બીલકુલ શક્ય નથી. (لَوْ يُطِيْعُكُمْ....لَعَنِتُّمْ..)

૫. સમાજમાં જોવા મળતી લોકોની મુશ્કેલીનું કારણ એ છે કે તેઓ અમ્બિયા(અલ.)ની તઅલીમથી દૂર થઈ ગયા છે અને પોતાના નફસની ઈચ્છાઓ, પોતાના બનાવેલા ખાસ રીત રીવાજો અને વિચારો

પ્રમાણે અમલ કરે છે. (لَوْ يُطِيْعُكُمْ....لَعَنِتُّمْ.જો પૈગમ્બર(સલ.) તમારી વાતોને માને તો તમે મુશ્કેલીમાં મૂકાઈ જશો.)

૬. એક રહેબર અને લીડર પોતાની જાતે કોઈ પણ નિર્ણય લેવામાં આઝાદ હોવો જોઈએ. (જો ખૂબ જ વધારે ફીત્ના અને ફસાદ, લોકોના વિચારો, ઈચ્છાઓ અને તેમના મત એક લીડરના ઈરાદાને કમજોર કરી દે તો સમાજ ઘણી બધી મુશ્કેલીઓમાં ફસાઈ જશે.) (لَوْ يُطِيْعُكُمْ....لَعَنِتُّمْ.(દુશ્મન પણ એવું જ ચાહે છે કે એક લીડરનો ઈરાદો કમજોર થાય અને તેના કારણે સમાજમાં અનેક મુશ્કેલીઓ ઉભી થાય. કુરઆને શરીફ બીજી જગ્યાએ ફરમાવે છે : وَدُّوْا مَا عَنِتُّمْ....) (દુશ્મનો) ચાહે છે કે કે તમે દુ:ખી અને પરેશાન થાવ.) (સુ. આલે ઈમરાન, ૧૧૭)


amillibrary.com

૭. એક લીડરે અમુક સંજોગોમાં લોકોના ફાયદા માટે બાંધછોડ કરવી જરૂરી છે. (فِيْ كَثِيْرٍمِّنَ الاَمْرِ)

૮. એવી જગ્યા જ્યાં અલ્લાહ અને તેના રસુલ(સલ.) તરફથી કોઈ હુકમ આપવામાં ન આવ્યો હોય ત્યાં લોકો સાથે સલાહ મશવેરો કરી શકાય છે. આવા સંજોગોમાં લોકોના વિચારો સાથે સહમત થઈને તેમની સલાહ પ્રમાણે અમલ કરવામાં કોઈ વાંધો નથી. (فِيْ كَثِيْرٍمِّنَ الاَمْرِ)

(તેનો મતલબ એમ કે અમુક જગ્યાએ લોકોના સલાહ સૂચન પ્રમાણે અમલ કરવાથી નુકસાન થતું નથી.)

૯. દીન અને મઝહબ માટે તીવ્ર ઈચ્છા હોવી એક ફીતરી અને કુદરતી વસ્તુ છે જે અલ્લાહતઆલાએ દરેક ઈન્સાનના દીલમાં નાખી છે. حَبَّبَ اِلَيْكُمُ الْاِيْمَانَ...) અલ્લાહતઆલાએ તમને ઈમાનની

મોહબ્બત આપી છે.) (રિવાયતમાં માસુમ(અલ.) ફરમાવે છે : હકને પસંદ કરવું, અલ્લાહના અવલિયા અને મોમીનો પ્રત્યે પ્રેમ હોવો આ અલ્લાહનો એક ખાસ લુત્ફો કરમ છે.)

૧૦. દીલમાં ઈમાનની મોહબ્બત અને પ્રેમ હોવો જોઈએ. ન કે ઈમાન લાવવા માટે આપણે કોઈને ફોર્સ કે જબરદસ્તી કરીએ. (حَبَّبَ اِلَيْكُمُ الْاِيْمَانَ...)

૧૧. ઈમાન, દીલોની ઝીનત અને શોભા છે. وَ زَيَّنَهُ فِي قُلُوْبِكُمْ) અલ્લાહતઆલાએ ઈમાનને દીલોની ઝીનત બનાવી છે.) જેવી રીતે પર્વતો, દરિયા, ખાણ, ફૂલો, ઝરણા અને જે કાંઈ જમીન પર છે તે જમીનની ઝીનત અને શોભા છે. اِنَّا جَعَلْنَا ماَ عَلي الْاَرْضِ زِيْنَةً لَهَا) જે કાંઈ વસ્તુઓ અમે જમીન પર રાખી છે તે બધી જમીનની શોભા છે.) ઈન્સાનની ઝીનત તેનો આધ્યાત્મિક અને રૂહાની કમાલ છે

અને જે કાંઈ ભૌતિક શોભા છે તે જમીનના કમાલ છે.

૧૨. તવલ્લા અને તબર્રા બંને સાથે હોવું જરૂરી છે. જો ઈમાનને પસંદ કરીએ તો જરૂરી છે કે કુફ્ર, ફીસ્ક અને ગુનાહથી પણ નફરત કરીએ.

..حَبَّبَ اِلَیۡکُمُ الۡاِیۡمَانَ...کَرَّہَ اِلَیۡکُمُ الۡکُفۡر

અલ્લાહતઆલાએ તમને ઈમાનની મોહબ્બત આપી છે અને કુફ્ર પ્રત્યે તમારા દીલમાં નફરત રાખી છે.)

૧૩. દીલથી ઈન્કાર કરવો અને ખરાબ નિયત હોવી નાફરમાની કરવાની શરૂઆત છે. આ આયતમાં પહેલા ફરમાવે છે ( اَلْكُفْرَ) એટલે (પહેલા દીલથી ઈન્કાર કરે છે) અને પછી ફરમાવે છે ( اَلْفُسُوْقَ وَالْعِصْيَانَ) એટલે (ઈન્કાર કર્યા પછી ગુનાહ અને નાફરમાની શરૂ થાય છે.)

 amillibrary.com

૧૪. કુફ્ર કરવું અને હક વાતનો ઈન્કાર કરવો ઈન્સાનની ફીતરતને બદલી નાખવું છે. (કારણ કે દરેક ઈન્સાનની ફીતરતમાં અલ્લાહતઆલાએ ઈમાનની મોહબ્બત નાખી છે. જો તે ઈમાનનો ઈન્કાર કરે તો તેનો મતલબ એમ કે ઈન્સાન તેની ફીતરતની વિરૂધ્ધ જાય છે.) ( حَبَّبَ اِلَيْكُمُ الْاِيْمَانَ...كَرَّهَ اِلَيْكُمُ الْكُفْرَ..)

૧૫. કુફ્ર અને ગુનાહ ઈમાનની આફતો છે ( حَبَّبَ اِلَيْكُمُ الْاِيْمَانَ...كَرَّهَ اِلَيْكُمُ الْكُفْرَ...)

૧૬. ખરાબીઓથી નફરત કરવી પણ ફીતરી વસ્તુ છે. દરેક ઈન્સાન ફીતરી રીતે ખરાબીઓ અને બૂરાઈઓથી નફરત કરે છે. ( كَرَّهَ اِلَيْكُمُ الْكُفْرَ وَ الْفُسُوْقَ وَ الْعِصْيَانَ)

અને આ જ નફરત ઈન્સાનની પ્રગતિનું કારણ બને છે. ( اُوْلَئِكَ هُمُ الرَّاشِدُوْنَ)


amillibrary.com

૧૭. જે લોકો કુફ્ર, ફુસુક અને ગુનાહોથી નફરત નથી કરતા તેઓ રૂહાની કમાલ હાસીલ નથી કરી શકતા. (كَرَّهَ... أُوْلاَئِكَ هُمُ الرَّاشِدُوْنَ) જે લોકો ગુનાહોથી નફરત કરે છે બેશક તેઓ હિદાયત પામેલા છે.)

૧૮. નેઅમતો ફક્ત માદ્દી જ નથી. બલકે અલ્લાહતઆલાની સૌથી મોટી નેઅમત ઈમાનને પસંદ કરવું અને કુફ્ર, ફુસુક તથા ગુનાહોથી નફરત કરવી છે. (حَبَّبَ...كَرَّهَ...فَضْلاً مِنَ اللهِ وَ نِعْمَة)ઈમાનની મોહબ્બત અને કુફ્ર તથા ગુનાહોથી નફરત અલ્લાહ તરફથી એક મોટી બક્ષિસ અને નેઅમત છે.)

૧૯. દીલમાં ઈમાનની મોહબ્બત હોવી અલ્લાહ તઆલાનો લુત્ફ અને એહસાન છે. ( حَبَّبَ اِلَيْكُمُ اْلاِيْمَانَ.... فَضْلاً مِنَ اللهِ وَ نِعْمَة)

# ઈમાન અને ઈલ્મ વચ્ચેનો સંબંધ

ઈમાન ઈલ્મથી અલગ વસ્તુ છે. ઈમાન ઈલ્મ કરતા વધારે બહેતર અને બુલંદ છે. કારણકે ઈમાનનો સંબંધ મોહબ્બતથી છે. જેમકે વિલાયતનું મકામ (જેમને અલ્લાહતઆલાએ વલીનો હોદ્દો આપ્યો છે.) એક પ્રમુખ, હાકીમ, બાદશાહ અને સુલતાન વગેરે દુન્યવી હોદ્દાઓથી અલગ છે. એવી જ રીતે ખુમ્સ અને ઝકાતનો સંબંધ સરકાર તરફથી નાખવામાં આવતા ટેક્સ વગેરેથી અલગ છે.

કહેવાનો મતલબ એમ કે એક મોમીન પાસે ઘણી બધી વસ્તુઓનું ઈલ્મ હોય છે. પરંતુ તેના માટે તેના દીલમાં પ્રેમ અને મોહબ્બત નથી હોતી. દાખલા તરીકે, પહાડોની ઊંચાઈ, દરિયાની ઊંડાઈ, બાદશાહોની જીંદગી અને આવી બીજી હજારો વસ્તુઓનું ઈલ્મ તેની પાસે હોય છે અને તેને બીજી


amillibrary.com

ઘણી બધી વસ્તુઓની માહિતી હોય છે. પરંતુ તેમાંથી કોઈ પણ વસ્તુ સાથે તેના દીલમાં મોહબ્બત નથી હોતી. પણ જ્યારે અલ્લાહ, અકીદો અને ઈમાનની વાત આવે છે તો તરત જ તેના દીલમાં મોહબ્બત અને લાગણી પેદા થાય છે અને આ ઈમાન અને મોહબ્બત અલ્લાહતઆલા તરફથી મળેલો તોહફો છે જેને ઈન્સાનના દીલમાં રાખવામાં આવ્યો છે. એટલા માટે કાફીરોએ હકીકતમાં તેમની જીદ અને કુફરના કારણે તેમની ફીતરતને બદલી નાખી છે. (حَبَّبَ اِلَيْكُمُ الايْمَانَ) એટલે અલ્લાહતઆલાએ મોમીનોના દીલોમાં ઈમાનની મોહબ્બત રાખી છે.

ખુમ્સ અને ઝકાતમાં પવિત્રતા, યકીન, પોતાની મરજીથી આપવું, અલ્લાહની ખુશી અને તેની નઝદીકી છૂપાએલી છે. જ્યારે કે આ બધી બાબતો ટેક્સમાં નથી હોતી. એટલા જ માટે દુનિયાના બધા

જ લોકો તેમના દેશના કાનુન પ્રમાણે ટેક્સ આપે છે પણ ટેક્સ લેનાર માણસો માટે તેમના દીલમાં જરાય મોહબ્બત નથી હોતી અને મોમીનો કે જેઓ અલ્લાહ અને રસુલ(સલ.) પર ઈમાન રાખે છે ખુમ્સ અને ઝકાત આપતી વખતે પોતાના મરજેઅ તકલીદ સાથે પ્રેમ અને મોહબ્બત પણ કરે છે.

# આયત નં. ૯

وَاِنْ طَآئِفَتَانِ مِنَ الْمُؤْمِنِيْنَ اقْتَتَلُوْا فَأَصْلِحُوْا بَيْنَهُمَا فَاِنْ بَغَتْ اِحْدَا يهُمَا عَلي الْاُخْرَي فَقَاتِلُوْا الَّتِي تَبْغِي حَتَّي تَفِيءَ اِلي أَمْرِ اللهِ فَاِنْ فَاءَتْ فَأَصْلِحُوْا بَيْنَهُمَا بِالْعَدْلِ وَ أَقْسِطُوْا اِنَّ اللهَ يُحِبُّ الْمُقْسِطِيْنَ

જો મોમીનોના બે સમૂહ આપસમાં ઝઘડો કરે તો તરત જ બંનેમાં સમાધાન કરાવો અને જો તેમાંથી એક પક્ષ બીજા પર ઝુલ્મ કરે તો બધા સાથે મળીને તેનો મુકાબલો કરો. એટલે સુધી કે ઝુલ્મ કરનાર અલ્લાહના હુકમ તરફ પાછો ફરે. જો તે અલ્લાહના હુકમ તરફ પાછો ફરી જાય (ઝુલ્મ કરવાનું બંધ કરી દે) તો બંનેમાં ઈન્સાફથી સુલેહ કરાવો અને ન્યાયથી વર્તાવ કરો. બેશક, અલ્લાહતઆલા ન્યાય કરનારાઓને ચાહે છે.

## આયતના જરૂરી પોઈન્ટસ :

• આ સુરાની શરૂઆતમાં જુદા જુદા લોકો સાથે કેવો વર્તાવ કરવો જોઈએ તે બયાન કરવામાં આવ્યું છે. જેમકે,

૧. અલ્લાહ અને તેના રસુલ(સલ.) સાથેનો વર્તાવ. (તેમના હુકમથી આગળ ન ચાલો... لاَ تُقَدِّمُوْا)

૨. રસુલે ખુદા(સલ.) સાથેનો વર્તાવ. (તેમની હાજરીમાં અદબ અને અખ્લાકનો ખ્યાલ રાખવો અને મોટા અવાજે વાત ન કરવી.)

૩. ફાસીક સાથેનો વર્તાવ, તેની આપેલી ખબર વિશે પૂરતી તપાસ કરવી.

૪. વિદ્રોહી અને બળવો કરનાર સાથેનો વર્તાવ અને તેના બળવાને દબાવવું.

૫. મોમીનો અને દોસ્તો સાથે પ્રેમ અને મોહબ્બતવાળો વર્તાવ. (હવે પછીની આયતો)

હદીસમાં માસુમ(અલ.) ફરમાવે છે : તમારો મોમીન ભાઈ ચાહે તે ઝાલીમ હોય કે મઝલુમ તેની મદદ કરો. જો મઝલુમ હોય તો ઝાલીમ પાસેથી તેનો હક લેવામાં આવે અને જો ઝાલીમ હોય તો તેના ઝુલ્મને રોકવામાં તેની મદદ કરો. (વસાએલુશ્શીયા, જીલ્દ ૧૨, પેજ ૨૧૨)

મુસલમાનોની પાસે પોતાની હુકૂમત, તાકાત, લશ્કર, શિક્ષણ અને તાલીમ, અલ્લાહ માટે કામ કરનાર માણસો, પ્રચાર માધ્યમ/દ્વીdૈફ વગેરે હોવા જરૂરી છે. નહીંતર આજના જમાનામાં આ આયત પર અમલ કરવો એટલે કે આંતરરાષ્ટ્રીય મોટા મોટા વિદ્રોહી, ડાકૂઓ, ઝાલીમો અને તે પણ આજના સમયની ઈલ્મ અને ટેકનોલોજીની પ્રગતિ અને સંચાર માધ્યમો વગેરેની સગવડ સાથે તેમને ડામવા શક્ય નથી. તેનો મતલબ એમ કે જો

બાગીઓને, ડાકૂઓને નાબૂદ કરવું વાજીબ હોય તો ઈસ્લામી હુકૂમતની સ્થાપના કરવી પણ વાજીબ છે.

## આયતમાંથી મળતા જરૂરી દર્સ :

આ આયતમાંથી પણ ઘણા બધા દર્સ મળે છે જેમાંથી અમુક દર્સ બયાન કરીએ છીએ.

૧. ઈમાનનો મતલબ એમ નથી કે મોમીનનો કોઈની સાથે ઝઘડો ન થાય. પરંતુ મોમીન સાથેનો ઝઘડો એક તણખા સમાન, ખૂબ જ મામુલી અને ટૂંક સમય માટેનો હોય છે. ન કે એક મોટા બનાવની જેમ હંમેશ માટે બાકી રહે. કારણકે આ આયતમાં (اِقْتَتَلُوْا) શબ્દ ભૂતકાળ છે જે ટૂંક સમયના ઝઘડા તરફ ઈશારો કરે છે. જો ઝઘડો વધારે લાંબા સમયનો હોત તો (يَقْتَتِلُوْنَ) શબ્દ વાપરવામાં આવ્યો હોત. (يَقْتَتِلُوْنَ) શબ્દ ચાલુ વર્તમાનકાળ છે જે હંમેશા ચાલુ રહેનાર કામને બયાન કરે છે.

૨. અદબ અને અખ્લાક આપણને શીખવાડે છે કે ખોટા અને ખરાબ કામો વિશે ડાયરેક્ટ આપણા શ્રોતાને (જેની સાથે આપણે વાત કરી રહ્યા છીએ) ન કહેવું જોઈએ. (આ આયતમાં એમ નથી ફરમાવ્યું: જો તમારામાંથી બે પક્ષના માણસો લડે બલકે ફરમાવે છે: મોમીનોમાંથી જો બે પક્ષ લડે. એટલે કે તમે લડનારા લોકોમાંથી નથી. (اِقْتَتَلُوْا) (કારણ કે ડાયરેક્ટ કહેવાથી મુમકીન છે સામેવાળાનું અપમાન થાય અને તે વાતને કબૂલ કરવા માટે તૈયાર ન થાય.)

૩. લડાઈ અને ઝઘડો એવી ખરાબ વસ્તુ છે કે બધા માણસોને પોતાની તરફ ખેંચી લે છે અને ફક્ત બે પક્ષ સુધી જ બાકી નથી રહેતો. (જો એક ઘરમાં પતિપત્ની વચ્ચે ઝઘડો થાય તો તે ઝઘડો બે વચ્ચે જ નથી રહેતો પણ બંને તરફના સગા સંબંધી પણ


amillibrary.com

તે ઝઘડામાં શામિલ થાય છે. ટૂંકમાં એ કે ઝઘડાની આગ ઘણા બધાને પોતાની અંદર સમાવી લે છે.)

આ આયતમાં (اِقْتَتَلُوْا) શબ્દ બહુવચન બયાન કરવામાં આવ્યો છે. જો ફક્ત બે જ પક્ષમાં આ ઝઘડો હોત તો (اِقْتَتَلاَ)બયાન કરવામાં આવ્યું હોત.

૪. મુસલમાનો જ્યારે પણ કોઈના વચ્ચે ઝઘડો કે અણબનાવ થતો જુએ અથવા તેમને કોઈના વચ્ચે ઝઘડો થવાના સમાચાર મળે તો એક મુસલમાન તરીકે પોતે જવાબદાર છે કે તેમની વચ્ચે સંપ અને સુલેહ કરાવે. પરંતુ એ સમયે ગાફીલ રહેવું અથવા એમ કહેવું કે મારે શું લેવા દેવા ? તો આ વાતની ઈસ્લામમાં સખત મનાઈ કરવામાં આવી છે. ફરમાવે છે : فَأَصْلِحُوْا) મુસલમાનો દરમિયાન તરત જ સમાધાન કરાવો.)

 amillibrary.com

૫. મુસલમાનોના ઝઘડાને દૂર કરવા માટે અને તેમની વચ્ચે સમાધાન કરાવવા માટે જરાય મોડું કર્યા વગર, ઝડપથી કદમ ઉઠાવવો જોઈએ. (અરબીમાં فاء શબ્દ ત્યારે વાપરવામાં આવે છે જ્યારે કોઈ કામ ઝડપથી કરવાનું હોય. આ આયતમાં (فَأَصْلِحُوْا)કહેવામાં આવ્યું છે જેનો મતલબ એમ છે કે તમે ઝડપથી સુલેહ કરાવો.

૬. જો બેમાંથી કોઈ એક પક્ષ ઝુલ્મ કરે અને હદથી આગળ વધી જાય તો બધા જ મુસલમાનો તેનો મુકાબલો કરવા માટે એક થઈ જાય. فَاِنْ بَغَتْ.... فَقَاتِلُوْا الَّتِي تَبْغِي) જો બેમાંથી એક પક્ષ ઝુલ્મ કરે તો બધા સાથે મળીને તેનો મુકાબલો કરો.)

૭. સમાજમાં અદાલત અને શાંતિ જળવાઈ રહે તે માટે જો ઝાલીમ અને અત્યાચાર કરનારને કત્લ કરવાની જરૂર પડે તો તે પણ કરવું જોઈએ. કારણકે

ઝાલીમના ખૂનની કોઈ કીંમત નથી. فَاِنْ بَغَتْ....فَقَاتَلُوْا...) જો તેઓ ઝુલ્મ અને અત્યાચાર કરે તો તેમની સાથે લડાઈ કરો.) (જો કે આ પ્રકારના કામો ઈસ્લામી હુકૂમત અથવા મુજતહીદના ફતવાથી સંબંધ ધરાવે છે.)

૮. ઝુલ્મનો મુકાબલો હીંમત અને તાકાતથી કરવામાં આવે.(ઈસ્લામી હુકૂમતમાં એક ઝાલીમને કોઈ પણ જાતની ઢીલ કે ફુરસત આપવામાં ન આવે.) (فَاِنْ بَغَتْ.... فَقَاتِلُوْا الَّتِي تَبْغِي) જો તેઓ ઝુલ્મ કરે તો બધા સાથે મળીને તેનો મુકાબલો કરો.)

૯. એક ઝાલીમને દબાવવામાં કે તેની સાથેના વ્યવહારમાં કોઈ પણ જાતની નરમાશ કે ઢીલ ન હોવી જોઈએ. (فَقَاتِلُوْا શબ્દમાં فاء કોઈ કામને ઝડપથી કરવા માટે બયાન કરવામાં આવે છે.

૧૦. એક ઝાલીમને પકડવા માટે અને તેને સજા કરવા માટે તેના ફેમેલી, પત્ની બાળકોને હેરાન ન કરવા જોઈએ અને ફક્ત તે ઝાલીમને જ પકડવો જોઈએ. (فَقَاتِلُوْا الَّتِي تَبْغِي જે ઝુલ્મ કરે છે તેની સાથે મુકાબલો કરો.)

૧૧. એક ઝાલીમના ઝુલ્મને દબાવવા માટે કોઈ પણ જાતની શર્ત કે બીજી કોઈ વસ્તુને ધ્યાનમાં રાખીને ભેદભાવ ન કરવો જોઈએ. ચાહે તે આપણો ઓળખીતો હોય કે અજાણ્યો હોય.

૧૨. ઝુલ્મનો મુકાબલો અને વિરોધ કરવો મુસલમાનોનો એક મુકદ્દસ અને પવિત્ર મકસદ છે. (حَتَّي تَفِيءَ اِلي أَمْرِ اللهِ અહીં સુધી કે અલ્લાહના હુકમ તરફ પાછા ફરે એટલે ઝુલ્મ કરવાનું છોડી દે.)

૧૩. ઝુલ્મનો મુકાબલો મકસદ હાસીલ થાય ત્યાં સુધી જ હોવો જોઈએ. (حَتَّي تَفِيءَ اِلي أَمْرِ اللهِ અહીં

સુધી કે તેઓ અલ્લાહના હુકમ તરફ પાછા ફરે.) તેના માટે કોઈ ચોક્કસ ટાઈમ, મહીનો કે તારીખ નથી. દાખલા તરીકે, કોઈ એક માણસ ડોક્ટર પાસે જવાનો અને દવા ખાવાનો સમય ત્યાં સુધી છે જ્યાં સુધી તે ફરી સાજો ન થઈ જાય.

૧૪. એક ઝાલીમને દબાવવા માટે કોઈ પર્સનલ, વ્યક્તિગત, કૌમનો કે કોઈ ખાસ પક્ષનો કે પોતાનો પ્રાઈવેટ બદલો લેવાનો મકસદ ન હોવો જોઈએ. એ જ રીતે ઝાલીમને બીજાની સામે નીચો દેખાડવાનો કે પોતાના વખાણ માટેનો મકસદ પણ ન હોવો જોઈએ. બલકે આપણો એક જ મકસદ હોય કે ઝાલીમ અલ્લાહના રસ્તા તરફ પાછો ફરે. حَتّٰي تَفِيءَ اِلٰي أَمْرِ اللهِ) અહીં સુધી કે તેઓ અલ્લાહના હુકમ તરફ પાછા ફરે.)

૧૫. સમાધાન માટે બસ એટલું જ કાફી છે કે ઝાલીમ સીધા રસ્તા પર આવવાનું શરૂ કરી દે. જે સમયે તે હક તરફ પાછા ફરવાનું શરૂ કરે તેની સાથે લડાઈ કરવાનું બંધ કરી દો. કારણ કે મુકાબલા માટે એ શર્ત નથી કે ઝાલીમ સો એ સો ટકા હક તરફ પાછો આવી જાય પછી જ આપણે સમાધાન કરીએ. (حَتَّي تَفِيءَ اِلي أَمْرِ اللهِ અહીં સુધી કે તેઓ અલ્લાહના હુકમ તરફ પાછા ફરે.)

૧૬. જ્યાં સુધી ઝુલ્મ કરનાર કોણ છે તેની ખબર ન હોય ત્યાં સુધી ઝઘડાને ઠંડો પાડીને સુલેહ કરવાની કોશીષ કરવી જોઈએ. (فَأَصْلِحُوْا એટલે સમાધાન કરાવો.)

૧૭. પરંતુ ઝુલ્મ કરનાર કોણ છે તેની ખબર પડી જાય ત્યારે સુલેહ અને શાંતિનો મકસદ મઝલુમનો બચાવ અને ઝાલીમ પાસેથી તેનો હક લેવા માટે

હોવો જોઈએ. (فَأَصْلِحُوْا بَيْنَهُمَا بِالْعَدْلِ) બંને પક્ષ દરમિયાન ન્યાય અને ઈન્સાફ સાથે સુલેહ કરો.)

૧૮. મુસલમાનોની જવાબદારી જુદી જુદી હાલતમાં બદલાય છે. કોઈ વખત સુલેહ અને સમાધાન કરાવવાની જવાબદારી હોય તો કોઈ વખત જંગ અને લડાઈ કરવાની જવાબદારી હોય. આ આયતમાં (فَأَصْلِحُوْا) શબ્દ બે વખત આવ્યો છે અને (قاتلوا) શબ્દ પણ બે વખત આવ્યો છે.

૧૯. બે પક્ષમાં સુલેહ કરાવવા માટેના ઝઘડામાં થયેલું નુકસાન ઝુલ્મ કરનારની પાસેથી વસૂલ કરવું જોઈએ. (بِالْعَدْلِ)એટલે અદલ અને ઈન્સાફ સાથે સુલેહ કરાવો.

હઝરત અલી (અ.) ફરમાવે છે : એ સમાજ અને કૌમ જેમાં કમજોર અને ઝઈફોનો હક તાકાતવાળા પાસેથી લેવામાં ન આવે તો તે સમાજની કોઈ

કીંમત અને ઈઝ્ઝત નથી. (ઉસુલે કાફી, જીલ્દ ૫, પેજ ૫૬)

૨૦. જ્યાં પણ નફ્સાની ખ્વાહીશાતનું તોફાન, ગુસ્સો અને અવારનવાર ભૂલો થતી હોય ત્યાં વારંવાર નસીહત કરવી જરૂરી છે. بِالْعَدْلِ وَأَقْسِطُوا إِنَّ اللَّهَ يُحِبُّ الْمُقْسِطِينَ ) બે પક્ષ દરમિયાન ન્યાયથી સુલેહ કરાવો અને ઈન્સાફ કરો. અલ્લાહતઆલા ઈન્સાફ કરનારાઓને પસંદ કરે છે.)

૨૧. એ સુલેહનું મહત્ત્વ છે જેમાં હકદારને તેનો હક પાછો મળે. નહીતર ઝલીલ થઈને ચૂપ રહેવું મૌત સમાન અને જબરદસ્તીથી કરવામાં આવતી સુલેહ છે. (اَصْلِحُوْا.....اَقْسِطُوْا)

૨૨. જ્યાં પણ મુશ્કેલીઓ સહન કરવાની વાત આવે ત્યાં પ્રેમ અને મોહબ્બતથી કામ લો. ( اِنَّ الله يُحِبُّ

الْمُقْسِطِيْنَ અલ્લાહતઆલા ઈન્સાફ કરનારને પસંદ કરે છે.)

૨૩. એ લોકો અલ્લાહની મોહબ્બત મેળવી શકે છે જેઓ અદલ અને ઈન્સાફથી વર્તાવ કરે. નહીં તો બે પક્ષના ઝઘડાને ન્યાય વગર શાંત કરવો અલ્લાહની નજરમાં પસંદનીય નથી. ( اِنَّ اللہ یُحِبُّ الْمُقْسِطِيْنَ અલ્લાહતઆલા ઈન્સાફ કરનારને પસંદ કરે છે.)

## અમુક નમૂના

આ તે આયત છે કે જેની તિલાવત કરનારના બંને હાથ કાપવામાં આવ્યા. જંગે જમલમાં જ્યારે મામલો ઘણો જ ગંભીર હાલતમાં હતો મૌલા અલી(અલ.)એ આયેશાના માણસોને જંગની શરૂઆત કરવાની મનાઈ કરી. તેમણે ઈમામ(અલ.)ની વાત ન માની. અલી (અલ.)એ

અલ્લાહને ફરીયાદ કરી કે લોકો નાફરમાની કરે છે અને સાંભળતા નથી. આપે કુરઆને શરીફ હાથમાં લીધું અને સવાલ કર્યો કે કોણ આ આયતની મુઆવીયા અને તેના લશ્કરની સામે જઈને તિલાવત કરશે ? وَ اِنْ طَآئِفَتَانِ مِنَ الْمُؤْمِنِيْنَ اقْتَتَلُوْا فَأَصْلِحُوْا بَيْنَهُمَا) મોમીનના બે પક્ષ લડાઈ કરે, જંગ કરે તો એમના દરમિયાન સુલેહ કરાવો.) આ વાત સાંભળીને મુસ્લીમ મુજાશીઈ નામનો માણસ આવ્યો અને કહેવા લાગ્યો: યા ઈમામ ! હું આ આયતની દુશ્મનના લશ્કરની સામે તિલાવત કરીશ. ઈમામ (અલ.)એ ફરમાવ્યું : જો તું આ આયતની તિલાવત કરીશ તો તારો જમણો અને ડાબો હાથ કાપી નાખવામાં આવશે અને તને શહીદ કરી નાખશે. તેણે જવાબ આપ્યો : (هَذاَ قَلِيْلٌ فِي ذَاتِ اللّٰهِ) અલ્લાહની રાહમાં મારી શહાદત કાંઈ જ નથી. તે માણસે


amillibrary.com

કુરઆને શરીફ હાથમાં લીધું, આયેશાના લશ્કરની સામે આવ્યો અને આ આયતની તિલાવત કરીને લોકોને અલ્લાહના દીન તરફ દાવત કરી. જેથી બેગુનાહ ઈન્સાનોનું ખૂન ન વહે અને જંગ ન થાય. આ આયતની તિલાવત સાંભળીને દુશ્મનોએ તેનો જમણો હાથ કાપી નાખ્યો. તરત જ તેણે કુરઆને શરીફને પોતાના ડાબા હાથમાં લીધું તો તેના ડાબા હાથને પણ કાપી નાખ્યો. બંને હાથ કપાઈ ગયા પછી તેણે કુરઆનને પોતાના દાંતોમાં દબાવ્યું. છેવટે આયેશાના માણસોએ કુરઆનની તિલાવત કરનાર આ માણસને શહીદ કરી નાખ્યો. ઈમામ અલી(અલ.)એ તેની શહાદત પછી જંગ કરવાનો હુકમ આપ્યો. (બિહારૂલ અન્વાર, જીલ્દ ૩૨, પેજ ૧૭૫)


amillibrary.com

શરૂઆતમાં કુરઆનની આયતો અને દલીલોથી તબ્લીગ કરીને હુજ્જત તમામ કરવી જોઈએ અને પછી બહાદૂરી સાથે છેલ્લા સ્વાસ સુધી પોતાનો મકસદ હાસીલ કરવા માટે કોશીષ કરવી જોઈએ.

## અદાલત

• આ આયતમાં ત્રણ વખત અદાલત વિશે વાત કરવામાં આવી છે. فَأصْلِحُوْا بَيْنَهُمَا ) بِالْعَدْلِ وَ أَقْسِطُوْا اِنَّ اللہ يُحِبُّ الْمُقْسِطِيْنَ) એટલા માટે થોડી વાતો અદાલત વિશે બયાન કરીએ છીએ :

૧. આ દુનિયા હક અને અદાલતના આધારે બનાવવામાં આવી છે. (بِالْعَدْلِ قَامَتِ السَّمَوَاتِ) (બિહારૂલ અન્વાર, જીલ્દ ૩૩, પેજ ૪૯૩)

૨. અમ્બિયા (અલ.)ને પણ એટલા માટે મોકલવામાં આવ્યા છે કે લોકોમાં અદાલત અને ઈન્સાફથી અમલ કરે. (لِيَقُوْمَ النَّاس بِالْقِسْطِ) અંબિયા(અલ.) લોકો

દરમિયાન અદલ અને ઈન્સાફ કાએમ કરે. (સુરએ હદીદ,૨૫)

3. અદાલત જીંદગી અને ઝુલ્મ મૌત છે. ( اَلْعَدْلُ حَيَاةٌ وَ الْجَوْرُ مَمَاتٌ) (અસારૂસ્સાદેકીન, જીલ્દ ૧૨,પેજ ૪૩૫)

૪. એક કલાક ઈન્સાફથી કામ લેવું ૭૦ વર્ષની ઈબાદત કે જેમાં દિવસના રોઝા રાખ્યા હોય અને રાતે જાગીને ઈબાદત કરી હોય તેના કરતા અફઝલ છે. (જામેઉસ્સાદેકીન, જીલ્દ ૨,પેજ ૨૨૩)

૫. એક આદીલ અને ઈન્સાફ કરનાર રેહબરની દુઆ જરૂર કબુલ થાય છે. (વસાએલુશ્શીયા,જીલ્દ ૭,પેજ ૧૦૮)

૬. જો લોકોમાં અદાલત અને ઈન્સાફથી કામ થાય તો અલ્લાહતઆલાની ઈજાઝતથી આસમાન તેની બરકતો નાઝીલ કરશે અને ઝમીન તેની અંદર

 amillibrary.com

રહેલા ખઝાનાને બહાર લાવશે. (ઉસુલે કાફી,જીલ્દ ૩,પેજ ૫૬૯)

૭. ઈમામ કાઝીમ(અલ.) ફરમાવે છે : જો લોકોમાં અદાલત અને ઈન્સાફ આવી જાય તો બધા જ ઈન્સાનોની જરૂરતો પૂરી થઈ જશે. (ઉસુલે કાફી,જીલ્દ ૧,પેજ ૫૪૧) બીજી હદીસમાં આપે ફરમાવ્યું : અદાલત મધથી પણ વધારે મીઠી છે.

૮. ઈમામ કાઝીમ(અલ.) આ આયત ( يُحْيِي الْاَرْضَ بَعْدَ مَوْتِهَا)ની તફસીરમાં કે અલ્લાહતઆલા મુરદા જમીનને જીવતી કરે છે ફરમાવે છે : અલ્લાહતઆલા એવા માણસોને મોકલશે કે જેઓ લોકોમાં ઈન્સાફ ફેલાવશે અને આ ઈન્સાફના કારણે જમીન જીવંત થશે. (ઉસુલે કાફી,જીલ્દ ૭,પેજ ૨૭૪)

 amillibrary.com

૯. જનાબે ફાતેમા ઝહેરા (સલા.) ફરમાવે છે : અદાલત દીલોને શાંતિ અને સુકુન આપે છે. (મન લા યહઝુર,જીલ્દ ૩,પેજ ૫૬૭)

(લોકો ગરીબીને સહન કરી શકે છે પરંતુ ભેદભાવ તથા અન્યાયને સહન કરી શકતા નથી અને ગુસ્સે થાય છે.)

## અમ્બિયા(અલ.)ની તઅલીમમાં અદાલત

સામાન્ય રીતે 'અદાલત' શબ્દ કાનુન સાથે અને 'અન્યાય' શબ્દ કાનુન પર અમલ ન કરવો, ઠુકરાવી દેવો વગેરે સાથે હોય છે. પણ જો કાયદા કાનુનનું જ કોઈ મહત્ત્વ ન હોય તો પછી કેવી રીતે તેના પર અમલ કરી શકાય ?

એ કાયદા કાનુન જેને આપણા જેવા ઈન્સાનોએ બનાવ્યા હોય, એ કાનુન જે દરરોજ બદલાતા રહેતા હોય, એ કાનુન જેમાં અમુક લોકોનો કે અમુક

પાર્ટીનો પોતાનો ખાસ ફાયદો રહેલો હોય, એ કાનુન જે ઈન્સાનની ઓછી અક્કલ, ખૂબ જ મર્યાદિત અને મહેદૂદ ઈલ્મ અને જાણકારીના આધારે બનાવવામાં આવ્યા હોય, જેમાં ઈન્સાનની નફસની ખ્વાહીશાત, પોતાના કૌમ અને પોતાના દેશના લોકોના ફાયદા હોય, એવા કાનુન જેમાં બીજા ઈન્સાનોને આપવામાં આવેલી ધમકી અને પોતાની લાલચ રહેલી હોય, એવા કાનુન જે દરેક જગ્યાએ જુદા જુદા પ્રકારના અને દરેક જમાનામાં બદલાતા રહેતા હોય અને દરેક તાકાતવાળી ઝાલીમ હુકૂમત પોતાના ફાયદા પ્રમાણે કાનુનને બદલવાનો પોતાને અધિકાર આપતી હોય.

જ્યારે કે કાનુન બનાવનારમાં અનેક જાતની ભૂલો, ઐબો અને ખરાબ સીફતો જોવા મળતી હોય અને

ખુદ એ કાનુન બનાવનાર પોતે જ તેના પર અમલ ન કરતા હોય !!

શું આવા પ્રકારના કાનુન માટે ઈન્સાનની નજરમાં કોઈ જાતનું મહત્ત્વ કે એહતરામ હોઈ શકે ? શું આવા કાનુન પર ઈન્સાન અમલ કરી શકે ? શું આવા કાનુન એક સમાજ માટે ઈઝ્ઝત, શરાફત અને કમાલ હાસીલ કરવા માટેનું મેદાન તૈયાર કરી શકે ? શું આવા કાનુન પર અમલ કરવો ઝુલ્મ અને અદાલતની વિરૂદ્ધ ગણાશે?

પરંતુ અમ્બિયા(અલ.)ના કાનુન અલ્લાહતઆલા તરફથી છે જે ઈન્સાનનો ખાલિક છે અને તેનું દરેક વસ્તુ વિશેનું ઈલ્મ, હીકમત અને તેના બેહીસાબ લુત્ફોકરમના આધારે બનાવવામાં આવેલા છે. આ કાનુનને લાવનાર અને તેને બયાન કરનાર પણ

 amillibrary.com

માસુમ(અલ.) છે કે જેઓ ખુદ પોતે પહેલા તેના પર અમલ કરનાર છે.

એ કાનુન જેના પર કોઈ પણ ઝાલીમ તાકાત, કોઈ પણ પાર્ટી, કૌમ કે કબીલાની કોઈ પણ જાતની દખાલત નથી.અલ્લાહતઆલા તરફથી બનાવવામાં આવેલા આવા કાનુન માટે ઈન્સાનના દીલમાં ઈઝ્ઝત અને એહતરામ હોય છે. તેના પર અમલ કરવા માટે તેનો ઈરાદો મજબૂત બને છે અને તે કાનુનની વિરૂદ્ધ અમલ કરવો ઝુલ્મ અને અન્યાય માનવામાં આવશે.

ઈન્સાનના અકીદા અને ફીતરતમાં જોવા મળતી અદાલત દુનિયાને તૌહીદની નજરે જોવાથી સાચા અર્થમાં અદાલતનો અર્થ સમજી શકાય છે. કારણ કે અલ્લાહની દ્રષ્ટિએ વિચારવાથી (એટલે કે જે રીતે અલ્લાહ પોતાની ઓળખાણ કરાવે છે તે રીતે

વિચારવાથી) ઈન્સાન અલ્લાહને આદીલ, દરેક વસ્તુ હિસાબ પ્રમાણે અને દરેક વસ્તુને અલ્લાહની નજર હેઠળ જુએ છે. આ જ ઈલાહી નજરે જોવાથી ઈન્સાનને એ વાતનું યકીન થાય છે કે તેને માટીથી પેદા કરવામાં આવ્યો છે અને તમામ ઈન્સાનો એક દિવસ કયામતના મેદાનમાં અલ્લાહની બારગાહમાં હાજર થશે. આ તમામ આસમાની મઝહબની તાલીમ છે કે ઈન્સાન અમ્બિયા(અલ.)ના આવવાનો મકસદ જહાનમાં અદલ અને ઈન્સાફનો પ્રચાર સમજે છે અને ઈમામે ઝમાના(અલ.)નો ઈન્તેઝાર કરી રહ્યો છે કે જેમનો મહત્ત્વનો મકસદ પણ જમીનને અદલ અને ઈન્સાફથી ભરી દેવાનો છે.

એ ઈન્સાન જે દુનિયાને તૌહીદની નજરે જુએ છે તે એવી કયામત પર અકીદો ધરાવે છે કે તેના તમામ નાના મોટા અમલ કયામતના દિવસે પોતાની સામે


amillibrary.com

લખાયેલી કિતાબના રૂપમાં હાજર જોશે. ઈલાહી નજરથી જોઈએ તો અલ્લાહના તમામ માસુમ રેહબરો પોતાને આદીલ અને અદલનો પ્રચાર કરનારા જાણે છે. આ જ અકીદાઓ છે કે જે ઈન્સાનને દીલથી અદલ અને ઈન્સાફથી કામ કરવા માટે અને લોકોમાં અદલ ફેલાવવા માટે તૈયાર કરે છે. પરંતુ તેનાથી ઊલટું, એ માણસ જે દુનિયાને કોઈ જાતના માલિક વગર અને કોઈ પણ જાતના નિઝામ, પ્લાનીંગ અને મકસદ વગર સમજે છે તે એવું વિચારે છે કે આ દુનિયા એક દિવસ નાબૂદ થઈ જશે અને એટલા માટે તેની જીંદગીનો કે દુનિયાનો કોઈ હદફ નથી. આવા માણસ પાસે અલ્લાહના આદીલ હોવાની કોઈ દલીલ નથી.

શક્ય છે કે ઈન્સાન સમાજના દબાવના કારણે થોડાક સમય માટે કોઈ ખોટું કામ ન કરે અથવા


amillibrary.com

કાયદા કાનુન પર અમલ ન કરવાથી તેને સજાની બીક લાગતી હોય અથવા લોકોના દીલોને પોતાની તરફ ખેંચવા માટે કે લોકોની નજરમાં પ્રિય બનવા માટે કે દુનિયાનો કોઈ હોદ્દો મેળવવા માટે કોઈ પણ જાતનું ખોટું કામ ન કરે અને પોતાને અદાલતપસંદ અને અદલનો ચાહનાર બતાવે.પરંતુ આ જ ઈન્સાન હકીકતમાં માદ્દી વિચારો ધરાવતો હોવાથી આખા જહાનને મકસદ વગરનું સમજે છે અને અદાલતને દીલથી કબૂલ નથી કરતો અને ફક્ત જાહેરમાં પોતાના આદીલ હોવાનો દેખાવ કરે છે.

## અદાલતનો ફેલાવો

અદાલત ઈસ્લામના એક મહત્ત્વના પાયામાંથી છે. એટલે સુધી કે અલ્લાહતઆલાની સીફતોમાં તૌહીદ પછી અદાલતને બયાન કરવામાં આવી છે. ઉપરાંત એક મુજતહીદ, ઈમામ જુમ્મા અને ઈમામ


amillibrary.com

જમાઅત, વકીલ, કાઝી, શાહીદ (ગવાહી આપનાર) અને બયતુલ માલની જવાબદારી સંભાળનારાઓમાં 'આદીલ' હોવાની શર્ત જરૂરી છે.

જો આપણે અદાલતને વિશાળ નજરથી જોઈએ તો આપણને સમજાશે કે ઈસ્લામી કાનુન વ્યવસ્થામાં દરેક કામમાં અદાલતનો હુકમ આપવામાં આવ્યો છે અને વચલા રસ્તાથી દૂર થવાની મનાઈ કરવામાં આવી છે. દાખલા તરીકે,

૧. ઈબાદતમાં અદાલત માસુમ (અલ.)ની રિવાયતોની કીતાબમાં (بَابُ الاِقْتِصَادَ فِي الْعِبَادَةَ) એટલે ઈબાદતમાં પણ વચલો રસ્તો હોવો જોઈએ તેના વિશે રિવાયતો બયાન કરવામાં આવી છે.

૨. કામ અને આરામમાં અદાલત

૩. મોહબ્બત અને ગુસ્સો કરવામાં અદાલત

૪. દોસ્ત અને દુશ્મન માટે અદાલત

૫. ઉત્પાદન અને ખર્ચમાં અદાલત
૬. પ્રોત્સાહન અને ટીકા કરવામાં અદાલત
૭. બયતુલ માલની વહેંચણીમાં અને પોતાના વ્યક્તિગત માલની વસીયતમાં અદાલત
૮. જો એકથી વધારે પત્નીઓ હોય તો તેમની સાથે અને ઔલાદ, દોસ્તો અને સાથીઓમાં અદાલત
૯. ન્યાય કરવામાં અદાલત એટલે સુધી કે ન્યાયાધીશ જ્યારે ન્યાય કરે ત્યારે બંને પક્ષના માણસો તરફ અદાલતથી સરખી નજરથી જુએ.
૧૦. બદલો લેવામાં અદાલત
૧૧. જંગમાં અદાલત
૧૨. જાનવરો સાથે અદાલત એટલે સુધી રિવાયતમાં જોવા મળે છે કે અલી(અલ.) એ માણસ જે મુસલમાનો પાસેથી ઝકાત લેવાનું કામ કરતો હતો તેને સૂચના આપી કે જો રસ્તામાં તારે એ

જાનવરો કે જેને તેં ઝકાત તરીકે લીધા છે તેના પર સવાર થવું પડે તો અદાલતથી કામ લેજે. દાખલા તરીકે, ઝકાત તરીકે ચાર ઊંટ લીધા હોય અને બે કલાકનો રસ્તો હોય તો દરેક ઊંટ પર અડધો અડધો કલાક બેસજે. (નહ્જુલ બલાગાહ, લેટર નં. ૨૫)

બીજી એક રિવાયતમાં માસુમ(અલ.) ફરમાવે છે: જો કોઈ હાજી મક્કા જલ્દી પહોંચી જાય તે માટે પોતાની સવારીના જાનવરને ખૂબ જલ્દી ચલાવીને તેને થકાવી દે તો એવા માણસની ગવાહીને કબૂલ ન કરો. કારણકે તેણે પોતાના જાનવર પર ઝુલ્મ કર્યો છે.(વસાએલુશ્શીયા, કીતાબુલ હજ)

ટૂંકમાં ઈસ્લામમાં દરેક વસ્તુમાં અદાલતનો હુકમ આપવામાં આવ્યો છે. એટલે સુધી કે જો મસ્જિદમાં કોઈ બાળક એક જગ્યાએ બેઠું હોય અને તેને તેની

જગ્યાએથી ઉઠાડવામાં આવે અને જો તે જગ્યાએ નમાઝ પઢવામાં આવે તો નમાઝ કબૂલ થવામાં શક છે. (તવઝીહુલ મસાઈલ)

## કેટલાક નમૂના

• હીજાઝ શહેરના અમુક માણસો પોતાને બીજા કરતા વધારે સારા અને બહેતર સમજતા હતા. તેથી તેઓ લોકોથી જુદા થઈને પોતાની રીતે હજના અમુક અમલ અંજામ આપતા હતા. કુરઆને કરીમે તેમને હુકમ આપ્યો કે તમે પણ એ જ રીતે હજના આમાલ કરો જે રીતે બીજા લોકો કરે છે. ( اَفِيْضُوْا مِنْ حَيْثُ اَفَاضَ النَّاسَ) એ જગ્યાએ જ્યાંથી લોકો સફર કરે છે (મીના તરફ) તમે પણ સફર કરો.(સુરએ બકરહ,૧૯૯) અને જ્યારે પણ પૈસાદારો અંબિયા(અલ.)ને કહેતા હતા કે તમે આ કાફીરોને તમારી પાસેથી દૂર કરી દો તો અંબિયા(અલ.)


amillibrary.com

તેમને જવાબ આપતા હતા કે અમે હરગીઝ આ ફકીરોને અમારી પાસેથી દૂર નહીં કરીએ. مَا اَنَا بِطَارِدِ الَّذِيْنَ آمَنُوْا) અમે ક્યારેય મોમીનોને અમારાથી દૂર નહીં કરીએ.) (સુરએ હુદ, ૨૯)

• રસુલેખુદા (સલ.)એ તેમની છેલ્લી સફરમાં લોકોને ભેગા કર્યા અને ફરમાવ્યું: લોકો કોઈ પણ કબીલા કે ખાનદાનના હોય આપસમાં ભાઈઓ છે. (તેમાં કોઈ પણ જાતનો ઊંચનીચનો ભેદભાવ નથી.) (સફીનતુલ બહાર,જીલ્દ ૨, પેજ ૩૪૮)

• મૌલા અલી (અલ.)ની ખિલાફતના સમયે અમુક રાજકારણી માણસોએ અલી(અલ.)ની પાસે આવીને કહ્યું કે ફકીરો અને ગુલામોનો હીસ્સો ઈઝ્ઝતવાળા માણસોથી જુદો કરો અને સમાજમાં જેમની માન ઈઝ્ઝત વધારે છે તેમને વધારે પૈસા આપો. જેથી હુકૂમતના પાયા મજબૂત થાય અને તેઓ કાનુનની


amillibrary.com

વિરૂદ્ધ કામ ન કરે અને મુઆવીયાની સાથે ન મળી જાય.આ વાત સાંભળીને અલી(અલ.)એ ફરમાવ્યું : શું તમે ચાહો છો કે હું લાંચ આપું ? જેને પણ મારી સાથે રહેવું હોય રહે અને જેને પણ ચાલ્યા જવું હોય તે ચાલ્યા જાય. (વસાએલુશ્શીયા,જીલ્દ ૧૫,પેજ ૧૦૭)

આપણા આ જ રઉફ ઈમામે તેમની હુકૂમતના શરૂઆતના દિવસોમાં ફરમાવ્યું હતું: મારી હુકૂમત પહેલા જે કાંઈ પણ ખોટા ખર્ચા કરવામાં આવ્યા હતા તેને હું વસુલ કરીશ અને બયતુલ માલમાં પાછા લઈ લઈશ. ચાહે તમે એ પૈસા તમારી પત્નીને મહેરમાં આપ્યા હોય કે તેનાથી ગુલામો ખરીદવામાં આવ્યા હોય. (નહજુલ બલાગાહ,ખુત્બા નં.૧૫)

• હઝરત અલી(અલ.)એ ફરમાવ્યું : જો મારો પોતાનો માલ હોય તો પણ તેની હું સરખી રીતે વહેંચણી કરીશ. તો પછી જો અલ્લાહનો માલ(બયતુલ માલ) હોય તો તેના માટે પૂછવાનું જ શું ? (દેખીતું છે કે તેની વહેંચણી પણ સરખી રીતે જ કરીશ.) (નહજુલ બલાગાહ,ખુત્બા નં.૧૨૬)

• રસુલે ખુદા(સલ.)એ ફરમાવ્યું: સૌથી પહેલા જહન્નમમાં એ હાકીમ જશે જે લોકો સાથે અદાલત અને ઈન્સાફથી વર્તાવ ન કરે. (મીઝાનુલ હીકમત)

• બીજી એક હદીસમાં માસુમ(અલ.)ફરમાવે છે : જો કોઈના પર દસ માણસોની જવાબદારી હોય (ઘરના વડીલ, પ્રમુખ, સંચાલક વગેરે) પરંતુ જો તેમની સાથે અદાલત અને ઈન્સાફથી વર્તાવ ન કરે તો તેને કયામતના દિવસે તેના હાથપગ બાંધીને લાવવામાં આવશે. (મીઝાનુલ હીકમત)

આ અમુક નુકાત અને પોઈન્ટસ હતા કે જે મારા જેવા એક તાલીબે ઈલ્મને આ આયતથી જાણવા મળ્યા. મારી જાન એ કીતાબ પર કુરબાન થાય કે જેના દરેક શબ્દમાં દર્સ છે અને કોઈ પણ જમાનો કે કોઈ પણ જગ્યા તેના દર્સને જૂના/ર્◌ે◌ં કૈ dઠીં નથી કરી શકતા. તેના મહત્ત્વને નથી ઘટાડી શકતા. આ કીતાબની અઝમતને વધારે સારી રીતે સમજી શકીએ તે માટે હું તમને એક નમ્ર વિનંતી કરૂં છું કે તમે એક એવું વાક્ય લખો કે જેના દરેક શબ્દ હંમેશ માટે કામ આવે અને લોકોની મુશ્કેલીઓ દૂર કરી શકે તેવા સહીહ અને અક્કલ કબૂલ કરે તેવા દર્સ તેમાં છૂપાએલા હોય !!

યા અલ્લાહ ! તને કુરઆનના દરેક શબ્દનો વાસ્તો અમને હિદાયત કર્યા પછી ગુમરાહ ન કરજે.


amillibrary.com

# આયત નં. ૧૦

إِنَّمَا الْمُؤْمِنُونَ إِخْوَةٌ فَأَصْلِحُوا بَيْنَ أَخَوَيْكُمْ وَاتَّقُوا اللَّهَ لَعَلَّكُمْ تُرْحَمُونَ

બેશક મોમીનો એકબીજાના ભાઈ ભાઈ છે. જો તમારા ભાઈઓ દરમિયાન (વાદવિવાદ કે ઝઘડો થાય) તો સંપ અને સુલેહ કરાવો અને અલ્લાહથી ડરો જેથી તમારા પર રહેમ કરવામાં આવે.

## આયતના જરૂરી પોઈન્ટસ :

આ આયત મોમીનોના સંબંધને આપસમાં ભાઈઓના સંબંધની જેમ સમજે છે. આ રીતે બયાન કરવામાં અમુક નુકાત છૂપાએલા છે. જેમકે,

૧. બે ભાઈઓ દુશ્મનની સામે એક તથા બે હાથની જેમ એકબીજાના મદદગાર છે.

૨. બે ભાઈઓની દોસ્તી ઘણી જ પાકી હોય છે.



amillibrary.com

૩. આજના સમયમાં કોઈની સાથે મોહબ્બતનો ઈઝહાર કરવા માટે દોસ્ત અથવા અમે એક શહેરના, એક ગામના કે એક જ વતનના છીએ એમ કહેવામાં આવે છે. પરંતુ ઈસ્લામ તેના માટે ‘ભાઈ’ શબ્દનો ઉપયોગ કરે છે. જે મોહબ્બત દર્શાવવા માટે તમામ શબ્દોમાં સૌથી વધારે સારો શબ્દ છે.

૪. બંને ભાઈઓ એકબીજાને પરસ્પર ચાહે છે.

૫. માસુમ(અલ.)ની હદીસમાં બે મોમીન ભાઈઓની સરખામણી ‘બે હાથ’ સાથે કરવામાં આવી છે જે એકબીજાને ધુએ છે.(મુહજ્જતુલ બયઝાઅ)

(જેવી રીતે બંને હાથ એકબીજાની મદદ કરે છે, ગંદકીને સાફ કરે છે, ચોખ્ખા રાખે છે એવી જ રીતે બે મોમીન ભાઈ બે હાથની જેમ એકબીજાને સુખદુ:ખમાં મદદ કરે છે અને કામ આવે છે.)

આ આયતમાં અને તેની પહેલાની આયતમાં કુલ ત્રણ વખત (اَصْلِحُوْا) શબ્દ બયાન કરવામાં આવ્યો છે જે ઈસ્લામની નજરમાં સંપ અને સુલેહના મહત્ત્વને બયાન કરે છે. મુસલમાનોના આપસના ઈખ્તેલાફ અને ઝઘડાની ઘણી ખરાબ અસરો થાય છે. દાખલા તરીકે ગુસ્સો કરવો, એકબીજા માટે ખરાબ ગુમાન કરવું, ખોટી વાતો અને અફવાઓ ફેલાવવી, બદલો લેવાની ઈચ્છા અને ઝઘડા પછીના ફીત્ના અને ફસાદ અનેકગણા વધી જાય છે. એટલા જ માટે કુરઆને કરીમ આ બે આયતોમાં (اَصْلِحُوْا, اَقْسِطُوْا, يُحِبُّ الْمُقْسِطِيْنَ, اِخْوَةٌ,اَخَوَيْكُمْ , اِتَّقُوْا, تُرْحَمُوْنَ) વગેરે શબ્દો બયાન કરીને ઝઘડાના કારણે દીલ પર લાગેલા ઝખ્મો પર મલમ લગાવે છે. (આ વાક્યો થકી ઈસ્લામ મોમીનોને આપસમાં સુલેહ કરવાનો, એકબીજાની સાથે મોહબ્બતની

 amillibrary.com

સાથે વર્તાવ કરવાનો, ભાઈચારો, અલ્લાહથી ડરવાનો, તકવા ઈખ્તીયાર કરવાનો, જો તમે બીજાની સાથે સારો વર્તાવ કરશો તો અલ્લાહતઆલા તમારા પર રહેમત નાઝીલ કરશે વગેરે બયાન કરીને તેમના ઝઘડાને, મનદુ:ખને શાંત કરવાની કોશીષ કરે છે.)

## આયતમાંથી મળતા જરૂરી દર્સ :

૧. ભાઈચારાનું રહસ્ય ફક્ત ઈમાનમાં રહેલું છે. (વેપાર, નોકરી કે પૈસો, એક પોલીટીક પાર્ટીના સભ્ય હોવું, કોઈ એક દેશ કે ગામના હોવું વગેરે વસ્તુઓ ભાઈ ભાઈની મોહબ્બત પેદા નથી કરી શકતી. ફક્ત ઈમાન છે જે આપસમાં ભાઈઓ જેવો પ્રેમ અને મોહબ્બત આપી શકે છે. (اِنَّمَا الْمُؤْمِنُوْنَ اِخْوَةٌ) બેશક મોમીનો આપસમાં ભાઈ ભાઈ છે.)

૨. ઈમાનના આધારે જોવા મળતી મોહબ્બત અને ભાઈચારામાં કોઈ ખાસ સમય,ઉંમર, ધંધો કે કોઈ ખાસ જગ્યાની શર્ત નથી.(કોઈ પણ દેશ હોય કે કોઈ પણ કૌમ, ચાહે કાળી હોય કે ગોરી જો તેઓ મોમીન હોય તો ઈન્સાનના દીલમાં તેના માટે મોહબ્બત હોવી જોઈએ.) (اِنَّمَا الْمُؤْمِنُوْنَ اِخْوَةٌ)

૩. કોઈ પણ ઈન્સાન પોતાને બીજા કરતા વધારે સારો ન સમજે. કારણકે મોમીનો આપસમાં ભાઈ ભાઈ છે. (اِخْوَةٌ) (માબાપ અને ઔલાદના દરજ્જામાં તફાવત છે. એટલે કે માબાપનો મર્તબો ઔલાદ કરતા વધારે છે પરંતુ ઔલાદ બધી સરખી છે.)

૪. એકબીજામાં સંપ અને સુલેહ કરાવવા માટે પ્રેમ અને મોહબ્બતવાળા તથા લાગણીને ઉભારે તેવા શબ્દોનો ઉપયોગ કરવો જોઈએ. اِخْوَةٌ فَأَصْلِحُوْا


amillibrary.com

(મોમીનો એકબીજાના ભાઈ ભાઈ છે તો સુલેહ કરાવો.)

૫. સંપ અને સુલેહ કરાવવું બધા જ મુસલમાનો પર વાજીબ છે. ન કે કોઈ ખાસ પક્ષ કે પાર્ટીની જવાબદારી છે. (فَأَصْلِحُوْا)

૬. ઝઘડો કરનાર બે પાર્ટી વચ્ચે સમાધાન કરાવનાર પણ તેમનો જ મોમીન ભાઈ છે. بين اخويكم) તમારા બે ભાઈઓ દરમિયાન સમાધાન કરાવો.)

૭. સંપ અને સુલેહ કરાવવામાં પણ અમુક આફતો રહેલી છે જેનાથી બચવું જરૂરી છે. فاصلحوا....واتقوا) સમાધાન કરાવો અને અલ્લાહથી ડરો.)

(સંપ અને સુલેહ કરાવવાની અમુક આફતો આ પ્રમાણે છે. દાખલા તરીકે, પોતાના નેક અને મોમીન હોવાનો દેખાવ કરવો, બીજાની પાસેથી

કાંઈ મેળવવાની આશા રાખવી, બે માણસોની વચ્ચે સુલેહ કરાવવામાં કોઈના પર ઝુલ્મ કરવો, સુલેહ કરાવ્યા પછી એહસાન જતલાવવો વગેરેથી બચવું જરૂરી છે. માટે અલ્લાહતઆલા સુલેહ કરવાની વાત કર્યા પછી તરત જ ફરમાવે છે : ઈત્તકુલ્લાહ એટલે અલ્લાહથી ડરો અને તકવા ઈખ્તીયાર કરો.)

૮. એ સમાજ જેમાં ઝઘડા થતા રહેતા હોય અને સુલેહ અને સંપ ન હોય તે અલ્લાહતઆલાની રેહમતથી મહેરૂમ છે (فاصلحوا...واتقوا....ترحمون)

૯. ભાઈચારો અને મોહબ્બત અલ્લાહતઆલાની રેહમત મેળવવાનો વસીલો છે (فاصلحوا... ترحمون)

## ભાઈચારો અને એક્યતા

ઈસ્લામની એક વિશેષતા આ છે કે સુધારાની શરૂઆત તેના મૂળથી કરે છે. દાખલા તરીકે ફરમાવે છે : (اِنَّ الْعِزَّةَ لِلّٰهِ جَمِيْعًا) (સુરએ યુનુસ, ૬૫) એટલે

 amillibrary.com

બધી જ ઈઝઝત અલ્લાહ માટે છે. ત્યારબાદ નસીહત કરે છે કે જો બધી જ ઈઝઝત અલ્લાહ માટે હોય તો પછી શું કામ ઈઝઝત મેળવવા બીજાની પાસે જાવ છો? એ જ પ્રમાણે બીજી એક આયતમાં ફરમાવે છે : (اِنَّ الْقُوَّةَ لله جَمِیْعًا)(સુરએ બકરાહ,૧૬૫) એટલે બધી જ કુદરત અને તાકાત અલ્લાહની છે. ત્યારબાદ ફરમાવે છે કે જો બધી જ તાકાત અને કુદરત અલ્લાહની છે તો પછી શા માટે ઈન્સાન હોદ્દો, મકામ અને કુદરત મેળવવા માટે દરેક મિનિટે બીજાની પાસે દોડે છે ?

એ જ રીતે આ આયતમાં પણ ફરમાવે છે : બધા જ મોમીનો આપસમાં ભાઈ ભાઈ છે. ત્યાર પછી ફરમાવે છે હવે જ્યારે તમે બધા એકબીજાના ભાઈ ભાઈ છો તો પછી ઝઘડો અને ગુસ્સો શા માટે ? તો હવે બધા જ એકબીજા સાથે સંપીને, પ્રેમથી રહો.


amillibrary.com

કુરઆને શરીફની આ આયતોથી જાણવા મળે છે કે વ્યક્તિ અને સમાજની સુધારણા માટે પહેલા તેમના વિચારો અને અકીદાને સુધારવાની કોશીષ કરવી જોઈએ. ત્યારબાદ તેમના વર્તન અને અખ્લાકને સુધારવા માટે પ્રયત્ન કરવો જોઈએ.

મોમીનો આપસમાં ‘ભાઈ ભાઈ’ છે આ શબ્દોનો ઉપયોગ સૌ પ્રથમ ઈસ્લામે કર્યો છે. ઈસ્લામની શરૂઆતમાં રસુલે ખુદા(સલ.) તેમના સહાબીઓ સાથે ‘નખ્લીયા’ નામની જગ્યા પર આવ્યા ત્યારે જીબ્રઈલ(અલ.) ત્યાં નાઝીલ થયા અને ફરમાવ્યું : અલ્લાહતઆલાએ ફરિશ્તાઓ વચ્ચે ભાઈચારાનો અકદ બાંધ્યો છે. આ વાત સાંભળીને રસુલે ખુદા(સલ.)એ પણ તેમના સહાબીઓ વચ્ચે ભાઈચારાનો અકદ બાંધ્યો. દરેક સહાબી પોતાના જેવા સરખા વિચારો અને મત ધરાવતા સહાબી

સાથે ભાઈ બનતા હતા. દાખલા તરીકે અબુ બકરે ઉમરની સાથે, ઉસ્માને અબ્દુર રહેમાનની સાથે, જનાબે સલમાને ફારસી જનાબે અબુઝરની સાથે, તલ્હા ઝુબૈરની સાથે, મસઅબ અબુ એૈયુબ અન્સારી સાથે, હમઝા ઝૈદ બીન હારીસ સાથે, અબુ દરદાએ જનાબે બીલાલથી સાથે, જનાબે ઉમ્મે સલમાએ સફીયા સાથે અને રસુલુલ્લાહ(સલ.) હઝરત અલી(અલ.) સાથે ભાઈ બન્યા. (બહાર, જીલ્દ ૩૮,પેજ ૩૩૫)

જંગે ઓહદમાં રસુલુલ્લાહ(સલ.)એ હુકમ આપ્યો કે બે શહીદો (જેમના નામ અબ્દુલ્લાહ બીન ઉમર અને ઉમર બીન જમુહ છે) જેમણે એકબીજા સાથે ભાઈચારાનો અકદ બાંધ્યો હતો તેમને એક જ કબરમાં દફન કરવામાં આવે. (શરહે ઈબ્ને અબીલ

હદીદ, જીલ્દ ૧૪, પેજ ૨૧૪ અને બહાર જીલ્દ ૨૦, પેજ ૧૨૧)

• સગાભાઈનો સંબંધ એક દિવસ ખતમ થઈ જશે. (فَلاَ اَنْسَابَ بَيْنَهُمْ)(સુરએ મુઅમીનુન,૧૦૧) પણ દીની ભાઈનો સંબંધ કયામત સુધી બાકી રહેશે. ( اِخْوَاناً عَلي سُرُرٍ مُتَقَابِلِيْن)(સુરએ હીજર,૪૭)

• જેવી રીતે બે મોમીન મર્દો આપસમાં ભાઈ છે એવી જ રીતે બે મોમીન સ્ત્રીઓ પણ એકબીજાની બહેનો છે. કારણ કે કુરઆને કરીમમાં ભાઈચારાનો આ શબ્દ મોમીન બહેનો માટે પણ વાપરવામાં આવ્યો છે. (وَ اِنْ كاَنُوْا اِخْوَة رجالا وَ نِسَاءَ) (સુરએ નીસા,૧૭૬)

• બે મોમીનોનો આપસમાં ભાઈનો સંબંધ ફક્ત અલ્લાહ માટે હોય. જો કોઈ દુનિયાની લાલચ માટે બીજા મોમીન સાથે ભાઈ બને તો જે વસ્તુની આશા

રાખે છે તેનાથી મહેરૂમ થઈ જશે અને આવા ભાઈઓ કયામતના દિવસે દુશ્મન બનીને આવશે. કુરઆને કરીમ ફરમાવે છે : કયામતના દિવસે મુત્તકીન અને પરહેઝગાર સીવાય બધા જ દોસ્તો એકબીજાના દુશ્મન હશે. ( اَلاَخِلآَّءُ يَوْمَئِذٍ بَعْضُهُمْ لِبَعْضٍ عَدُوٌّ اِلاَّ الْمُتَّقِيْنَ) (સુરએ ઝુખરૂફ,૬૭)

• એકબીજાને ભાઈ બનાવવાથી પણ વધારે મહત્ત્વનું ભાઈ ભાઈના આ પવિત્ર સંબંધની હીફાઝત કરવાની છે. જે લોકો પોતાના દીની ભાઈને તેમના હાલ પર છોડી દે છે અને તેમનું ધ્યાન નથી રાખતા, તેમની ખબર નથી લેતા રિવાયતોમાં આવા લોકોની ખૂબ જ કડક શબ્દોમાં ટીકા કરવામાં આવી છે. એટલે સુધી સીફારીશ કરવામાં આવી છે કે જો તારો દીની ભાઈ તારાથી દૂર થઈ જાય, તારી સાથે સંબંધ ન રાખે તો પણ તું

તેની પાસે જા અને તેની સાથે સંબંધ રાખ. ( صِلْ مَنْ قَطَعَكَ)(બહાર,જીલ્દ ૭૮,પેજ ૭૧)

• રિવાયતોમાં બયાન થયું છે કે તારા દીની ભાઈઓમાંથી જેમની સાથે તારો ઘણો જૂનો સંબંધ છે તેમની તરફ વધારે ધ્યાન આપ. જો તેમનાથી કાંઈ ભૂલ થઈ જાય તો તેમને માફ કરી દે. જો તમે એવી ઈચ્છા રાખશો કે તમને કોઈ પણ જાતના ઐબ અને ખામી વગરનો દોસ્ત અને ભાઈ મળે તો તમે હંમેશા ભાઈ અને દોસ્ત વગરના રહી જશો. (મીઝાનુલ હિકમત)

• જે લોકો પોતાના દીની ભાઈની મુશ્કેલીઓને દૂર કરે છે તેમના માટે રિવાયતમાં ઘણો મોટો અજર અને સવાબ બયાન કરવામાં આવ્યો છે. એટલે સુધી માસુમ(અલ.) ફરમાવે છે કે જો કોઈ પોતાના દીની ભાઈની મુશ્કેલીને દૂર કરે તો અલ્લાહતઆલા


amillibrary.com

કયામતના દિવસે તેની ૧૦૦ હાજતોને પૂરી કરશે. (મીઝાનુલ હિકમત)

• ઈમામ સાદીક(અલ.) ફરમાવે છે : એક શરીરના અવયવોની જેમ મોમીનો આપસમાં ભાઈ ભાઈ છે. જેવી રીતે શરીરના કોઈ એક ભાગમાં દુખાવો થાય તો આખું શરીર બેચેન થઈ જાય છે એવી જ રીતે સમાજનો જો કોઈ એક મોમીન ભાઈ પરેશાન હોય તો આખા સમાજને દુ:ખ થવું જોઈએ.(ઉસુલે કાફી,જીલ્દ ૨,પેજ ૧૩૩)

ફારસીના મશહૂર શાએર શેખ સઅદી(રહ.) આ હદીસને પોતાના એક શેઅરમાં બયાન કરી છે જેનો ગુજરાતીમાં તરજુમો આ પ્રમાણે થાય છે.

આદમની ઔલાદ શરીરના અવયવોની જેમ છે
જે એક જ માટીથી પેદા થયા છે
જો કોઈ દિવસ શરીરના એક ભાગને દર્દ થાય

 amillibrary.com

તો બીજા ભાગો પણ બેચેન થઈ જાય છે
જો બીજાની તકલીફથી તને કાંઈ ગમ ન થાય
તો તું ‘ઈન્સાન’ કહેવાના લાયક નથી

મોમીન ભાઈના હક્કો

રસુલે ખુદા(સલ.)એ ફરમાવ્યું : એક મુસલમાન બીજા મુસલમાન પર 30 હક્ક ધરાવે છે. માટે જરૂરી છે કે આ હક્કો અદા કરવામાં આવે.

૧. એકબીજાની ભૂલોને માફ કરવી અને મોહબ્બતની સાથે વર્તાવ કરવો.

૨. મોમીન ભાઈના રાઝને છૂપાવવા.

૩. તેની ભૂલને માફ કરી તેને ખુશ કરવો.

૪. પોતાની કોઈ ભૂલ છૂપાવવા માટે જો કાંઈ કારણ બતાવે તો તેને કબૂલ કરવું.

૫. મોમીનભાઈનું ખરાબ બોલનારની સામે તેનો બચાવ કરવો.

 amillibrary.com

૬. તેના હકમાં સારૂં થાય તેવી આશા રાખવી.

૭. તેને આપેલા વાયદાનું પાલન કરવું.

૮. જ્યારે તે બીમાર થાય ત્યારે તેની અયાદત કરવી.

૯. જ્યારે ગુજરી જાય ત્યારે તેને દફન કરવા માટે જવું.

૧૦. તેની દાવતને અને તેના તરફથી આપવામાં આવેલા તોહફાને કબૂલ કરવો.

૧૧. તેણે કરેલા કામનો શુકરીયા અદા કરવો.

૧૨. તેને મદદ કરવા માટે કોશીષ કરવી.

૧૩. તેના ઘરની ઓરતોની ઈઝ્ઝતની હીફાઝત કરવી.

૧૪. તેની હાજતને પૂરી કરવી.

૧૫. તેની મુશ્કેલીઓ દૂર કરવા માટે કોશીષ કરવી.

૧૬. જે કોઈ રસ્તો ભૂલ્યો હોય, ગુમરાહ થયો હોય તેને હીદાયત કરવી.

૧૭. જ્યારે તેને છીંક આવે ત્યારે મુબારકી આપવી.

૧૮. તેની સલામનો જવાબ આપો.

૧૯. જ્યારે તે બોલતો હોય ત્યારે તેની વાતનો એહતરામ કરો અને તેની વાતને કાપી ન નાખો.

૨૦. તેના માટે સારો તોહફો પસંદ કરો.

૨૧. તેના દોસ્તની સાથે દોસ્તી કરો અને તેની સાથે દુશ્મની ન કરો.

૨૨. મુશ્કેલી અને ખરાબ સંજોગોમાં તેને એકલો ન મૂકી દો.

૨૩. જે કાંઈ તમારા પોતાના માટે પસંદ કરો છો તેના માટે પણ પસંદ કરો વગેરે... (બહાર,જીલ્દ ૭૪,પેજ ૨૩૬)

બીજી એક હદીસમાં માસુમ(અલ.) ફરમાવે છે : રસુલે ખુદા(સ.અ.વ.)એ (انما المؤمنون اخوة) આ આયતની તિલાવત કર્યા પછી ફરમાવ્યું : બધા જ મુસલમાનોનું લોહી એક છે. જો એક સામાન્ય માણસ પણ બીજાને વચન આપે તો બધા મુસલમાનોની જવાબદારી છે કે તે વચનનું પાલન કરે. દાખલા તરીકે, એક સામાન્ય મુસલમાને બીજાને પનાહ આપી હોય તો બીજા બધા મુસલમાનો માટે પણ જરૂરી છે કે તેણે આપેલા આ વચનનું પાલન કરે અને એક દુશ્મનની સામે બધા જ સાથે મળીને સામનો કરે. (وَهُمْ يَدٌ عَلي مَنْ سَوَاهُمْ) (તફસીરે કુમ્મી,જીલ્દ ૧,પેજ ૭૩)

હઝરત અલી(અલ.)એ તેમના સહાબી કુમૈલને ફરમાવ્યું : જો તું તારા ભાઈની સાથે મોહબ્બત ન

કરતો હોય તો તું તેનો ભાઈ નથી. (તોહફુલ ઉકુલ,પેજ ૧૭૧)

ઈન્સાન કામીલ ઈમાનની મદદથી અવલિયાએ ખુદામાં શામીલ થઈ શકે છે. જેમકે રસુલે ખુદા(સલ.)એ જનાબે સલમાને ફારસી માટે ફરમાવ્યું : (سَلَمَانُ مِنَّا اَهْلُ الْبَيْتِ) સલમાન અમારા અહેલેબૈત(અલ.)માંથી છે. (બહાર,જીલ્દ ૧૦,પેજ ૧૨૩)

એ જ રીતે કુફરના કારણે ઈન્સાન અવલિયાએ ખુદાથી બહાર પણ નીકળી શકે છે. અલ્લાહતઆલા હઝરત નૂહ(અલ.)ના દીકરા માટે ફરમાવે છે : (اِنَّهُ لَيْسَ مِنْ اَهْلِكَ) એ તારા ખાનદાનમાંથી નથી.(સુરએ હુદ,૪૬)

 amillibrary.com

# સૌથી સારો ભાઈ

માસુમ(અલ.)ની રિવાયતોમાં સૌથી સારા ભાઈની નિશાનીઓ આ રીતે બયાન કરવામાં આવી છે. તારો સૌથી સારો ભાઈ એ છે કે,

• જે તારું ભલું ઈચ્છે અને તને ગુસ્સો કરીને, ઠપકો આપીને પણ અલ્લાહની ઈતાઅત કરવા માટે પ્રોત્સાહન આપે.

• તારી મુશ્કેલીને દૂર કરે અને અલ્લાહની ખુશી માટે તારી સાથે દોસ્તી કરે.

• તેનો વર્તાવ અને અખ્લાક તને કમાલ તરફ લઈ જાય.

• તારા ઐબો અને તારી ભૂલોની શોધમાં ન રહે.

• જો તું નફ્સની ખ્વાહીશાતનો શિકાર બની જાય અને ગુનાહમાં ફસાઈ જાય તો તને રોકે.

સુ.હોજોરાત- 232

amillibrary.com

• જો તારામાં કોઈ ઐબ કે ખામી જુએ તો તને એકાંતમાં નસીહત કરે.

• તે નમાઝનો પાબંદ હોય.

• તેનામાં અમાનતદારી, સચ્ચાઈ અને હયા તથા શરમની સીફત હોય અને સુખદુ:ખમાં તને ભૂલી ન જાય. (મીઝાનુલ હિકમત)

## કુરઆને કરીમમાં સુલેહ વિશે ચર્ચા

આ આયતમાં આપણે જાણ્યું કે મોમીનો આપસમાં ભાઈ ભાઈ છે. તેથી તેમની વચ્ચે સુલેહ અને સમાધાન કરાવો. એટલા માટે સુલેહ અને શાંતિ વિશે અમુક વાતો બયાન કરીએ છીએ. કુરઆને કરીમમાં અમુક શબ્દો જેમકે,

• સુલેહ

(وَالصُّلْحُ خَيْرٌ સુલેહ અને સંપ બેહતર છે.) (સુરએ નીસા,૧૨૮)

• ઈસ્લાહ

(وَاَصْلِحُوْا ذاَتَ بَيْنَكُمْ તમારા દરમિયાન સુલેહ કરાવો.) (સુરએ અન્ફાલ,૧)

• દીલોનું એકબીજાથી નજીક થવું.

(فَأَلَّفَ بَيْنَ قُلُوْبِكُمْ તમારા દીલોને એકબીજાથી નજીક કર્યા.) (સુરએ આલે ઈમરાન,૧૦૩)

• અલ્લાહ તરફથી મળતી તૌફીક

(اِنْ يُرِيْدَا اِصْلاَحَا يُوَفِّقَ اللهُ بَيْنَهُمَا જો તે બે પાર્ટી સમાધાન કરવાનું ચાહે તો અલ્લાહતઆલા તે બંનેને સુલેહની તૌફીક અને કામયાબી આપશે.) (સુરએ નીસા,૩૫) અને

• સલામતી

(اُدْخُلُوْا فِي السِّلْمِ كَافَّة તમે સંપૂર્ણ રીતે સલામતીમાં દાખલ થઈ જાવ.) (સુરએ બકરાહ,૨૦૮)

 amillibrary.com

આ બધા શબ્દો બતાવે છે કે ઈસ્લામમાં સુલેહ અને સંપનું કેટલું મહત્ત્વ છે અને તેનાથી જીવનમાં કેટલું સુકુન, આરામ અને મીઠાશ મળે છે.

## સુલેહનું મહત્વ

અલ્લાહતઆલાની બેહીસાબ નેઅમતો કે જેનો ઉલ્લેખ કુરઆને શરીફમાં કરવામાં આવ્યો છે તેમાંથી એક નેઅમત મુસલમાનોના દીલોમાં એકબીજા પ્રત્યે પ્રેમ અને મોહબ્બતની લાગણી છે. (كُنْتُمْ اَعْدَاءً فَأَلَّفَ بَيْنَ قُلُوْبِكُمْ) યાદ કરો કે ઈસ્લામથી પહેલા તમે એકબીજાના દુશ્મન હતા પછી અલ્લાહતઆલાએ તમારા દીલોમાં એકબીજા માટે મોહબ્બત આપી.(સુરએ આલે ઈમરાન,૧૦૩)

જેમકે ઔસ અને ખઝરજના કબીલા વચ્ચે ૧૨૦ વર્ષથી લડાઈ અને જંગ ચાલી રહી હતી અને ઈસ્લામે તે લોકોમાં સંપ અને સુલેહ કરાવી અને

તેમના દીલોને એકબીજાથી નજીક કર્યા. મોમીનભાઈમાં આપસમાં સુલેહ કરાવવી ઈઝ્ઝત અને આબરૂની તાકાત અને અલ્લાહતઆલાની મગફેરત અને રહેમત હાસીલ કરવાનું સબબ છે. (اِنْ تُصْلِحُوْا وَ تَتَّقُوْا فَاِنَّ اللهَ كَانَ غَفُوْراً رَحِيْماً) (સુરએ નીસા,૧૨૯)

જે કોઈ મુસલમાનોમાં સારા કામ માટે વાસ્તો બને અલ્લાહતઆલા તેને ઘણો સારો અજર આપશે. (مَنْ يَّشْفَعْ شَفَاعَةً حَسَنَةً يَّكُنْ لَهُ نَصِيْبٌ مِنْهَا)(સુરએ નીસા,૮૫)

• લોકોમાં સુલેહ કરાવવા માટે ઈસ્લામે ખાસ અહકામ બયાન કર્યા છે. જેમકે,

૧. ખોટું બોલવું જે ગુનાહે કબીરામાંથી છે, જો સુલેહ કરાવવા માટે ખોટું બોલવામાં આવે તો ગુનાહ નથી. માસુમ (અલ.) ફરમાવે છે :

لاَ كِذْبَ عَلي الْمُصْلِحَ

સુલેહ કરાવનાર માટે ખોટું બોલવું ગુનાહ નથી.

(બહાર,જીલ્દ ૬૯,પેજ ૨૪૨)

૨. છૂપી રીતે, એકબીજાના કાનમાં વાતો કરવી શયતાનના અમલમાંથી છે જે પાસે બેઠેલા માણસોને શંકામાં નાખી દે છે અને એટલા માટે તેની ઈસ્લામમાં મનાઈ કરવામાં આવી છે. પરંતુ જો આ જ કામ મોમીનો દરમિયાન ઈસ્લાહ માટે, તેમના સમાધાન માટે હોય તો ગુનાહ નથી.

لاَ خَيْرَ فِي كَثِيْرٍ مِّنْ نَجْوَاهُمْ اِلاَّ مَنْ اَمَرَ بِصَدَقَةٍ اَوْ مَعْرُوْفٍ اَوْ اِصْلاَحٍ بَيْنَ النَّاسِ

(અય રસુલ ! આ લોકોનું તારી સાથે એકાંતમાં વાતો કરવાનો કોઈ જ ફાયદો નથી. સીવાય કે જો કોઈ સદકો આપવા માટે કે કોઈ નેક કામ માટે કે


amillibrary.com

લોકોમાં ઈસ્લાહ અને સમાધાન માટે વાત કરે.) (સુરએ નીસા,૧૧૪)

૩. ઈસ્લામમાં કસમ પર અમલ કરવો વાજીબ અને તેને તોડવી હરામ છે. પણ જો કોઈ એવી કસમ ખાય કે બે માણસની વચ્ચે કોઈ દિવસ ઈસ્લાહ નહીં કરાવે તો ઈસ્લામ આવી કસમને તોડવી જાએઝ સમજે છે.

وَلَا تَجْعَلُوا اللهَ عُرْضَةً لِأَيْمَانِكُمْ أَنْ تَبَرُّوا وَتَتَّقُوا وَتُصْلِحُوا بَيْنَ النَّاسَ

(યાદ રાખો! અલ્લાહના નામને તમારી સોગંદ માટે ઢાલ ન બનાવો કે હું તકવાવાળો નહીં બનું અથવા લોકોમાં સુલેહ નહીં કરાવું. (આવી કસમ ન ખાવ.) (સુરએ બકરાહ,૨૨૪)

તફસીરમાં જોવા મળે છે કે એક વખત રસુલે ખુદા(સ.અ.વ.)ના સહાબીઓમાંથી એક સહાબીની દીકરી અને જમાઈ વચ્ચે ઝઘડો થયો. દીકરીના બાપે કસમ ખાધી હતી કે તેમના મામલામાં કોઈ પણ જાતની દખલગીરી નહીં કરે. ત્યારે આ આયત નાઝીલ થઈ કે નેકી, તકવા અને ખૈરના કામોને છોડવા માટે કસમનો સહારો ન લો.

૪. વસીયત પર અમલ કરવો વાજીબ અને તેના પર અમલ ન કરવો હરામ છે. પરંતુ વસીયત પર અમલ કરવાના કારણે લોકોમાં લડાઈ, ઝઘડા અને નફરત પેદા થતી હોય તો ઈસ્લામ ઈજાઝત આપે છે કે તે વસીયત પર અમલ ન કરવામાં આવે જેથી લોકોમાં સુલેહ અને શાંતિ જળવાઈ રહે.

فَمَنْ خَافَ مِنْ مُوصٍ جَنَفًا اَوْ اِثْمًا فَأَصْلَحَ بَيْنَهُمْ فَلَا اِثْمَ عَلَيْهِ

(સુરએ બકરાહ, ૧૮૨)


amillibrary.com

૫. એક મુસલમાનનું લોહી એહતરામ ધરાવે છે. પરંતુ જો અમુક મુસલમાનો ફીત્ના અને ફસાદ કરવામાં હદથી આગળ વધી જાય તો સમાજમાં સુલેહ અને શાંતિ જાળવવા માટે ઈસ્લામ અમુક આવા ઝાલીમોને મારી નાખવાની પણ રજા આપે છે. (فَقَاتِلُوْا الَّتِي تَبْغِي) જે લોકો ઝુલ્મ કરવામાં હદથી આગળ વધી જાય છે તેમની સાથે જંગ કરો.) (સુરએ હુજુરાત,૯)

## સુલેહ અને શાંતિમાં અવરોધરૂપ બનતી વસ્તુઓ

કુરઆને કરીમ અને માસુમીન(અલ.)ની રિવાયતોમાં સુલેહ માટે કઈ વસ્તુઓ અવરોધ અને રૂકાવટ બને છે તેના વિશે પણ બયાન કરવામાં આવ્યું છે. જેમકે,

૧. શયતાન

કુરઆને કરીમ ફરમાવે છે : ( اُدْخُلُوْا فِي السِّلْمِ كاَفَّة وَ لاَ تَتَّبِعُوْا خُطُوَاتِ الشَّيْطاَنَ) એટલે બધા જ સુલેહ અને સંપમાં દાખલ થઈ જાવ અને શયતાનના વસવસા પર અમલ ન કરો.(સુરએ બકરહ,૨૦૮)

બીજી જગ્યાએ ફરમાવે છે :

اِنَّمَا يُرِيْدُ الشَّيْطاَنَ اَنْ يُوْقِعَ بَيْنَكُمُ الْعَدَاوَةَ وَالْبَغْضاء

(બેશક શયતાન એવું ઈચ્છે છે કે તમારા દરમિયાન દુશ્મની અને કીનો પેદા થાય.)

(સુરએ માએદાહ,૯૧)

૨. માલની મોહબ્બત અને કંજૂસાઈ

(وَالصُّلْحُ خَيْرٌوَاُحْضِرَتِ الاَنْفُسُ الشُّحَ)

(સુલેહ કરવી બહેતર છે ભલે લોકો કંજૂસાઈ અને લાલચ કરતા હોય.) (સુરએ નીસા, ૧૨૮)

 amillibrary.com

3. તકબ્બુર અને ઘમંડ પણ અમુક વખત સુલેહ અને સંપમાં અવરોધ બને છે.

## અલ્લાહતઆલાની રહેમત હાસીલ કરવાના અમુક વસીલા

જો આપણે કુરઆને શરીફની તિલાવત કરીએ અને જ્યાં પણ(لَعَلَّكُمْ تُرْحَمُوْنَ) ની આયત આવી છે તેના પર વિચાર કરીએ તો આપણને જાણવા મળશે કે ઈન્સાન અમુક વસીલાઓથી અલ્લાહની રહેમત મેળવી શકે છે.જેમકે,

૧. અલ્લાહ, રસુલ અને આસમાની કિતાબોની ઈતાઅત કરવી.

(وَاَطِيْعُوْا الله وَالرَّسُوْل..) (સુરએ આલે ઈમરાન, ૧૩૨)

(هَذَا كِتَابٌ....فَاتَّبِعُوْهُ.....لَعَلَّكُمْ تُرْحَمُوْنَ) (સુરએ અન્આમ, ૧૫૫)

૨. નમાઝને કાએમ કરવી અને ઝકાત આપવી.

(اَقِيْمُوْا الصَّلَوةَ وَ اَتُوْا الزَّكَاةَ ....لَعَلَّكُمْ تُرْحَمُوْنَ) (સુરએ નૂર, ૫૬)

3. મુસલમાનોમાં આપસમાં સુલેહ કરાવવી.

(فَاَصْلِحُوْا....لَعَلَّكُمْ تُرْحَمُوْنَ)

૪. તૌબા અને ઈસ્તગફાર

(لَوْلاَ تَسْتَغْفِرُوْنَ الله لَعَلَّكُمْ تُرْحَمُوْنَ) (સુરએ નમ્લ, ૪૬)

૫. કુરઆનની આયતોની તિલાવતને ધ્યાનથી સાંભળવી.

(وَ اِذَا قُرِءَ الْقُرْآن فَاسْتَمِعُوْا لَهُ.....لَعَلَكُمْ تُرْحَمُوْنَ) (સુરએ અઅરાફ, ૨૦૪)

## રિવાયતોમાં અલ્લાહની રહેમત હાસીલ કરવાના વસીલા

રસુલે ખુદા(સલ.) અને માસુમીન(અલ.) કે જેમને મર્તબો કુરઆન જેટલો જ છે તેમની રિવાયતોમાં પણ અલ્લાહની રહેમત કેવી રીતે પ્રાપ્ત કરી શકાય તે માટે અમુક સીફારીશ કરવામાં આવે છે. દાખલા તરીકે,

૧. બીમાર મોમીનની અયાદત કરવી.

(مَنْ عادَ مُؤْمِناً خاضَ الرَّحْمَةَ خَوْضاً) જે પણ બીમાર મોમીનની અયાદત માટે જાય તે અલ્લાહતઆલાની રહેમતમાં ડૂબી ગયો છે. (વસાએલુશ્શીયા, જીલ્દ ૨,પેજ ૪૧૫)

૨. કમજોર ઈન્સાનોની મદદ કરવી.

(...اِرْحَمُوْا ضُعَفائَكُمْ وَ اطْلُبُوْا الرَّحْمَةَ)


amillibrary.com

સમાજમાં જે લોકોની આર્થિક હાલત સારી નથી, બીમાર છે અથવા બીજી કોઈ મુશ્કેલીઓમાં પરેશાન હોય તેમના પર રહેમ કરો અને આ અમલથી અલ્લાહની રહેમત હાસીલ કરો. (મુસ્તદરક,જીલ્દ ૯,પેજ ૫૪)

૩. બાલ બચ્ચાવાળા ઈન્સાનો પર રહેમ કરવો. માસુમ(અલ.)ની રિવાયતમાં ખૂબ જ સીફારીશ કરવામાં આવી છે કે જેમની દીકરીઓ વધારે હોય તેમને મદદ કરો.

૪. દુઆ, નમાઝ, પ્રેમ અને નરમાશથી વાત કરવી, મોમીન ભાઈ સાથે મુસાફેહો કરવો, તેમને ગળે લાગવું વગેરે પણ અલ્લાહની રહેમત હાસીલ કરવાના વસીલા છે. (વસાએલુશ્શીયા,જીલ્દ ૭,પેજ ૩૧)

૫. લોકોની મુશ્કેલીઓને દૂર કરવી. માસુમ(અલ.) ફરમાવે છે : મુશ્કેલીમાં ફસાએલા માણસો તેમની મુશ્કેલીના ઈલાજ માટે તમારી પાસે આવે છે તો હકીકતમાં તે અલ્લાહની રહેમત છે. તેને તમારી પાસેથી દૂર ન કરો.(ઉસુલે કાફી,જીલ્દ ૨,પેજ ૨૦૬)


amillibrary.com

# આયત નં. ૧૧

يَاأَيُّهَا الَّذِيْنَ آمَنُوْا لاَ يَسْخَرْ قَوْمٌ مِنْ قَوْمٍ عَسَي أَنْ يَّكُوْنُوْا
خَيْراً مِنْهُمْ وَلَا نِسَاءٌ مِّنْ نِسَاءٍ عَسَي أَنْ يَّكُنَّ خَيْراً مِنْهُنَّ وَلاَ
تَلْمِزُوْا أَنْفُسَكُمْ وَلاَ تَنَابَزُوْا بِالْأَلْقَابِ بِئْسَ الاِسْمُ الْفُسُوْقُ بَعْدَ
الْاِيْمَانِ وَمَنْ لَّمْ يَتُبْ فَأُوْلَئِكَ هُمُ الظَّالِمُوْنَ

અય ઈમાન લાવનારાઓ ! (યાદ રાખો) એક કૌમ બીજી કૌમની મજાક ન ઉડાવે. કદાચ એ લોકો તમારા કરતા સારા હોય અને ન સ્ત્રીઓ બીજી સ્ત્રીઓની મજાક ઉડાવે. કદાચ તે ઔરતો તમારા કરતા બહેતર હોય અને તમે એકબીજાને મહેણા ન મારો(કટાક્ષના શબ્દો ન કહો) અને કોઈને ખરાબ લકબથી ન બોલાવો. ઈમાન લાવ્યા પછી કોઈને ખરાબ લકબથી બોલાવવું ઘણું જ ખરાબ કામ છે

અને જે કોઈ (આવા કામોથી તૌબા ન કરે તો એ જ લોકો ઝાલીમ છે.

## આયતના જરૂરી પોઈન્ટસ :

- (لَمْز) એટલે કોઈની સામે તેના ઐબ બયાન કરવા.(કીતાબુલ ઐન)
- (هَمْز) એટલે કોઈની પીઠ પાછળ,તેની ગેરહાજરીમાં તેના ઐબ બયાન કરવા. (કીતાબુલ ઐન)
- (تَنَابُز) એટલે કોઈને ખરાબ લકબથી બોલાવવું. (લીસાનુલ અરબ)
- આ પહેલાની આયતમાં ‘ભાઈચારા’ ની વાત બયાન કરવામાં આવી હતી અને આ આયતમાં એ વાતો વિશે ચર્ચા કરવામાં આવી છે જે આપસમાં ભાઈચારાને, મોહબ્બતને નાબૂદ કરે છે. એવી જ રીતે આ પહેલાની આયતમાં ઝઘડો અને સુલેહની


amillibrary.com

વાત હતી. આ આયતમાં ફીત્ના અને ઝઘડાના અમુક કારણો જેમકે, કોઈની મજાક ઉડાવવી, કોઈનું અપમાન કરવું,ખરાબ નામથી બોલાવવું વગેરે વિશે બયાન કરવામાં આવ્યું છે.

ઈસ્લામના કાનૂન પર અમલ કરવાથી ઘણા બધા ફાયદા થાય છે. તેમાંનો એક ફાયદો અને બરકત એ છે કે સમાજ જુદા જુદા પ્રકારની રૂહાની બીમારીઓ અને મુશ્કેલીઓથી સલામત રહે છે અને કોઈની મજાક ઉડાવવી કે ખરાબ લકબથી બોલાવવાથી બચી શકાય છે.

## આયતમાંથી મળતા જરૂરી દર્સ :

૧. અલ્લાહ પર ઈમાન અને કોઈની મશ્કરી કરવી આ બંને વસ્તુઓ સાથે મેળ નથી ખાતી. (જે મોમીન હોય તે બીજા મોમીનોની મશ્કરી નથી કરી શકતો.)(يَا أَيُّهَا الَّذِيْنَ آمَنُوْا لاَ يَسْخَرْ قَوْمٌ مِنْ قَوْمٍ) અય

ઈમાન લાવનારાઓ ! તમારામાંથી અમુક લોકો બીજા લોકોની મજાક ન ઉડાવે.)

૨. જે માણસ બીજાને કોઈનું અપમાન કરવાથી રોકે છે તેની કહેવાની રીત પણ એવી ન હોવી જોઈએ કે સામેવાળા માણસનું અપમાન થાય. બલકે તેનું માન રાખીને તેને બીજાનું અપમાન કરવાથી રોકવું જોઈએ. અલ્લાહતઆલા પણ આ આયતમાં ફરમાવે છે : لاَ يَسْخَرْ قَوْمٌ مِنْ قَوْمٍ)

એક કૌમ બીજી કૌમની મજાક ન ઉડાવે.) પરંતુ અલ્લાહતઆલા આપણને ડાયરેક્ટ નથી કહેતો لاَ تَسْخَرُوْا) તમે મજાક ન ઉડાવો. આ રીતે કોઈને ડાયરેક્ટ કહેવું તેનું એક જાતનું અપમાન છે.)

૩. બીજાની મશ્કરી કરવી ફીત્નો, ફસાદ, કીનો અને દુશ્મનીની ચાવી છે. (لاَ يَسْخَرْ قَوْمٌ) (ભાઈચારો, સુલેહ


amillibrary.com

અને સંપની વાત કર્યા પછી મશ્કરી કરવાની મનાઈ કરવામાં આવી છે.)

૪. તબ્લીગ કરતી વખતે જો કોઈ મહત્ત્વની વાત હોય અથવા સાંભળનારા જુદા જુદા લોકો હોય તો દરેક પ્રકારના લોકો માટે ફરીથી વાત બયાન કરવી જોઈએ.

આ આયતમાં અલ્લાહતઆલા પહેલા એક કૌમને બીજી કૌમની મશ્કરી કરવાની મનાઈ કરે છે, ત્યારબાદ ફરમાવે છે કે ઔરતો પણ બીજી ઔરતોની મશ્કરી ન કરે. ( قَوْمٌ مِنْ قَوْمٍ...وَ لاَ نِسآءٌ مِّنْ نِّسَاءِ)

પ. લોકોની તરબીયત અને હીદાયત કરવા માટે, તેમની અંદર સુધારો લાવવા માટે જરૂરી છે કે ફીત્ના અને ફસાદના મૂળને નાબૂદ કરવામાં આવે. (عسي اَنْ يَّكُوْنُوْا خَيْرًا) (બીજાની મશ્કરી કરવાનું મૂળ

કારણ પોતાની જાતને બીજા કરતા વધારે સારી સમજવી છે. કુરઆને કરીમ આ મજાક મશ્કરીના મૂળને જ નાબૂદ કરે છે અને ફરમાવે છે આપણે પોતાને બીજા કરતા વધારે બહેતર અને સારા ન સમજવા જોઈએ. કદાચ તેઓ તમારા કરતા વધારે સારા હોય!)

૬. આપણને કોઈના દીલ વિશે કાંઈ ખબર નથી. માટે ફક્ત કોઈનું જાહેર જોઈને, ઉપરછલ્લો નિર્ણય ન લેવો જોઈએ.(શક્ય છે તેની પાસે કોઈ એવી સારી સીફત હોય જેના વિશે આપણને ખબર ન હોય અથવા અલ્લાહ તેને તૌબાની તૌફીક આપે કે તે ભવિષ્યમાં આપણા કરતા પણ વધારે સારો બની જાય. જનાબે હૂર(અલ.)ને કરબલામાં છેલ્લી ઘડીએ તૌબાની તૌફીક મળી અને કામયાબ થઈ ગયા.)


amillibrary.com

عَسي اَنْ يَّكُوْنُوْا خَيْرًا) કદાચ એ લોકો તમારા કરતા વધારે સારા હોય.)

૭. બધા જ ઈન્સાનોની ફીતરત સરખી છે. માટે લોકોના ઐબ બયાન કરવા હકીકતમાં આપણા પોતાના જ ઐબ બયાન કરવા સમાન છે. لاَ تَلْمِزُوْا أَنْفُسَكُمْ) તમે પોતે તમારા ઐબોને બયાન ન કરો.)

૮. બીજાના ઐબ બયાન કરવાથી તેમના દીલોમાં પણ કીનો અને બદલો લેવાની ભાવના પેદા થાય છે. જેથી તેઓ પણ તમારા ઐબ બયાન કરશે. માટે બીજાના ઐબ બયાન કરવા હકીકતમાં ભવિષ્યમાં આપણા પોતાના જ ઐબ બયાન કરવા સમાન છે. لاَ تَلْمِزُوْا أَنْفُسَكُمْ) તમે પોતે જ તમારા ઐબોને બયાન ન કરો.)

૯. બીજાની મજાક ઉડાવવી, મશ્કરી કરવી ફક્ત એક તરફ બાકી નથી રહેતી.બલકે વહેલા મોડા આ

મજાક મશ્કરી બંને તરફથી શરૂ થઈ જાય છે. لاَ تَنَابَزُوْا) તમે એકબીજાની મજાક ન ઉડાવો.) (જ્યારે કોઈ કામ બંને તરફથી કરવામાં આવતું હોય ત્યારે અરબીમાં આ શબ્દપ્રયોગ કરવામાં આવે છે.)

૧૦. જો કોઈની મશ્કરી કરી હોય કે કોઈને ખરાબ નામથી બોલાવ્યું હોય તો તેના માટે તૌબા કરવી જરૂરી છે. (وَ مَنْ لَّمْ يَتُبْ فَأُوْلَئِكَ هُمُ الظَّالِمُوْن) જે લોકો તૌબા ન કરે તો એ લોકો ઝાલીમ છે.

• જો કે તૌબા ફક્ત ઝબાનથી નથી. બલકે જેનું અપમાન કર્યું હોય તેની તૌબા તે માણસનો એહતરામ કરવો છે.

• જો કોઈ હક વાત છૂપાવી હોય તો તેની તૌબા એ છે કે જે કાંઈ છૂપાવ્યું છે તેને જાહેર કરે. تَابُوْا وَ اَصْلِحُوْا وَ بينوا) તૌબા કરો,ઈસ્લાહ કરો અને જે કાંઈ છૂપાવ્યું છે તેને જાહેર કરો.(સુરએ બકરાહ,૧૬૦)

• જે લોકોએ ફસાદ કર્યો છે તેમની તૌબા એ છે કે તેઓ તેમના કામને સુધારે. (تَابُوْ وَ اَصْلِحُوْا)

૧૧. બીજાની મજાક મશ્કરી કરવી તેની માન અને ઈઝઝત પર ધબ્બો લગાવવા સમાન છે અને જો મશ્કરી કરનાર તૌબા ન કરે તો એ ઝાલીમ છે. ( وَ مَنْ لَّمْ يَتُبْ فَاُوْلَئِكَ هُمُ الظَّالِمُوْن)

## બીજા લોકોની મજાક મશ્કરી કરવી

મજાક મશ્કરી કરવી જાહેરમાં એક ગુનાહ દેખાય છે. પરંતુ હકીકતમાં તેના મૂળમાં એકથી વધારે ગુનાહ છૂપાએલા હોય છે. દાખલા તરીકે, મજાક કરવામાં કોઈનું અપમાન કરવું, કોઈને ઝલીલ કરવું, તેના ઐબને બયાન કરવા, એકબીજાની વચ્ચે જુદાઈ નાખવી, ગીબત કરવી, દીલમાં તેના માટે કીનો રાખવો, ઝઘડા,ફસાદ, બીજાને પણ આવા ગુનાહ

તરફ ખેંચવું, બદલો લેવાની ભાવના, બીજાને કટાક્ષના શબ્દો બોલવા વગેરે ગુનાહ છૂપાએલા છે.

## મજાક મશ્કરી કરવાના મુખ્ય કારણો

૧. અમુક વખત ઈન્સાન તેની પાસે વધારે પૈસો હોવાના કારણે બીજાની મજાક કરે છે. કુરઆને શરીફ ફરમાવે છે : ( وَيْلٌ لِكُلِّ هُمَزَةٍ لُمَزَةِ الَّذِي جَمَعَ مالاً وَّ عَدَّدَه) (સુરએ હોમઝહ, ૧,૨)

અફસોસ છે એ લોકો પર જેઓ તેમની પાસે વધારે પૈસો હોવાના કારણે બીજા ઈન્સાનો સામે અને તેમની પીઠ પાછળ, તેમની ગેરહાજરીમાં તેમના એેબ બયાન કરે છે.

૨. ક્યારેક મજાક કરવાનું કારણ ઈલ્મ અને ડીગ્રી છે કે કુરઆને કરીમ આવા લોકો માટે ફરમાવે છે : ( فَلَمَّا جَاءَتْهُمْ رُسُلُهُمْ بِالْبَيِّنَاتِ فَرِحُوْا بِمَا عِنْدَهُمْ مِنَ الْعِلْمِ وَ حاَقَ بِهِمْ ماَ كاَنُوْا بِهِ يَسْتَهْزِؤُوْنَ) (જ્યારે એ લોકો પાસે અમારા

રસુલ ચોખ્ખી દલીલ લઈને આવ્યા ત્યારે તેઓ તેમની પાસે જે કાંઈ ઈલ્મ હતું તેના પર ફખર કરવા લાગ્યા અને જે વસ્તુની મજાક ઉડાવતા હતા તે જ વસ્તુ તેમના માટે અઝાબનું સબબ બની.) (સુરએ ગાફીર,૮૩)

૩. કોઈ વખત ઈન્સાન પાસે શરીરની તાકાત વધારે હોવાથી તે બીજાની મશ્કરી કરે છે. કાફીરો કહેતા હતા (مَنْ اَشَدُّ مِناَّ قُوَّة) કોણ અમારા કરતા વધારે તાકાતવાળું છે ? (સુરએ ફુસ્સીલત, ૧૫)

૪. અમુક વખત મજાક કરવાનું કારણ એવા ખરાબ નામો અને લકબ સમાજમાં પ્રચલિત કરવામાં અવે છે કે જેનો ઉપયોગ કરીને લોકો બીજાની મજાક મશ્કરી કરે. જેમકે ગરીબો અને ફકીર માણસો જેઓ અમ્બિયા(અલ.) પર ઈમાન લાવતા હતા તેમની મજાક ઉડાવવા માટે કાફીરો આ રીતે કહેતા હતા :

(مَا نَرَاكَ اتَّبَعَكَ اِلاَّ الَّذِيْنَ هُمْ أَرَاذِلُنَا) અમે તમારી ઈતાઅત કરનાર ઝલીલ અને હલકા માણસો સીવાય બીજા કોઈને જોતા નથી. (સુરએ હુદ, ૨૭)

૫. ટાઈમ પાસ કરવા અને પોતાના મનને ખુશ કરવા માટે પણ બીજાની મશ્કરી કરવામાં આવે છે.

૬. દુનિયાનો માલ,હોદ્દો અને પોષ્ટની લાલચમાં મશ્કરીના રૂપમાં કોઈની ટીકા કરવામાં આવે છે. અમુક લોકો રસુલે ખુદા(સલ.)ની પાસે ઝકાત માટે ખરાબ શબ્દો બોલતા હતા. કુરઆને કરીમ ફરમાવે છે :

وَمِنْهُمْ مَّنْ يَّلْمِزُكَ فِي الصَّدَقَاتِ فَاِنْ اُعْطُوْا مِنْهَا رَضُوْا وَاِنْ لَمْ
يُعْطَوْا مِنْهَا اِذَا هُمْ يَسْخَطُوْنَ

(ઝકાત વિશે ખરાબ બોલવાનું મૂળ કારણ તેમની લાલચ છે. જો આ ઝકાત તેમને આપવામાં આવે તો તેઓ ખુશ થાય છે અને જો તેમને ન આપવામાં

આવે તો તરત નારાજ થઈ જાય છે અને ઝકાત વિશે ખરાબ શબ્દો બોલવાનું શરૂ કરી દે છે.) (સુરએ તૌબા,૫૮)

૭. અમુક વખત મજાકનું કારણ અજ્ઞાનતા અને મૂર્ખામી હોય છે. જ્યારે હઝરત મૂસા(અલ.)એ ગાયને ઝબહ કરવાનો હુકમ આપ્યો ત્યારે બની ઈસરાઈલે કહ્યું : શું તમે અમારી મશ્કરી કરો છો ? હઝરત મૂસા(અલ.)એ જવાબમાં ફરમાવ્યું : ( اَعُوْذُ بِاللهِ اَنْ اَكُوْنَ مِنَ الْجَاهِلِيْنَ) (હું અલ્લાહની પાસે પનાહ માંગુ છું કે જાહીલોમાંથી હોઉ.એટલે કે તમારી મજાક જહાલત અને નાદાનીના કારણે છે પણ હું જાહીલ નથી.) (સુરએ બકરાહ,૬૭)

## અજાણતામાં કરવામાં આવતી મજાક

ઈમામ સાદીક(અલ.)એ તેમના સહાબીને પૂછ્યું : તમારા માલની ઝકાત તમે કેવી રીતે આપો છો ?

તેણે જવાબ આપ્યો : ફકીરો અમારી પાસે આવે છે અને હું તેમને ઝકાત આપું છું.

ઈમામ(અલ.)એ ફરમાવ્યું : ધ્યાન રાખજે કે તું આ રીતે ફકીરોને ઝલીલ કરે છે. હવે ક્યારેય આ રીતે ન કરજે. કારણકે અલ્લાહતઆલા ફરમાવે છે : જે કોઈ મારા દોસ્તને ઝલીલ કરે છે તે મારી સાથે જંગ કરવા માટે તૈયાર થયો છે.

(મુસ્તદરક,જીલ્દ ૯,પેજ ૧૦૫)

## મજાક કરવાના પ્રકાર

• જેની મજાક કરવામાં આવી રહી છે તે ઈન્સાન જેટલો પવિત્ર અને નેક હશે એટલી જ તેની મજાક મશ્કરી કરવી ખતરનાક છે.

• કુરઆને શરીફમાં આપણે પઢીએ છીએ : ( اَبِاللّٰهِ وَ آيَاتِهِ وَ رَسُوْلِهِ كُنْتُمْ تَسْتَهْزِؤُوْنَ) (શું તમે અલ્લાહ, તેની


amillibrary.com

આયતો અને તેના રસુલની મજાક ઉડાવો છો ?) (સુરએ તૌબા,૬૫)

• રસુલે ખુદા(સ.અ.વ.)એ જ્યારે મક્કા ફતેહ કર્યું ત્યારે બધા જ મુશરીકોને માફ કરી દીધા. સીવાય એ લોકોને જેમનું કામ જ દીનની મજાક ઉડાવવાનું હતું.)

• માસુમ(અલ.) તેમની મુબારક હદીસમાં ફરમાવે છે : અલ્લાહના મોમીન બંદાને ઝલીલ કરવો અલ્લાહની સાથે જંગનું એલાન કરવા બરાબર છે. (વસએલુશ્શીયા,જીલ્દ ૧૨,પેજ ૨૭૦)

## મજાક મશ્કરી કરવાનું પરિણામ,નતીજો

• કુરઆને શરીફની આયતો અને માસુમ(અલ.)ની રિવાયતો પરથી જાણવા મળે છે કે મજાક ઉડાવનારનો ઘણો જ ખરાબ અંત આવે છે.

૧. સુરએ મુતફ્ફેફીનમાં પઢીએ છીએ : فَالْيَوْمَ الَّذِيْنَ اٰمَنُوْا مِنَ الْكُفَّارِ يَضْحَكُوْنَ) જે લોકો દુનિયામાં મોમીનો પર હસીને,ઈશારાથી મજાક મશ્કરી કરીને અપમાન કરતા હતા કયામતના દિવસે જન્નતી લોકો પણ તેમની મજાક ઉડાવશે અને તેમનું અપમાન કરશે.) (સુરએ મુતફ્ફેફીન, ૩૪)

૨. અમુક વખત મશ્કરી કરનારાઓને આ જ દુનિયામાં તેમની મજાક ઉડાવવાની સજા મળે છે. اِنْ تَسْخِرُوْا مِناَّ فَاِنَّا تَسْخَرُ مِنْكُمْ كَماَ تَسْخَرُوْنَ) જો તમે અમારી મજાક ઉડાવશો, તમે અમે પણ તમારી મજાક ઉડાવશું જેવી રીતે તમે અમારી મજાક ઉડાવી રહ્યા છો. (સુરએ હુદ,૩૮)

૩. કયામતનો દિવસ મજાક ઉડાવનારાઓ માટે ઘણા જ અફસોસનો દિવસ હશે. ياَ حَسرَةً عَلي الْعِباَدِ ماَ يَأْتِيْهِمْ مِنْ رَّسُوْلٍ اِلاَّ كاَنُوْا بِهِ يَسْتَهْزِؤُونَ) અફસોસ છે આ


amillibrary.com

બંદાઓ ઉપર કોઈ પણ રસુલ તેમની પાસે નથી આવ્યા પરંતુ એ લોકોએ તેમની મજાક ઉડાવી.) (સુરએ યાસીન,૩૦)

૪. હદીસમાં માસુમ(અલ.) ફરમાવે છે : મજાક ઉડાવનારની મૌત ઘણી જ ખરાબ હાલતમાં થાય છે. (مَاتَ بِشَرِّ مَيْتَةٍ) (બહાર,જીલ્દ ૭૨,પેજ ૧૪૫)

પ. ઈમામ સાદીક(અલ.) ફરમાવે છે : જે માણસ મામીનને મહેણા મારે છે, કટાક્ષના શબ્દો કહે છે અથવા તેની હક વાતનો ઈન્કાર કરે છે તેણે હકીકતમાં અલ્લાહની વાતનો ઈન્કાર કર્યો છે.(વસાએલુશ્શીયા,જીલ્દ ૧૨,પેજ ૨૭૦)

## એક અનુભવ

• રસુલુલ્લાહ(સલ.)નું એક ઘણું જ સારૂં અને બરકતવાળું કામ એ હતું કે જે માણસો અથવા જગ્યાના નામ ખરાબ હોય તેને બદલાવી નાખતા


amillibrary.com

હતા.કારણકે ખરાબ નામ, મજાક ઉડાવવાનું કે અપમાન કરવાનું સબબ બને છે. (ઉસદુલ ગાબહ,જીલ્દ ૩,પેજ ૭૬ અને જીલ્દ ૪,પેજ ૩૬૨)

• મૌલા અલી(અલ.)ના ભાઈ જનાબે અકીલ મુઆવીયાની પાસે આવ્યા તો મુઆવીયાએ તેમનું અપમાન કરવા માટે કહ્યું : સલામ થાય તેના પર કે જેના કાકા અબુલહબ છે કે જેના પર કુરઆને લાનત કરી છે. જનાબે અકીલે પણ તરત જ જવાબ આપ્યો : સલામ થાય તેના પર કે જેની ફોઈ (حَمَّالَةَ الْحَطَبِ) છે. (એટલે કે અબુ લહબની પત્ની મુઆવીયાની ફોઈની દીકરી હતી. તેના પર પણ કુરઆન લાનત કરે છે.) (બહાર,જીલ્દ ૪૨,પેજ ૧૧૨; અલ ગારાત,જીલ્દ ૨,પેજ ૩૮૦)

# આયત નં. ૧૨

يَآ أَيُّهَا الَّذِيْنَ آمَنُوْا اجْتَنِبُوْا كَثِيْرًا مِّنَ الظَّنِّ اِنَّ بَعْضَ الظَّنِّ اِثْمٌ وَّ
لَا تَجَسَّسُوْا وَلَا يَغْتَبْ بَّعْضُكُمْ بَعْضًا أَيُحِبُّ أَحَدُكُمْ اَنْ يَّأْكُلَ
لَحْمَ اَخِيْهِ مَيْتًا فَكَرِهْتُمُوْهُ وَاتَّقُوا اللّٰهَ اِنَّ اللّٰهَ تَوَّابٌ رَّحِيْمٌ

અય ઈમાન લાવનારાઓ ! વધારે ગુમાન (અનુમાન) કરવાથી બચો. બેશક, તમારા અમુક ગુમાન ગુનાહ છે.(એકબીજાના) ઐબો ન શોધો અને એકબીજાની ગીબત ન કરો. શું તમારામાંથી કોઈ પસંદ કરશે કે પોતાના મરેલા ભાઈનું ગોશ્ત ખાય ! જરૂર તમે તેને પસંદ નહીં કરો. તો પછી અલ્લાહથી ડરો અને તકવા ઈખ્તીયાર કરો.બેશક,અલ્લાહ તૌબા કબૂલ કરનાર અને મહેરબાન છે.


amillibrary.com

## આયતના જરૂરી પોઈન્ટસ :

• કુરઆને કરીમમાં લોકો માટે સારું ગુમાન(અનુમાન) કરવાનું કહેવામાં આવ્યું છે પરંતુ મોમીનો માટે ખરાબ ગુમાન કરવાની મનાઈ કરવામાં આવી છે.દાખલા તરીકે, સુરએ નૂરમાં અલ્લાહતઆલા ફરમાવે છે : لَوْلاَ اِذْ سَمِعْتُمُوْهُ ظَنَّ الْمُؤْمِنُوْنَ وَ الْمُؤْمِنَاتِ بِاَنْفُسِهِمْ خَيْرًا) શા માટે અમુક સાંભળેલી વાતો પર તમે સારું ગુમાન નથી કરતા?) (સુરએ નૂર,૧૨)

• જેવી રીતે આ જ સુરાની ૯મી આયતમાં લોકોની જાનની સલામતી માટે બધા જ મુસલમાનોને ઝાલીમનો મુકાબલો કરવા માટે જવાબદાર કહે છે, એવી જ રીતે આ આયતમાં લોકોની ઈઝ્ઝતની હીફાઝત માટે ખરાબ ગુમાન,એકબીજાના ઐબ

શોધવા અને ગીબત કરવાનું હરામ કરવામાં આવ્યું છે.

• આજે દુનિયામાં ઈન્સાની હક્કો વિશે જાણનારા લોકો માનવઅધિકાર વિશે મોટી મોટી વાતો કરે છે. પરંતુ ઈસ્લામ ઈન્સાની હક્કો વિશે હજારો જરૂરી એવી બાબતો તરફ લોકોનું ધ્યાન દોરે છે જેનાથી માનવ અધિકારની વાતો કરનારા બીલકુલ ગાફીલ છે. જેમકે ઈસ્લામ ગીબત કરવાથી પણ લોકોના હકને નુકસાન થતું હોવાનું બયાન કરે છે.

• ઈસ્લામમાં કોઈ પણ ગુનાહને ગીબતની જેમ ફાડી ખાનાર બેરહમ જાનવરની સાથે સરખાવવામાં આવ્યો નથી.એક વાઘ પણ પોતાના જેવા બીજા વાઘને મારીને ખાતો નથી.

وَ لَيْسَ الذِّئْبُ يَأْكُلُ لَحْمَ ذِئْبٍ

وَ يَأْكُلُ بَعْضُنَا بَعْضًا عَيَانًا


amillibrary.com

અરબીનો એક શાએર કહે છે : એક વરૂ બીજા વરૂનું ગોશ્ત નથી ખાતો, પરંતુ આપણે ઈન્સાનો (ગીબત કરીને) બીજા ઈન્સાનોનું ગોશ્ત ખાઈએ છીએ !!

સવાલ

શા માટે એક મીનીટ ગીબત કરવાની ઈન્સાનની કેટલાય વર્ષોની ઈબાદત નાબૂદ થઈ જાય છે ? શું આવી સજા ઈન્સાફવાળી કહેવાય ?

જવાબ

જેવી રીતે ગીબત કરનાર એક મીનીટ ગીબત કરીને બીજા ઈન્સાનની વર્ષોથી ભેગી કરેલી ઈઝ્ઝતને નાબૂદ કરી નાખે છે એવી જ રીતે અલ્લાહતઆલા પણ ગીબત કરનારની વર્ષોની ઈબાદતને બરબાદ કરી નાખે છે. એટલા જ માટે એક ગીબતથી અમુક વર્ષોની ઈબાદત નાબૂદ થઈ


amillibrary.com

જવી અદાલત અને ઈન્સાફવાળી સજા છે. ગુજરાતી કહેવત પ્રમાણે 'જેવું કરશો તેવું પામશો'

## આયતના જરૂરી દર્સ :

૧. ઈમાન સાથે જવાબદારીઓ પણ આવે છે.માટે જે કોઈ અલ્લાહ પર ઈમાન લાવે તેના માટે જરૂરી છે કે અમુક કામ કરવાથી બચે.

يَا أَيُّهَا الَّذِيْنَ آمَنُوْا اجْتَنِبُوْا.. અય ઈમાન લાવનારાઓ ! તમે વધારે ખરાબ ગુમાન કરવાથી બચો.) (અલ્લાહ પર ઈમાન લાવ્યા પછી ખરાબ ગુમાન કરવું, લોકોના ઐબ શોધવા અને તેમની ગીબત કરવી વગેરે કામો બીલકુલ યોગ્ય નથી.)

૨. યકીન અને ખાતરીવાળા ગુનાહોથી બચવું હોય તો જરૂરી છે કે એવા કામોથી બચીએ જેના ગુનાહ હોવા વિશે આપણને શક છે.(કારણ કે ઘણા બધા ગુમાન ગુનાહ છે. માટે આવા તમામ ખરાબ

 amillibrary.com

ગુમાનથી બચવું જોઈએ.) اِجْتَنِبُوْا كَثِيْرًا مِنَ الظَّنِّ اِنَّ بَعْضَ الظَّنِّ اِثْمٌ) વધારે ખરાબ ગુમાનથી બચો.એટલા માટે કે અમુક ખરાબ ગુમાન ગુનાહ છે.)

૩. મૂળ કાનૂન એ છે કે જ્યાં સુધી આપણે કોઈ ઈન્સાનને ખોટા કામ કરતા ન જોઈએ ત્યાં સુધી તેને ભરોસાપાત્ર, ઈઝ્ઝતવાળો અને ગુનાહોથી પાક સમજવો જોઈએ. (اِنَّ بَعْضَ الظَّنِّ اِثْمٌ બેશક, અમુક ગુમાન ગુનાહ છે.)

૪. ઈસ્લામી સમાજમાં લોકો કોઈના માટે ખરાબ ગુમાનનો વિચાર પણ ન કરે, ન કોઈના કામની જાસુસી કરે અને ન તો કોઈની ગીબત કરીને તેની આબરૂને ખરાબ કરે. اِنَّ بَعْضَ الظَّنِّ اِثْمٌ...لاَ تَجَسَّسُوْا وَ لاَ يَغْتَبْ...) બેશક, અમુક ગુમાન ગુનાહ છે.કોઈના ઐબ ન શોધો અને કોઈની ગીબત ન કરો.)

૫. લોકોને ગીબતથી બચાવવા માટે ગીબતના જે મૂળ કારણો છે પહેલા તેને નાબૂદ કરવા જોઈએ.(ગીબત શરૂ થવાનું કારણ પહેલા ખરાબ ગુમાન,પછી કોઈના ઐબ શોધવા અને છેલ્લે તેની ગીબત શરૂ થાય છે.એટલા માટે કુરઆને શરીફ પણ એ જ ક્રમ પ્રમાણે ઈન્સાનને મનાઈ કરે છે.પહેલા ખરાબ ગુમાનથી બચો, પછી ઐબ ન શોધો અને ત્યારબાદ ફરમાવે છે ગીબત ન કરો.)

اجْتَنِبُوا كَثِيرًا مِّنَ الظَّنِّ إِنَّ بَعْضَ الظَّنِّ إِثْمٌ وَلَا تَجَسَّسُوا وَلَا يَغْتَب

૬. જાહેરમાં ઈન્સાનને ગુનાહ કરવાની મજા આવે છે. પરંતુ હકીકતમાં(બાતિનમાં) તે ગુનાહ ઘણો જ નફરતવાળો અને ખરાબ છે. (يأَكُلُ لَحْمَ اَخِيْهِ مَيْتاً) (ઈન્સાનને ગીબત કરવાની મજા આવે છે. પણ હકીકતમાં ગીબતનું બાતિન મરેલા ભાઈનું ગોશ્ત


amillibrary.com

ખાવું છે અને કોઈ પણ ગુનાહની ખરાબીને સમજાવવા માટે આ રીતે દાખલો આપવામાં નથી આવ્યો.)

૭. નહ્ય અનીલ મુનકર કરવા માટે મોહબ્બત અને લાગણીવાળા શબ્દોનો ઉપયોગ કરીએ.

وَلَا يَغْتَب بَّعْضُكُم بَعْضًا أَيُحِبُّ أَحَدُكُمْ أَن يَأْكُلَ لَحْمَ أَخِيهِ

(તમે ગીબત ન કરો. શું તમારામાંથી કોઈ પસંદ કરશે કે પોતાના મરેલા ભાઈનું ગોશ્ત ખાય ?) (કુરઆને કરીમ આ રીતે બયાન કરીને એક મોમીનને તેના મોમીન ભાઈ પ્રત્યેની લાગણીને ઉશ્કેરે છે.)

૮. શિક્ષણ અને કેળવણી (તાલીમ અને તરબીયત)ની એક રીત લોકોને દાખલા આપીને સમજાવવું જોઈએ. (أَيُحِبُّ أَحَدُكُمْ أَن يَأْكُلَ لَحْمَ أَخِيهِ ) (જેમકે આ આયતમાં અલ્લાહતઆલા ગીબતના

 amillibrary.com

ગુનાહની ખરાબીને સમજાવવા માટે મરેલા ભાઈનું ગોશ્ત ખાવાનો દાખલો આપીને સમજાવે છે.)

૯. નવાઈ એ લોકો પર લાગે છે કે જેઓ ગીબત કરે છે અથવા તેને શોખથી સાંભળે છે ! (أَيُحِبُّوا) શું તમારામાંથી કોઈ પસંદ કરશે કે પોતાના મરેલા ભાઈનું ગોશ્ત ખાય?!)

૧૦. ગીબત કરવી હરામ છે. ચાહે તે ગમે તે ઉમરનો હોય, કોઈ પણ કૌમનો કે ગમે તે હોદ્દો ધરાવતો હોય. (اَحَدُكُمْ)જેમાં નાના મોટા, મશહૂર, આલીમ, જાહીલ, મર્દ, ઔરત બધાનો સમાવેશ થઈ જાય છે.

૧૧. મોમીનો આપસમાં ભાઈ ભાઈ અને એક લોહી છે. (لَحْمَ اَخِيْهِ) પોતાના ભાઈનું ગોશ્ત.

૧૨. જેવી રીતે ગોશ્ત ઈન્સાનના શરીરને મજબૂત બનાવે છે અને ટકાવી રાખે છે એવી જ રીતે

ઈન્સાન તેની ઈઝ્ઝત અને આબરૂ થકી સમાજમાં જીવી શકે છે. (لَحْمَ اَخِيْهِ)

૧૩. જેવી રીતે એક મરેલો ઈન્સાન તેનો બચાવ નથી કરી શકતો, એવી જ રીતે એ માણસ જેની ગીબત કરવામાં આવી રહી છે તે હાજર ન હોવાથી પોતાનો બચાવ નથી કરી શકતો. (مَيْتاً)

૧૪. જો જીવતા માણસના શરીરમાંથી ગોશ્તનો એક ટુકડો જુદો થઈ જાય તો તે જગ્યાએ ફરીથી નવું ગોશ્ત બની જાય છે. પરંતુ જો મુરદાના શરીરમાંથી થોડું ગોશ્ત કાઢી લેવામાં આવે તો તે જગ્યા ખાલી રહે છે. ગીબત પણ મોમીનની ઈઝ્ઝત અને આબરૂને લઈ લે છે. એક વખત ઈઝ્ઝત ચાલી જાય પછી ફરીથી તેને પાછી મેળવી શકાતી નથી. (لَحْمَ اَخِيْهِ مَيْتاً)

૧૫. ગીબત કરવી, જંગલી જાનવરની જેમ ફાડી ખાવું છે. (يَأْكُلَ لَحْمَ اَخِيْهِ مَيْتاً)

૧૬. ગીબત અને તકવા બંને સાથે નથી હોઈ શકતા. (يَغْتَب ... وَاتَّقُوا اللّٰهَ) ગીબત ન કરો અને અલ્લાહની નાફરમાનીથી બચો.)

૧૭. ઈસ્લામમાં કોઈ પણ જાતની નાઉમીદી નથી. તૌબાની મદદથી પહેલા થઈ ગએલા ગુનાહ માફ કરી શકાય છે. (لاَ يَغْتَبْ...اِنَّ اللهَ تَوَّابٌ رَّحِيْمٌ) એકબીજાની ગીબત ન કરો...બેશક, અલ્લાહ તૌબા કબૂલ કરનાર અને મહેરબાન છે.)

૧૮. અલ્લાહ પોતાની રહેમત સાથે માફીને કબૂલ કરે છે. (تَوَّابٌ رَّحِيْمٌ)


amillibrary.com

# ખરાબ ગુમાનના પ્રકાર

• ખરાબ ગુમાન(અનુમાન)ના કેટલાક પ્રકાર છે. તેમાંથી અમુક ગુમાન કરવાની મનાઈ કરવામાં આવી છે :

૧. અલ્લાહ માટે ખરાબ ગુમાન.

હદીસમાં માસુમ(અલ.) ફરમાવે છે :

જે માણસ ફકીરીના ડરથી મેરેજ ન કરે હકીકતમાં અલ્લાહથી ખરાબ ગુમાન રાખે છે. એટલે કે તે એમ વિચાર કરે છે કે જો તે એકલો હોય તો અલ્લાહતઆલા તેને રોઝી આપવા માટે કાદીર છે. પણ જો શાદી કરે તો તેની પત્ની અને બાળકો માટે રોઝી આપવાની અલ્લાહ પાસે તાકાત નથી.અલ્લાહતઆલા વિશે આ પ્રકારનું ખરાબ ગુમાન કરવાની મનાઈ કરવામાં આવી છે.

૨. લોકો માટે ખરાબ ગુમાન જેના વિશે આ આયતમાં મનાઈ કરવામાં આવી છે.

૩. પોતાના માટે ખરાબ અનુમાન.

આ પ્રકારનું અનુમાન કરવું સારૂં છે. ઈન્સાને પોતાની જાત માટે સારૂં ગુમાન ન કરવું જોઈએ કે પોતાના બધા જ કામને ઐબ વગરના અને કોઈ પણ જાતની ભૂલ વગરના સમજે. હઝરત અલી(અલ.) ખુત્બે મુત્તકીનમાં મુત્તકી ઈન્સાનની સીફત બયાન કરતા ફરમાવે છે : તકવાવાળા ઈન્સાનોની એક સીફત એ છે કે તેઓ પોતાના વિશે ખરાબ ગુમાન રાખે છે.

એ માણસો જેઓ પોતાને કોઈ પણ જાતના ઐબ વગરના માને છે હકીકતમાં તેમની પાસે ઈલ્મનું નૂર એટલું ઓછું છે અને ઈન્સાન ઓછા નૂરમાં કોઈ પણ વસ્તુ જોઈ શકતો નથી. દાખલા તરીકે, જો

તમે એક મોટા હોલમાં ટોર્ચ સાથે દાખલ થાવ તો તમને ત્યાં પડેલી મોટો મોટી વસ્તુઓ સીવાય બીજું કાંઈ નહીં દેખાય. કારણકે લાઈટનો પ્રકાશ ઘણો જ ઓછો છે. પરંતુ જો એક મોટા પ્રોજેક્ટર, વધારે પ્રકાશ આપતું સાધન લઈને જાવ તો નાનામાં નાની વસ્તુ એટલે કે સુધી કે દીવાસળીની સળી અને સીગરેટ બીડી જે પી લીધા પછી ફેંકી દેવામાં આવે છે તેને પણ તમે જોઈ શકશો.

એ માણસો જેમના ઈમાનની રોશની ઓછી છે તેમને ફક્ત મોટા મોટા ગુનાહો સીવાય બીજું કાંઈ દેખાતું નથી. એટલા માટે તેઓ અમુક વખત કહેતા હોય છે : અમે તો કાંઈ કોઈને મારી નથી નાખ્યા ! કોઈના ઘરની દીવાર કૂદીને ચોરી નથી કરી ! તેઓ ફક્ત આવા પ્રકારના કામને જ ગુનાહ સમજે છે. પરંતુ જો તેમનું ઈમાનનું નૂર વધારે હોય તો તેઓ


amillibrary.com

તેમની તમામ નાનામાં નાની ભૂલોને પણ જુએ છે અને અલ્લાહની પાસે રોઈને માફી માંગે છે. માસુમ(અલ.)ની દુઆ અને મુનાજાતમાં પણ તેઓ અલ્લાહની પાસે રોઈને ફરીયાદ કરે છે તેનું કારણ આ જ છે કે તેમનું ઈમાન અને મઅરેફતનું નૂર ઘણું જ વધારે હતું.

જો કોઈ માણસ હંમેશા પોતાના માટે સારું ગુમાન રાખે (પોતાના વિચાર, પોતાના અમલ માટે કોઈપણ જાતનું ખરાબ ગુમાન ન રાખે) તો તે કોઈ પણ દિવસ પ્રગતિ કરી શકતો નથી.

તે માણસ એના જેવો છે જે હંમેશા પોતાની પાછળ જુએ છે અને અત્યાર સુધી કેટલો રસ્તો પસાર કર્યો છે તેને જોઈને ફખર કરે છે. પરંતુ જો તે આગળ તરફ જુએ અને જે રસ્તો પસાન નથી કર્યો તેના તરફ ધ્યાન આપે તો તેને સમજાશે કે જે રસ્તો

પસાર નથી કર્યો તે પસાર કરેલા રસ્તા કરતા અનેકગણો વધારે છે !

• જ્યારે આપણે જોઈએ છીએ કે કુરઆને કરીમ રસુલે ખુદા (સલ.)ને (قُلْ رَبِّ زِدْنِي عِلْماً) હુકમ આપીને ફરમાવે છે : તમારા ઇલ્મમાં વધારો થાય તેની દુઆ કરો અને (وَ شَاوِرْهُمْ فِي ٱلْاَمْرِ)હુકમ આપીને ફરમાવે છે : તમારા કામમાં બીજાની સલાહ લો અને (فَاِذَا فَرَغْتَ فَانْصَبْ) નો હુકમ આપીને ફરમાવે છે: જ્યારે પણ કોઈ કામ પૂરું થાય તો તરત જ બીજા કામને શરૂ કરી દો. (નવરા ન બેસો) અલ્લાહતઆલા તેની અશરફુલ મખ્લુકને, તેની બહેતરીન મખ્લુકને આ હુકમ આપે છે. તો શું આપણા માટે યોગ્ય છે કે આપણે એમ સમજીએ કે ભણતર પૂરું થઈ ગયું એટલે ઈલ્મ શીખવાની જરૂર નથી ! આપણે રીટાયર થઈ ગયા એટલે હવે કોઈ


amillibrary.com

કામ કરવાની જરૂર નથી ! આપણને કોઈની સલાહ લેવાની જરૂર નથી. આપણી જવાબદારી પૂરી થઈ ગઈ એમ સમજીને પોતાને સારા સમજવા લાગીએ!? માટે આપણે આપણી પોતાની જાત માટે સારું ગુમાન ન રાખવું જોઈએ. પરંતુ અલ્લાહના લુત્ફો કરમ અને લોકોના કામો વિશે સારું ગુમાન રાખવું જોઈએ.

• આ નુકતા પર તવજ્જોહ કરવી પણ જરૂરી છે કે સારા ગુમાનનો મતલબ ભોળપણ, સાદગી, કોઈની વાતને જલ્દી કબૂલ કરી લેવી, કોઈ વાત ફક્ત સાંભળીને તરત જ તેના આધારે નિર્ણય લઈ લેવો, દુશ્મનની ચાલાકી અને તેમની મક્કારીથી ગાફીલ રહેવું વગેરે નથી. ઈસ્લામી ઉમ્મત સારા ગુમાનના કારણે ગાફીલ બનીને શિકારીઓની જાળમાં ફસાઈ ન જાય !!

 amillibrary.com

## ગીબત શું છે ?

ગીબત એ છે કે ઈન્સાન કોઈની ગેરહાજરીમાં, તેની પીઠ પાછળ એવી વાત કહે કે લોકોને તેના વિશે ખબર ન હોય અને જ્યારે તે માણસને ખબર પડે કે તેના વિશે આ વાત કરવામાં આવી છે તો તે નારાજ થાય. (વસાએલુશ્શીયા,જીલ્દ ૮,પેજ ૬૦૦,૬૦૪)

માટે જો તેની સામે તેની ટીકા કરવામાં આવે કે તેના એ ઐબ વિશે આ વાત કરવામાં આવે જેના વિશે બધા લોકો જાણે છે અથવા જેની ગીબત કરવામાં આવી છે તે શખ્સ નારાજ ન થાય તો તે ગીબત નથી. દરેકની ગીબત કરવી હરામ છે. ચાહે તે મર્દની હોય કે ઔરતની, નાના બાળકની હોય કે મોટા માણસની, ઓળખીતાની હોય કે અજાણ્યાની, ઉસ્તાદની હોય કે શાગીર્દની, માબાપની હોય કે

ઔલાદની, મરેલા ઈન્સાનની હોય કે જીવતા ઈન્સાનની તેમાં કોઈ તફાવત નથી.

રસુલે ઇસ્લામ(સલ.) ફરમાવે છે : મુરદાને હેરાન ન કરો. એટલે જે માણસ મરી ગયો છે તેના વિશે સારું બોલો. (નહજુલ ફસાહત, વાક્ય નં.૨૬૪)

## રિવાયતમાં ગીબત

• ઈમામ સાદીક(અલ.) ફરમાવે છે : ગીબત કરનાર જો તૌબા કરે તો એ સૌથી છેલ્લો માણસ હશે જે જન્નતમાં દાખલ થશે અને જો તૌબા ન કરે તો સૌથી પહેલો માણસ હશે જે જહન્નમમાં લઈ જવામાં આવશે. (મુસ્તદરક,જીલ્દ ૯,પેજ ૧૧૭)

• ઈમામ રઝા(અલ.) ઈમામ સજ્જાદ(અલ.)થી બયાન કરે છે : જે માણસ મુસલમાન ભાઈની ઈઝ્ઝત અને આબરૂની હિફાઝત કરે,

અલ્લાહતઆલા કયામતના દિવસે તેની ભૂલોને છૂપાવશે. (બહાર,જીલ્દ ૭૨,પેજ ૨૫૬)

• રસુલે અકરમ(સલ.) ફરમાવે છે : જે માણસ કોઈ સ્ત્રી અથવા પુરૂષની ગીબત કરે તો ૪૦ દિવસ સુધી તેના નમાઝ અને રોઝા કબૂલ નથી થતા. (બહાર,જીલ્દ ૭૨,પેજ ૨૫૮)

• રસુલુલ્લાહ(સલ.) ફરમાવે છે : કયામતના દિવસે જ્યારે અમુક લોકોને નામે આમાલ આપવામાં આવશે ત્યારે તેઓ કહેશે : શા માટે અમારા નેક અમલ આમાં લખવામાં નથી આવ્યા ? તે લોકોને જવાબ આપવામાં આવશે : અલ્લાહતઆલા ન તો કોઈ વસ્તુને ઓછી કરે છે અને ન તો કોઈ વસ્તુને ભૂલી જાય છે. બલકે તમારા નેક અમલ તમે કરેલી ગીબતના કારણે નાબૂદ થઈ ગયા છે.

એ જ પ્રમાણે અમુક લોકોના નામે અમલમાં ઘણી વધારે નેકીઓ લખાયેલી હશે. તેઓ આ નામે અમલ જોઈને એવું વિચારશે કે આ તેમનું નામે અમલ નથી. ત્યારે તેમને કહેવામાં આવશે કે જે લોકોએ તમારી ગીબત કરી હતી તેમના ગીબત કરવાના કારણે તેમની નેકીઓ તમારા નામે અમલમાં લખવામાં આવી છે.

• રસુલુલ્લાહ(સલ.)એ તેમના મક્કાના છેલ્લા સફરમાં ફરમાવ્યું : તમારું લોહી, તમારો માલ અને તમારી ઈઝ્ઝત અને આબરૂ એહતરામ ધરાવે છે જેવી રીતે આ ઝીલ્હજનો મહીનો અને હજના દિવસો એહતરામ ધરાવે છે. (શરહે નહજુલ બલાગાહ,ઈબ્ને અબીલ હદીદ,જીલ્દ ૯,પેજ ૬૨)

• માસુમ(અલ.)ની રિવાયતમાં ગીબત કરનારનું નામ જે હંમેશા શરાબ પીતો હોય તેની સાથે બયાન


amillibrary.com

કરવામાં આવ્યું છે. ( تَحْرُمُ الْجَنَّةُ عَلي الْمُغْتَابِ وَ مُدْمِنِ الْخَمْرِ) જન્નત હરામ છે ગીબત કરનાર પર અને હંમેશા શરાબ પીનાર પર.) (બહાર,જીલ્દ ૭૨,પેજ ૨૬૦)

• માસુમ(અલ.)તેમની મુબારક હદીસમાં ફરમાવે છે: જે માણસ પોતાના મોમીન ભાઈના ઐબને શોધીને લોકોની સામે બયાન કરશે તો અલ્લાહતઆલા તેની ખરાબીઓને પણ લોકોની સામે જાહેર કરશે. (મહજતુલ બયઝાઅ,જીલ્દ ૫,પેજ ૨૫૨; સુનને અબી દાઉદ,જીલ્દ ૨,પેજ ૫૬૮)

• રસુલુલ્લાહ(સલ.)એ મદીનામાં તેમના છેલ્લા ખુત્બામાં ફરમાવ્યું : જો કોઈ ગીબત કરે તો તેનો રોઝો બાતિલ છે. એટલે રોઝાની બરકતો અને તેની રૂહાની અસરોથી તે મહેરૂમ થઈ જાય છે.

• રસુલે અકરમ(સલ.)એ ફરમાવ્યું : એક દીરહમ વ્યાજ લેવું ૩૬ ઝીનાથી વધારે ખરાબ છે અને સૌથી મોટું વ્યાજ મુસલમાનની ઈઝ્ઝત સાથે સોદો કરવો છે.(બહાર,જીલ્દ ૭૨,પેજ ૨૨૨)

• હદીસમાં માસુમ(અલ.) ફરમાવે છે : નમાઝે જમાઅતની રાહ જોવા માટે મસ્જિદમાં બેસવું ઈબાદત છે સીવાય કે ગીબત ન કરવામાં આવે. (ઉસુલે કાફી,જીલ્દ ૨,પેજ ૩૫૭)

## ગીબતનો કફ્ફારો

એ ગીબતો જે પહેલા આપણાથી થઈ ગઈ છે તેની ભરપાઈ કરવા માટે જેની ગીબત કરી હતી તે માણસ જો મરી ગયો હોય તો તૌબા કરીએ અને અલ્લાહની બારગાહમાં માફી માંગીએ.બેશક, અલ્લાહ તૌબાને કબૂલ કરનાર છે.


amillibrary.com

પરંતુ જે શખ્સ જીવતો હોય અને જો આપણે તેને કહીએ કે મેં તારી ગીબત કરી છે તો તે નારાજ થશે. (અમુક મરાજેઅ તકલીદના કહેવા પ્રમાણે, જેમકે મેં (ઉસ્તાદ મોહસીન કરાઅતીએ) આયતુલ્લાહીલ ઉઝમા ગુલપાયગાની (રહ.)ને સવાલ કર્યો હતો કે શું જરૂરી છે કે આપણે જેમની ગીબત કરી છે તેમને કહીએ કે મેં તમારી ગીબત કરી હતી. મને માફ કરી દો. આગાએ જવાબમાં ફરમાવ્યું : ના, જરૂરી નથી. એટલા માટે કે જો તમે તેને કહેશો કે મેં તારી ગીબત કરી હતી તો શક્ય છે કે માણસ નારાજ થાય અને એક મુસલમાનને નારાજ કરવું એ પણ એક બીજો ગુનાહ છે. એટલા માટે ગીબતનો કફ્ફારો એ છે કે આપણે તૌબા કરીએ. પરંતુ જેની ગીબત કરી છે તેની પાસે માફી માંગવી દરેક જગ્યાએ જરૂરી નથી.)


amillibrary.com

બીજું એ કે, જે લોકોની સામે તે માણસની ગીબત કરી હતી જો તે ગીબત સાંભળનારા માણસોને જાણતો હોય તો તેમની સામે તે માણસ વિશે સારું બોલીને, તેનો એહતરામ કરીને તેના થયેલા અપમાનનો બદલો વાળીએ અને જેની ગીબત કરવામાં આવી છે જો તે નારાજ ન થાય તો તેની પાસે જઈને તેની માફી માંગીએ.

શેખ તુસી(રહ.) તેમની કિતાબમાં રસુલે ખુદા (સલ.)ની હદીસના આધારે ફરમાવે છે : જેની આપણે ગીબત કરી છે તે માણસે જો ગીબત સાંભળી હોય તો બહેતર છે કે તેની પાસે જઈને આપણે માફી માંગીએ અને તેને આપણાથી રાજી કરીએ. પરંતુ જો આપણે કરેલી ગીબતને તેણે નથી સાંભળી તો જ્યારે પણ તેની યાદ આવે તેના માટે અલ્લાહની પાસે ઈસ્તગફાર કરીએ. اِنَّ كَفَّارَةَ الْغِيْبَةِ اَنْ

 amillibrary.com

تَسْتَغْفِرَ لِمَنْ اغْتَبْتَهُ كُلَّمَا ذَكَرْتَهُ બેશક, ગીબતનો કફ્ફારો એ છે કે તમે જેની ગીબત કરી હતી જ્યારે પણ તેને યાદ કરો તો તેના માટે અલ્લાહની પાસે ઈસ્તગ્ફાર કરો.) (વસાએલુશ્શીયા,જીલ્દ ૮,પેજ ૬૦૫)

## અમુક સંજોગો જ્યાં ગીબત કરવી જાએઝ છે

• અમુક સંજોગોમાં ગીબત કરવી જાએઝ છે. જેમાંથી કેટલાક બયાન કરીએ છીએ :

૧. સલાહ આપવા માટે. જો કોઈ બીજા માણસ વિશે અગત્યના કામ માટે આપણી પાસે સલાહ માંગે તો તે માણસના ઐબોને સલાહ માંગનારની સામે બયાન કરી શકીએ છીએ.

૨. એ માણસ જેનો અકીદો બાતિલ છે તેની વાતને,તેના અકીદાને લોકોની સામે બયાન

કરવો.જેથી લોકો અજાણતા તે માણસની વાતોને, તેના ખોટા અકીદાને કબૂલ ન કરી લે.

૩. ખોટું કામ કરનારની વિરૂદ્ધ જજની સામે ગવાહી આપવી.(ખોટા કામ કરનારના ઐબોને કાઝી સામે બયાન કરવા.) દાખલા તરીકે, જ્યારે કોઈ ખોટો દાવો કરતું હોય ત્યારે સાચી વાતને કહેવી જોઈએ.

૪. કોઈની ગવાહીને રદ કરવા માટે.(જ્યારે આપણને ખબર હોય કે આ શહીદ જે ગવાહી આપી રહ્યો છે તે ભરોસાપાત્ર નથી ત્યારે તેના ઐબને બયાન કરી શકાય છે.)

૫. પોતાની મઝલુમીયતને બયાન કરવા માટે. ઝાલીમના ઝુલ્મને બયાન કરવામાં કોઈ જ વાંધો નથી.

૬. જે માણસ કોઈ પણ જાતની શર્મ અને હયા વગર જાહેરમાં ગુનાહ કરે છે તેના વિશે વાત કરવી

ગીબત નહીં ગણાય.(એટલે કે જો તેના કામ વિશે લોકો વાતો કરે તો તે ગીબત નથી. કારણકે તે જાહેરમાં ગુનાહ કરે છે અને બધાને ખબર છે.)

૭. તકય્યા કરવા માટે અથવા ખોટા દાવાને બાતિલ કરવા માટે તેની ગીબત કરવામાં કાંઈ વાંધો નથી.દાખલા તરીકે, કોઈ કહે કે હું મુજતહીદ છું, ડોક્ટર છું, સૈયદ છું અને આપણને ખબર હોય કે તેની પાસે આ સીફતો નથી. તે સાચે જ સૈયદ, ડોક્ટર કે મુજતહીદ નથી. તો જાએઝ છે કે લોકોને સાચી વાત વિશે ખબર આપવામાં આવે.

## ગીબતના નુકસાન

• ગીબત કરવામાં બીજા ગુનાહ પણ છૂપાએલા છે. જેમકે,

૧. ફહશા અને ખરાબ કામોને લોકોમાં ફેલાવવા.

લોકોની ખરાબ વાતોને ફેલાવવી એટલી ખતરનાક છે કે ફક્ત તેને ફેલાવવું જ નહીં, પરંતુ આવા કામ માટે દીલમાં મોહબ્બત હોય તો તેના માટે પણ દર્દનાક અઝાબ છે. (اِنَّ الَّذِيْنَ يُحِبُّوْنَ اَنْ تَشِيْعَ الْفَاحِشَةَ...لَهُمْ عَذَابٌ اَلِيْمٌ) બેશક, એ લોકો જેઓ ચાહે છે કે લોકોમાં ખરાબ કામો ફેલાય તેમના માટે દર્દનાક અઝાબ છે.(સુરએ નુર,૧૯)

૨. મોમીનને ઝલીલ કરવો, તેનું અપમાન કરવું.

3. ચાડી ખાવી.(અહીંની વાત ત્યાં અને ત્યાંની વાત અહીંયા કરવી)

૪. લોકોમાં ઝઘડા અને ફસાદ ફેલાવવા

૫. ઝુલ્મ અને બીજા અમુક ગુનાહો

## ગીબતના પ્રકાર

ગીબત અમુક વખત ઝબાનથી, ક્યારેક ઈશારાથી, ક્યારેક લખીને, ક્યારેક ફોટાથી, ક્યારે તેના

ચહેરાનો હાવભાવ કે કાર્ટુન બનાવીને, તેના ચાળા પાડીને કે ક્યારેક ચૂપ રહીને કરવામાં આવે છે. દાખલા તરીકે, આ પ્રમાણે કહે : જવા દે ને યાર! મારાથી કાંઈ બોલાઈ જશે તો ખોટી ગીબત થઈ જશે! હા,..પેલો માણસ ! એની તો વાત જ ના કર.અફસોસ કે દીન મને બોલવાથી રોકે છે ! તે આવા શબ્દો કહીને લોકોને સમજાવે છે કે ફલા માણસમાં ઘણા ઐબ છે અથવા આમ કહીને કે અલ્હમ્દુલીલ્લાહ આપણે કોઈ મુસીબતમાં ફસાએલા નથી. આ રીતે બીજાને જણાવે છે કે ફલાણો માણસ મુશ્કેલીઓમાં ગીરફતાર છે. એટલે કે પરોક્ષ રીતે તેની મુશ્કેલીઓ વિશે બીજાને ખબર આપે છે.

અમુક વખત કોઈ ઐબને પોતાની તરફ નીસ્બત આપીને કહે છે કે ફલા માણસમાં આ ઐબ છે. દાખલા તરીકે, કોઈ માણસ ખરાબ ગુનાહ કરે છે.

તો બીજાની સામે એમ કહે કે ઈન્સાન ઘણો જ કમજોર છે ! આપણા બધાની પાસે સબર ઓછું છે ! આપણા નફસની ઈચ્છાઓ પર આપણે કંટ્રોલ નથી કરી શકતા ! આમ કહીને પેલા ગુનાહ કરનાર માણસ તરફ ઈશારો કરે છે તેના નફસની ઈચ્છાઓ પર કંટ્રોલ નથી કરતો અને ગુનાહ કરે છે.

અમુક વખત ગીબત સાંભળ્યા પછી કહે છે : સુબ્હાનલ્લાહ, અલ્લાહુ અકબર આ તો નવી વાત જાણવા મળી! અને આ રીતે કહીને બોલનારને ગીબત ચાલુ રાખવા માટે,હજી વધારે બીજાના ઐબ બયાન કરવા માટે પ્રોત્સાહન આપે છે. અમુક વખત ઝબાનથી કહે છે: ગીબત ન કરો. પરંતુ દીલથી ગીબત સાંભળવાનું પસંદ કરે છે. તો આ નિફાક અને મુનાફેકત છે.


amillibrary.com

# ગીબતની અસરો

## A. અખ્લાકી અને સામાજિક અસરો

૧. લોકોના દીલમાં કીનો અને નફરત પેદા થાય છે. એકબીજા પરથી ભરોસો ઉઠી જાય છે.ઝઘડા અને ફસાદ ફેલાય છે અને સમાજને મદદરૂપ બનતા નેક અને સારા માણસોને લોકો તરછોડી દે છે.

૨. ગુનાહ કરવાની હિંમતમાં વધારો થાય છે. કારણ કે જ્યારે ઈન્સાનને ખબર પડે છે કે લોકોને તેના ઐબોની ખબર પડી ગઈ છે, લોકો તેના ખરાબ કામો વિશે જાણે છે અને સમાજમાં તેની ઈઝ્ઝત અને આબરૂ ચાલી ગઈ છે તો તે વધારે ગુનાહ કરવાનું શરૂ કરી દે છે અને તૌબા કરવાનો કે ગુનાહોને છોડી દેવાનો ઈરાદો ખતમ થઈ જાય છે.


amillibrary.com

૩. લોકોના એૈબોને જાહેર કરવાથી સમાજનો માહોલ દિવસે ને દિવસે વધારે ખરાબ થતો જાય છે અને બીજા લોકોને પણ ગુનાહ કરવાની હિંમત વધે છે.

૪. બદલો લેવાની ભાવના જાગે છે. કારણકે જેની ગીબત કરવામાં આવી છે તેને જ્યારે ખબર પડે કે ફલા માણસે તેની ગીબત કરીને તેની ઈઝ્ઝતે ખરાબ કરી નાખી છે તો તે પણ તેની ગીબત કરનારની સાથે બદલો લેવાનું વિચારે છે.

બીજા શબ્દોમાં કહીએ તો, જો આજે આપણે બીજા લોકોની ગીબત કરશું તો કાલે લોકો પણ આપણી ગીબત કરવાની હિંમત કરશે.માસુમ(અલ.) ફરમાવે છે : لاَ يَغْتَبْ فَتُغْتَبْ) ગીબત ન કર. નહીંતર તારી પણ ગીબત કરવામાં આવશે.) (બહાર,જીલ્દ ૭૨,પેજ ૨૪૯)

જે માણસ પોતાના ભાઈ માટે ખાડો ખોદે, તે પોતે જ તે ખાડામાં પડે છે. ગુજરાતીમાં પણ કહેવત છે, ભાઈ ખાડો ખોદે અને બહેન ડૂબી મરે.

## B. આખેરતની અસરો

૧. ગીબત કરવાથી નેકીઓ અને સારા અમલ નાબૂદ થઈ જાય છે. (બહાર,જીલ્દ ૭૫,પેજ ૨૫૭)

૨. ગીબત આપણી ઈબાદતને કબૂલ થવાથી રોકે છે.

૩. ગીબત ઈન્સાનને અલ્લાહની દોસ્તીમાંથી બહાર કાઢીને બીજાઓના હવાલે કરી છે. (ઉસુલે કાફી,જીલ્દ ૨,પેજ ૩૫૮)

## ગીબત કરવાના કારણો

૧. અમુક વખત ગીબત કરવાનું કારણ ગુસ્સો છે. અમુક આસમાની કિતાબોમાં બયાન કરવામાં આવ્યું છે કે અલ્લાહતઆલા ફરમાવે છે : જો ગુસ્સાના


amillibrary.com

ટાઈમે મને યાદ કરશો અને ગુસ્સાને પી જશો તો હું પણ મારા ગુસ્સાના ટાઈમે તમને યાદ કરીશ અને તારા પર ગુસ્સો નહીં કરું.(મહજતુલ બયઝાઅ,જીલ્દ ૫,પેજ ૨૬૫)

૨. અમુક વખત દોસ્તોની વાતમાં સાથ આપવા માટે પણ ગીબત કરવામાં આવે છે. જ્યારે તે જુએ છે કે તેના બીજા દોસ્તો કોઈની બૂરાઈ કરી રહ્યા છે તો તે પણ તેમની વાતોમાં સાથ આપવા માટે તેની ગીબત કરે છે. પરંતુ એ વાતથી ગાફીલ છે કે તે દોસ્તોની મોહબ્બત હાસીલ કરવાની લાલચમાં, આશામાં ગીબત કરીને અલ્લાહનો ચોખ્ખો અને યકીનવાળો ગુસ્સો ખરીદી રહ્યો છે. અલ્લાહની ખુશીના બદલે લોકોની ખુશીને મહત્ત્વ આપવું સૌથી મોટું નુકસાન છે.


amillibrary.com

૩. અમુક વખત ગીબત કરવાનો મકસદ પોતાની જાતને મહાન બતાવવાનો હોય છે. એટલે કે બીજાને ખરાબ જાહેર કરે જેથી પોતે સારો દેખાય.બેશક, આવો માણસ પણ લોકોના દીલોમાં મોહબ્બત હાસીલ કરવાની આશામાં અલ્લાહનો ગુસ્સો ખરીદી રહ્યો છે. આ પણ ઘણા જ નુકસાનવાળો સોદો છે.

૪. અમુક વખત ગીબત કરવાનું કારણ કોઈની મજાક ઉડાવવાનું હોય છે. પરંતુ તે આ વાતથી ગાફીલ છે કે જેની તે ગીબત કરી રહ્યો છે તેને અમુક માણસોની સામે ઝલીલ કરે છે, તેનું અપમાન કરે છે. પરંતુ કયામતના દિવસે અલ્લાહતઆલા તમામ ઉમ્મતની સામે તેને ઝલીલ અને રૂસ્વા કરશે.


amillibrary.com

૫. અમુક વખત નવાઈનો ઈઝહાર કરવા માટે ગીબત કરવામાં આવે છે. જેમકે, તે આ રીતે કહે છે કે મને નવાઈ લાગે છે કે તેની પાસે આટલું ઈલ્મ હોવા છતાં શા માટે તેણે આવું કામ કર્યું ? જ્યારે કે તેને પોતાને એ વાતની નવાઈ લાગવી જોઈએ કે આ રીતે કહીને તેણે પોતાની તમામ ઈબાદતોને થોડીક જ વારમાં નાબૂદ અને બરબાદ કરી નાખી!

૬. કોઈ વખત ગીબત કરવાનું કારણ હસદ હોય છે.

૭. અમુક વખત ટાઈમ પાસ કરવા માટે, મજા માણવા માટે ગીબત કરવામાં આવે છે.

૮. ક્યારેક પોતાની જાતને તે ઐબથી પાક બતાવવા માટે બીજાની ગરદન પર તે ઐબ નાખી દે છે અને ગીબત કરે છે.

૯. અમુક વખત બીજાની સાથે લાગણી અને મોહબ્બત બતાવવા માટે ગીબત કરે છે અને કહે છે

: મને ફલાણાની હાલત જોઈને ઘણો જ અફસોસ થાય છે.બીચારો કેવો મુસીબતમાં ફસાયો છે ! (અથવા આ પ્રમાણે કહે ફલાણી છોકરીનો પતિ ડ્રગ્સ પીએ છે, મોડી રાતે ઘરે આવે છે, તેને મારે છે. આ રીતે છોકરી સાથે લાગણી બતાવીને તે છોકરીના ફેમેલીની ઈઝ્ઝતને બરબાદ કરે છે.)

જો કે આના સીવાય પણ બીજા ઘણા બધા કારણો ગીબત કરવાનું સબબ બને છે.

## ગીબતને સાંભળવી

• ગીબત સાંભળનારની જવાબદારી એ છે કે જે ગીબત કરે છે તેની વાતોને ન સાંભળે અને પોતાના મોમીનભાઈનો બચાવ કરે. હદીસમાં માસુમ(અલ.) ફરમાવે છે : (اَلسَّاكِتُ شَرِيْكُ الْقَائِلِ) જે માણસ ગીબત કરનારની વાતને સાંભળે અને ચૂપ

રહે તે પણ ગીબત કરનારના ગુનાહમાં શરીક છે.) (ગોરરૂલ હીકમ)

• રસુલે અકરમ(સલ.)એ ફરમાવ્યું : જે પણ ગીબત સાંભળે અને તેનો વિરોધ કરે અલ્લાહતઆલા દુનિયા અને આખેરતની ખરાબીઓના ૧૦૦૦ દરવાજા તેના માટે બંધ કરી દે છે અને જો ચૂપ રહે અને ગીબત સાંભળે તો બોલનારના ગુનાહ પણ તેના નામે આમાલમાં લખવામાં આવે છે. (વસાએલુશ્શીયા,જીલ્દ ૮,પેજ ૬૦૭) અને જેની ગીબત થઈ રહી છે તેને મદદ કરી શકતો હોય તેમ છતાં જો મદદ ન કરે તો અલ્લાહતઆલા દુનિયા અને આખેરતમાં તેને ઝલીલ કરે છે. (વસાએલુશ્શીયા,જીલ્દ ૮,પેજ ૬૦૬) કારણકે ચૂપ રહેવાથી સમાજના સારા માણસો કમજોર થઈ જાય છે અને કોઈ પણ તેમનો બચાવ નથી કરતું.

 amillibrary.com

• રસુલુલ્લાહ(સલ.)એ ફરમાવ્યું : જો કોઈ જગ્યાએ કોઈ માણસ વિશે ખરાબ બોલવામાં આવતું હોય તો જરૂરી છે કે તેમને આ કામથી રોકવામાં આવે અને ત્યાંથી બહાર ચાલ્યા જાય.(કન્ઝુલ ઉમ્માલ,જીલ્દ ૨,પેજ ૮૦)

• સુરએ ઈસ્રા આયત નં.૩૬માં અલ્લાહતઆલા ફરમાવે છે : કયામતના દિવસે આંખ, કાન અને દીલને સવાલ કરવામાં આવશે.એટલા માટે આપણને દરેક વાત સાંભળવાનો હક નથી.

• માસુમ(અલ.)ની રિવાયતમાં ગીબત કરવાને કુફ્ર અને સાંભળીને ખુશ થવાને શીર્ક કહેવામાં આવ્યું છે. (બહાર,જીલ્દ ૭૨,પેજ ૨૨૬)

# ગીબતથી બચવાના જુદા જુદા રસ્તા

૧. ગીબતના નુકસાન અને તેની ખરાબ અસરોથી બચવા માટે પહેલા બયાન કરવામાં આવેલા ગીબતના નુકસાન પર ધ્યાન આપવું.

૨. પોતાન ઐબને યાદ કરવા.

હઝરત અલી(અલ.) ફરમાવે છે : તું કેવી રીતે લોકોના ઐબને બયાન કરે છે જ્યારે કે તારા પોતાનામાં પણ તેના જેવા જ અથવા તેનાથી પણ ખરાબ ઐબ છે અને જો કદાચ તે ઐબ તારી અંદર ન હોય તો પણ બીજાના ઐબ લોકોની પાસે બયાન કરવા, બીજાની સામે જાહેર કરવા તે તેના ઐબ કરતા પણ વધારે ખરાબ છે. (નહજુલ બલાગાહ,ખુત્બા ૧૪૦)

રિવાયતમાં માસુમ(અલ.) ફરમાવે છે : ખુશનસીબ છે એ ઈન્સાન જેને પોતાના જ ઐબો તેને મશગૂલ

કરી દે (અને તેને સુધારવા માટે કોશીષ કરતો હોય) અને લોકોના ઐબની તેને કોઈ જાતની પરવા ન હોય. (બહાર,જીલ્દ ૧,પેજ ૧૯૧)

## અમુક જરૂરી વાતો

• ગીબતની ચર્ચાના અંતમાં અમુક વાતો બયાન કરવી જરૂરી છે :

૧. ગીબત હરામ હોવા વિશે ફક્ત આ જ સુરામાં અને આ જ આયતમાં કહેવામાં નથી આવ્યું. બલકે બીજી આયતો જેમકે (وَيْلٌ لِكُلِّ هُمَزَةٍ لُّمَزَةٍ) બીજાના ઐબો બયાન કરનાર અને બેહુદા વાતો કરનાર માટે તબાહી છે.(સુરએ હોમઝહ,૧) અને ( لاَ يُحِبُّ اللهُ الْجَهْرَ بِالسُّوْءِ) અલ્લાહતઆલા પસંદ નથી કરતો કે લોકોની બૂરાઈઓ જાહેર થાય. (સુરએ નીસા,૧૪૮) આ બંને આયતો પરથી પણ ગીબત હરામ હોવાનું જાણવા મળે છે.

૨. ગીબત કરવામાં બીજાના ઐબ શોધવાનો મકસદ હોય છે. પરંતુ જો લોકોના ઐબને તેમના સુધારા માટે કહેવામાં આવે તો વાંધો નથી. પછી ભલે તે માણસ રાજી ન હોય. દાખલા તરીકે, એક બીમારની બીમારી વિશે ડોક્ટરને કહીએ ભલે તે બીમાર પસંદ ન કરતો હોય તો પણ તેની બીમારી વિશે કહેવામાં વાંધો નથી. કારણકે અહીં આપણો મકસદ તે બીમારનો ઈલાજ કરવાનો છે.

૩. જેની ગીબત કરવામાં આવે છે તે ચોક્કસ માણસ હોવો જોઈએ. પરંતુ જો આપણે કહીએ : અમુક લોકો આવા છે અને લોકોને ખબર ન પડે કે આ કોણ લોકો છે તો વાંધો નથી અને ગીબત નહીં કહેવાય.

૪. અમુક વખત ગીબતના નામે બોલવામાં આવતું નથી પરંતુ જે કાંઈ બોલવામાં આવે છે તે બીજાનું


amillibrary.com

અપમાન, કોઈને ઝલીલ કરવું, ખરાબ વાતો ફેલાવવી વગેરે હોય છે જે હરામ છે.

## આયત નં. ૧૩

يَا أَيُّهَا النَّاسُ إِنَّا خَلَقْنَاكُمْ مِنْ ذَكَرٍ وَأُنْثَى وَجَعَلْنَاكُمْ شُعُوبًا وَقَبَائِلَ لِتَعَارَفُوا إِنَّ أَكْرَمَكُمْ عِنْدَ اللَّهِ أَتْقَاكُمْ إِنَّ اللَّهَ عَلِيمٌ خَبِيرٌ

અય લોકો ! અમે તમને એક પુરૂષ અને એક સ્ત્રીમાંથી પેદા કર્યા છે અને તમને અલગ અલગ કબીલાઓમાં રાખ્યા છે એટલા માટે કે તમે એકબીજાને ઓળખી શકો. બેશક, અલ્લાહની નજરમાં સૌથી વધારે ઈઝ્ઝતવાળો એ છે કે જેની પાસે સૌથી વધારે તકવા છે. બેશક, અલ્લાહ દરેક વસ્તુને જાણે છે અને દરેક વસ્તુની ખબર રાખે છે.

## આયતના જરૂરી પોઈન્ટસ :

• અમુક લોકો એમ માને છે કે આ આયત પહેલાની આયતથી સંબંધ ધરાવે છે. તેમનું કહેવું છે કે

કોઈની મજાક અને ગીબત કરવી પોતાની જાતને બીજા કરતા વધારે સારી સમજવાના કારણે અને બીજાનું અપમાન કરવાના ઈરાદાથી હોય છે. આ આયત ફરમાવે છે કે બધાથી સારા અને ઈઝ્ઝતવાળા હોવાનું સબબ 'તકવા' છે.

## • આ આયતમાં ત્રણ મહત્વના કાનૂન તરફ ઈશારો કરવામાં આવ્યો છે :

૧. દુનિયાના બધા જ ઈન્સાનો કોઈ પણ જાતના ઊંચનીંચના ભેદભાવ વગર સરખા છે.

૨. ઈસ્લામી સમાજમાં એકબીજાને આપસમાં ઓળખવું.

૩. બીજાથી શ્રેષ્ઠ હોવાનું માપદંડ તકવા અને પરહેઝગારી છે. જો કે બીજી આયતોમાં, બીજાથી અફઝલ હોવા માટે બીજી વસ્તુઓ જેમકે ઈલ્મ,


amillibrary.com

પહેલાની રહેણી કરણી, અમાનતદારી, તાકાત અને હીજરત વગેરે બયાન કરવામાં આવ્યા છે.

## આયતમાંથી મળતા જરૂરી દર્સ :

૧. પુરૂષ કે સ્ત્રી હોવું અથવા તો કોઈ કબીલા અને કૌમના હોવું ફખરનું સબબ નથી. એટલા માટે કે આ બધું અલ્લાહના હાથમાં છે. (جَعَلْنَا,خَلَقْنَا)

૨. ઈન્સાનની ખિલકતમાં જે તફાવત જોવા મળે છે તે અલ્લાહની હીકમતના આધારે અને એકબીજાને ઓળખવા માટે છે, ન કે એકબીજા પર ફખર કરવા માટે. (لِتَعارَفُوا) એટલા માટે કે તમે એકબીજાને ઓળખો.

3. લોકોની પાસેથી મળતી ઈઝઝત થોડા ટાઈમની અને જલ્દી નાબૂદ થઈ જનાર છે. જ્યારે કે અલ્લાહ પાસેથી મળતી ઈઝઝત હંમેશા બાકી રહેનાર છે. (اَكْرَمَكُمْ عِنْدَ اللّٰه)

 amillibrary.com

૪. તકવાવાળા ઈન્સાનોએ લોકો પાસે કોઈ જાતની આશા રાખવી જોઈએ નહી. કારણ કે તેમની ઈઝઝત અલ્લાહની પાસે એક રૂહાની મર્તબો ધરાવે છે.

(عِنْدَ اللّٰه)

૫. કુરઆને કરીમ બધી જ જાતના ભેદભાવ જેમકે કૌમ, કબીલો, પૈસો, વિચારો, કલ્ચર, લશ્કરી તાકાત, સામાજીક દરજ્જો વગેરેને કબૂલ કરતું નથી અને ફક્ત તકવાને અફઝલ હોવાનું કારણ માને છે. اِنَّ اَكْرَمَكُمْ عِنْدَ اللهِ اَتْقَاكُمْ બેશક, તમારામાંથી અલ્લાહની નજીક એ ઈઝઝતવાળો છે જે વધારે તકવાળો છે.

૬. વધારે સુખ સગવડવાળું જીવન અને ઈઝઝત તથા વખાણ દરેક ઈન્સાનની ફીતરી ઈચ્છા છે અને ઈસ્લામે ઈન્સાનની આ ફીતરી જરૂરતને પૂરી કરવા માટે ‘તકવા’નો રસ્તો બતાવ્યો છે. જે માણસ જેટલો

વધારે પરહેઝગાર, મુત્તકી, ગુનાહોથી બચનાર અને અલ્લાહની ઈતાઅત કરનાર હશે ફક્ત તે જ ઈઝઝતવાળો છે.

(اِنَّ اَكْرَمَكُمْ عِنْدَ اللهِ اَتْقَاكُمْ)

૭. જેણે આપણને પેદા કર્યા વે તે વધારે સારી રીતે જાણે છે કે કોઈ પણ કૌમ કે કબીલાના હોવું શ્રેષ્ઠ હોવાની દલીલ નથી. લોકો જે વસ્તુને ફઝીલત અને શ્રેષ્ઠતાનું કારણ સમજે છે એ બધી જ વસ્તુઓ બેહુદા અને ફાયદા વગરની છે.(દાખલા તરીકે, ઈન્સાન એમ સમજે કે હું ખૂબસુરત છું. મારી પાસે પૈસો છે. હું ફલાણા ખાનદાનનો છું એટલે મારી ઈઝઝત બીજા કરતા વધારે છે...આ બધું જ ખોટું છે.)

(اِنَّ اَكْرَمَكُمْ...اَتْقَاكُمْ....عَلِيْمٌ خَبِيْرٌ)

૮. પોતાને મુત્તકી અને પરહેઝગાર ન બતાવીએ. કારણકે અલ્લાહતઆલા દરેક વાતને સારી રીતે જાણે છે.

(عَلِيْمٌ خَبِيْرٌ)

# આયત નં. ૧૪

قَالَتِ الْاَعْرَابُ اٰمَنَّا قُلْ لَّمْ تُؤْمِنُوْا وَلٰكِنْ قُوْلُوْا اَسْلَمْنَا وَلَمَّا يَدْخُلِ

الْاِيْمَانُ فِيْ قُلُوْبِكُمْ وَاِنْ تُطِيْعُوا اللّٰهَ وَرَسُوْلَهٗ لَا يَلِتْكُمْ مِّنْ

اَعْمَالِكُمْ شَيْـًٔا اِنَّ اللّٰهَ غَفُوْرٌ رَّحِيْمٌ

અરબના ગામડાના રહેવાસીઓએ કહ્યું : અમે ઈમાન લાવ્યા છીએ. (અય પૈગમ્બર !) તમે તેમને કહી દો : તમે ઈમાન નથી લાવ્યા પરંતુ કહો અમે ઈસ્લામ લાવ્યા છીએ. હજી સુધી ઈમાન તમારા દીલોમાં દાખલ નથી થયું. જો તમે અલ્લાહ અને રસુલ(સલ.)ની ઈતાઅત કરશો તો અલ્લાહતઆલા તમારા અમલમાંથી જરાય ઓછું નહીં કરે. બેશક,અલ્લાહ માફ કરનાર અને ઘણો જ દયાળુ છે.

## આયતના જરૂરી પોઈન્ટસ :

• આ આયતમાં અઅરાબનો અર્થ ગામડાના એ રહેવાસીઓ હતા કે જેમાંથી અમુક ઈમાન લાવ્યા હતા. જેમકે સુરએ તૌબામાં તેમના વખાણ કરવામાં આવ્યા છે. (وَ مِنَ الْاَعْرَابِ مَنْ يُؤْمِنُ بِاللهِ وَ الْيَوْمِ الْاَخِرَ) (સુરએ તૌબા,૯૯) પરંતુ તેમાંથી અમુક લોકો એવા પણ હતા કે જે પોતાને બીજાથી વધારે શ્રેષ્ઠ સમજતા હતા જ્યારે કે તેઓ એક સામાન્ય મુસલમાન હતા.

## આયતમાંથી મળતા જરૂરી દર્સ :

૧. દરેક પ્રકારના દાવાને કબૂલ ન કરવા જોઈએ. (وَ قَالَتِ الْاَعْرَابُ آمَنَّا)

૨. ખોટા દાવાનો વિરોધ કરવો જોઈએ. (قُلْ لَمْ تُؤْمِنُوْا)

૩. દરેક માણસ પોતાની મર્યાદાને ઓળખે અને પોતે જે કાંઈ છે તેનાથી વધારે પોતાની જાતને જાહેર ન કરે. (قُوْلُوْ أَسْلَمْنَا)

૪. ઈસ્લામ એક જાહેરી રૂપ છે.પરંતુ ઈમાનનો સંબંધ ઈન્સાનના દીલની સાથે છે. (فِي قُلُوْبِكُمْ)

૫. જે લોકો પોતાના ઈમાનનો કે નેક હોવાનો દાવો કરતા હોય તેમની સાથે એવી રીતે વાત કરવી જોઈએ કે તેઓ વધારે સારા મોમીન બનવા માટે નાઉમીદ ન થઈ જાય. ( وَ لَماَّ يَدْخُلِ الْاِيْمَانُ فِي قُلُوْبِكُمْ)

૬. કમાલ સુધી પહોંચવાનો રસ્તો ખુલ્લો છે.
(وَ اِنْ تُطِيْعُوْا الله وَ رَسُوْلَهُ)

૭. રસુલે અકરમ(સલ.)ની ઈતાઅત અલ્લાહની ઈતાઅત સાથે બયાન કરવામાં આવી છે અને આ તેમના માસુમ હોવાની દલીલ છે. માટે કોઈ પણ

જાતના શક કે સવાલો કર્યા વગર તેમની ઈતાઅત કરવી જોઈએ.

(وَ اِنْ تُطِيْعُوْا اللہ وَ رَسُوْلَهُ)

૮. અલ્લાહતઆલા આદીલ છે અને ઈન્સાનના અમલનો ઝર્રા બરાબર સવાબ પણ ઓછો નથી કરતો.(સારું સંચાલન અને સારું મેનેજમેન્ટ એને કહેવાય કે જેમાં તેના કારીગરોની મજૂરી અને પગારમાં ઝર્રા બરાબર પણ અન્યાય ન થાય.) ( لَا يَلِتْكُمْ مِنْ اَعْمَالِكُمْ شَيْئاً)

## ઈસ્લામ અને ઈમાન વચ્ચેનો તફાવત

### ૧. ઊંડાઈમાં તફાવત

ઈસ્લામ જાહેરી રૂપ છે.(ઝબાનથી કલમો પઢીને મુસલમાન બની શકાય છે.) પરંતુ ઈમાન દીલથી કબૂલ કરવું છે.ઈમામ સાદીક (અલ.) આ આયત વિશે (وَ مَنْ اَحْسَنُ مِنَ اللّٰهِ صِبْغَةً) કોણ છે જેની પાસે

ઈલાહી રંગ હોય ?) ફરમાવે છે : ઈલાહી રંગ ઈસ્લામ છે અને આ આયત ( فَقَدِ اسْتَمْسَكَ بِالْعُرْوَةِ الْوُثْقَي) જેણે અલ્લાહની રસ્સીને મજબૂતીથી પકડી છે.) ની તફસીરમાં ફરમાવે છે : અલ્લાહની મોહકમ રસ્સીને પકડવી એ જ ઈમાન છે.(ઉસુલે કાફી,જીલ્દ ૨,પેજ ૧૪)

## ૨. મકસદમાં તફાવત

અમુક વખત ઈસ્લામ લાવવાનો મકસદ દુનિયાની કોઈ માદ્દી નેઅમતને હાસીલ કરવા માટે અથવા તેની હિફાઝત માટે હોય છે. પરંતુ ઈમાન લાવવાનો મકસદ માત્ર રૂહાની હોય છે. ઈમામ સાદીક(અલ.) ફરમાવે છે : ઈસ્લામ લાવવાથી ઈન્સાનના ખૂનની હિફાઝત થાય છે અને નિકાહ હલાલ થઈ જાય છે. પરંતુ આખેરતનો સવાબ


amillibrary.com

દીલમાં રહેલા ઈમાનના આધારે આપવામાં આવશે. (ઉસુલે કાફી,જીલ્દ ૨,પેજ ૨૪)

## 3. અમલમાં તફાવત

ઈસ્લામ અમલ વગર પણ શક્ય છે. પરં‍તુ ઈમાન અમલની સાથે હોવું જરૂરી છે. માસુમ(અલ.) ફરમાવે છે : (اَلاِیْمَانُ اِقْرَارٌ وَ عَمَلٌ وَ الْاِسْلاَمُ اِقْرَارٌ بِلاَ عَمَلٍ) ઈમાન ઝબાનથી બોલવું અને અમલ કરવું છે અને ઈસ્લામ અમલ વગર ઝબાનથી કબૂલ કરવું છે.(ઉસુલે કાફી,જીલ્દ ૨,પેજ ૨૪) માટે ઈમાનમાં ઈસ્લામ આવી જાય છે.પરંતુ ઈસ્લામમાં ઈમાન નથી આવતું.

બીજી એક હદીસમાં ઈસ્લામને મસ્જિદુલ હરામ સાથે અને ઈમાનને કાઅબા સાથે સરખામણી કરવામાં આવી છે. એટલા માટે કે કાઅબા મસ્જિદુલ

હરામની વચ્ચે છે પરંતુ મસ્જિદુલ હરામ કાબામાં નથી. (ઉસુલે કાફી,જીલ્દ ૨,પેજ ૨૪)

## ૪. રાજકીય અને સામાજિક બાબતોમાં તફાવત

ઈમામ સાદીક(અલ.)ને સવાલ કરવામાં આવ્યો: ઈમાન અને ઈસ્લામમાં શું તફાવત છે ? આપે ફરમાવ્યું : ઈસ્લામ કલમો પઢવો,અલ્લાહ અને તેના રસુલ(સલ.) વિશે ગવાહી આપવી અને નમાઝ,રોઝા,ઝકાત વગેરે અહકામ પર જાહેરી રીતે અમલ કરવો છે. પરંતુ ઈમાન એ ગવાહી અને અમલ છે કે જે અલ્લાહ તરફથી મોકલવામાં આવેલા ઈમામની મઅરેફત સાથે હોય. એટલે કે કલમો પઢવો અને નમાઝ, રોઝા વગેરે ઈબાદત પણ મઅરેફતની સાથે હોય. (ઉસુલે કાફી,જીલ્દ ૨,પેજ ૨૪)

## ૫. દરજ્જામાં તફાવત

માસુમ(અલ.) તેમની મુબારક હદીસમાં ફરમાવે છેઃ ‘ઈમાન’ ઈસ્લામથી એક દરજ્જો વધારે બુલંદ છે, ‘તકવા’ ઈમાનથી એક દરજ્જો વધારે બુલંદ છે અને ‘યકીન’ તકવાથી એક દરજ્જો વધારે બુલંદ છે અને લોકોની પાસે યકીન જેટલી ઓછી વસ્તુ બીજી કોઈ નથી. (ઉસુલે કાફી,જીલ્દ ૨, પેજ ૫૧)


amillibrary.com

# આયત નં. ૧૫

إِنَّمَا الْمُؤْمِنُونَ الَّذِينَ آمَنُوا بِاللَّهِ وَرَسُولِهِ ثُمَّ لَمْ يَرْتَابُوا
وَجَاهَدُوا بِأَمْوَالِهِمْ وَأَنْفُسِهِمْ فِي سَبِيلِ اللَّهِ أُولَائِكَ هُمُ
الصَّادِقُونَ

મોમીનો ફક્ત એ લોકો છે જેઓ અલ્લાહ અને તેના રસુલ(સલ.) પર ઈમાન લાવ્યા અને પછી તેમાં શંકા ન કરી અને તેમના માલ અને જાનથી અલ્લાહની રાહમાં જેહાદ કર્યો. બેશક, આ લોકો જ સાચા છે.

## આયતમાંથી મળતા જરૂરી દર્સ :

૧. કુરઆન કમાલ સુધી પહોંચવાના રસ્તા અને વસીલા પણ બયાન કરે છે. (اِنَّ اَكْرَمَكُمْ عِنْدَ اللهِ اَتْقٰىكُمْ) અને સાથે કામીલ ઈન્સાનોના નમૂના પણ બતાવે

છે. (اِنَّماَ الْمُؤْمِنُوْنَ الَّذِيْنَ....) ફક્ત મોમીનો એ લોકો છે જેઓ...)

૨. રસુલે ખુદા(સલ.) પર ઈમાન લાવવાનો હુકમ અલ્લાહ પર ઈમાન લાવવાના હુકમ સાથે બયાન થયો છે. ( آمَنُوْا بِاللّٰهِ وَ رَسُولِهِ)

૩. સાચા ઈમાનની નિશાની તેના પર સાબિત કદમ રહેવું અને તેમાં કોઈ પણ જાતની શંકા ન કરવી છે. (ثُمَّ لَمْ يَرْتَابُوْا)

૪. ઈમાન બાતિની વસ્તુ છે કે તેના અસરથી તેને ઓળખી શકાય છે. (اِنَّماَ الْمُؤْمِنُوْنَ الَّذِيْنَ....جاَهَدُوْا) મોમીનો ફક્ત એ લોકો છે...જેઓ અલ્લાહની રાહમાં જેહાદ કરે છે.)

૫. અમલ વગરનું ઈમાન એક દાવા સીવાય બીજું કાંઈ નથી. (جاَهَدُوْا بِاَمْوَالِهِمْ..) (કંજૂસ,બીકણ અને

ડરપોક લોકોનું ઈમાન હકીકી અને સાચું ઈમાન નથી.)

૬. ઈસ્લામી કલ્ચર પ્રમાણે અલ્લાહની રાહમાં જેહાદ જાન અને માલથી હોવો જોઈએ. ( جاَهَدُوْا بِاَمْوَالِهِمْ وَ اَنْفُسِهِمْ) તમારા માલ અને જાનથી જેહાદ કરો. (એ લોકો જેઓ થોડાક પૈસા આપીને જંગમાં જવાથી ભાગે છે અથવા અલ્લાહની રાહમાં મુશ્કીલ કામોની જવાબદારીથી પાછા હટે છે તેઓ સાચા મોમીનો નથી.)

## સાચા મોમીનની નિશાનીઓ

• કુરઆને શરીફની ચાર આયતો (اِنَّماَ الْمُؤْمِنُوْنَ) એટલે મોમીન ફક્ત તે લોકો છે...) આ વાક્યથી શરૂ થઈ છે જે સાચા મોમીનની નિશાનીઓને બયાન કરે છે :

૧. ( اِنَّمَا الْمُؤْمِنُوْنَ الَّذِيْنَ اِذاَ ذُكِرَ اللهَ وَجِلَتْ قُلُوْبُهُمْ وَ اِذاَ تُلِيَتْ عَلَيْهِمْ آياَتُهُ زَادَتْهُمْ اِيْماَناً وَ عَلَي رَبِّهِمْ يَتَوَكَّلُوْنَ) એટલે સાચા મોમીનો ફક્ત તે લોકો છે કે જ્યારે પણ અલ્લાહનું નામ લેવામાં આવે છે ત્યારે તેમના દીલ અલ્લાહની યાદથી ધ્રુજી જાય છે અને જ્યારે અલ્લાહની આયતોની તિલાવત કરવામાં આવે છે ત્યારે તેમના ઈમાનમાં વધારો થાય છે અને ફક્ત અલ્લાહ પર તવક્કુલ અને ભરોસો કરે છે. (સુરએ અન્ફાલ,૨)

૨. ( اِنَّمَا الْمُؤْمِنُوْنَ الَّذِيْنَ آمَنُوْا بِاللهِ وَ رَسُوْلِهِ وَ اِذَا كَانُوْا مَعَهُ عَلي اَمْرٍ جَامِعٍ لَمْ يَذْهَبُوْا حَتَّي يَسْتَأذِنُوْهُ...) સાચા મોમીનો ફક્ત એ લોકો છે જેઓ અલ્લાહ અને તેના રસુલ(સલ.) પર ઈમાન રાખે છે અને જ્યારે પણ બધા પૈગમ્બર(સલ.) સાથે મળીને કોઈ કામ કરતા હોય છે તો પૈગમ્બરની રજા વગર તેમને છોડીને ત્યાંથી જતા નથી. (સુરએ નુર,૬૨)

3. (اِنَّمَا الْمُؤْمِنُوْنَ اِخْوَةٌ...) ફક્ત મોમીનો આપસમાં ભાઈ ભાઈ ેછે.) આ જ સુરાની એટલે સુરએ હુજુરાતની ૧૦મી આયતમાં બયાન કરવામાં આવ્યું છે.

૪. અને આ જ સુરાની ૧૫મી આયતમાં એટલે કે આ આયત. (اِنَّمَا الْمُؤْمِنُوْنَ الَّذِيْنَ....મોમીનો ફક્ત એ લોકો છે જેઓ અલ્લાહ અને તેના રસુલ(સલ.) પર ઈમાન લાવ્યા પછી તેમાં કોઈ પણ જાતની શંકા ન કરી અને તેમના માલ અને જાનથી અલ્લાહની રાહમાં જેહાદ કર્યો.બેશક, આ લોકો જ સાચા છે.)

જો આ ચારેય આયતોને સાથે રાખીએ તો આપણને સાચા મોમીનની નિશાનીઓ જાણવા મળે છે. એ મોમીનો કે જેમના માટે કુરઆને કરીમ ફરમાવે છે: ((اُوْلَئِكَ هُمُ الصَّادِقُوْنَ) (اُوْلَئِكَ هُمُ الْمُؤْمِنُوْنَ حَقاً એટલા માટે


amillibrary.com

સાચા મોમીનો એ લોકો છે જેમની નિશાનીઓ આ પ્રમાણે છે :

૧. તેમના દીલ અલ્લાહની યાદમાં તડપે છે અને અલ્લાહની યાદથી જીવતા છે.(ન કે દુનિયાના માલ,હોદ્દા અને બીજી વસ્તુઓથી ખુશ છે.)( اِذاَ ذُکِرَ اللّٰہَ وَجِلَتْ قُلُوْبُھُمْ)

૨. તે લોકો હંમેશા કમાલના રસ્તા તરફ આગળ વધતા રહે છે અને ક્યાંય ઠહેરતા નથી અને અલ્લાહના હુકમની સામે જવાબદાર, આશિક અને તેના પર અમલ કરનાર હોય છે. اِذاّ تُلِیَتْ عَلَیْھِمْ آیَاتُہٗ زَادَتْھُمْ اِیْماَناً) જ્યારે પણ તેમની સામે કુરઆનની આયતો તિલાવત કરવામાં આવે છે તેમના ઈમાનમાં વધારો થાય છે.) જો કે અમુક લોકો મોમીનોની બિલકુલ વિરૂદ્ધ પથ્થરની જેમ પડેલા હોય છે કે જરાય આગળ નથી વધતા. (کَالْحِجَارَۃِ

પથ્થર જેવા) (સુરએ બકરાહ,૭૪) અને અમુક લોકો એવા છે જે આગળ વધવાના બદલે પાછળ હટે છે. (آمَنُوْا ثُمَّ كَفَرُوْا) ઈમાન લાવ્યા પછી કાફીર થઈ ગયા.) (સુરએ નીસા,૧૩૭) અને અમુક લોકો પોતાની જગ્યાએ જ ફરે છે જેવી રીતે બળદ તેલ કાઢવા માટે રાતદિવસ ઘંટીની આસપાસ ગોળ ગોળ ફરે છે અને જરાય આગળ વધતો નથી એ જાનવરની સાથે આવા લોકોની સરખામણી કરવામાં આવી છે. (બહાર,જીલ્દ ૧,પેજ ૨૦૮)

૩. તે લોકો ફક્ત અલ્લાહ પર ભરોસો કરે છે.(પૂર્વ પશ્ચિમની કોઈ પણ તાકાતોના સહારે નથી જીવતા.) (وَعَلَىٰ رَبِّهِمْ يَتَوَكَّلُونَ) અને ફક્ત પોતાના પરવરદીગાર પર ભરોસો કરે છે.)

૪. સામાજીક જીવન વ્યવસ્થામાં અલ્લાહત તરફથી મોકલવામાં આવેલા રહેબરને ઓળખ્યા પછી તેના


amillibrary.com

હુકમ વગર આગળ નથી વધતા અને તેમને વફાદાર હોય છે. وَ اِذَا كَانُوْا مَعَهُ عَلي اَمْرٍ جَامِعٍ لَمْ يَذْهَبُوْا حَتَّي يَسْتَأْذِنُوْهُ... અને જ્યારે પણ બધા પૈગમ્બર(સલ.)ની સાથે મળીને કોઈ કામ કરતા હોય છે તો પૈગમ્બરની રજા વગર તેમને છોડીને ત્યાંથી જતા નથી. (સુરએ નુર, ૬૨)

૫. તેઓ પોતાની જાતને બીજાથી વધારે સારા નથી સમજતા અને બધા મોમીનોને પોતાના ભાઈ સમાન સમજે છે. (اِنَّمَا الْمُؤْمِنُوْنَ اِخْوَة)

૬. તેમનું ઈમાન મજબૂત હોય છે.(તેમનું ઈમાન ઈલ્મ, અકલ અને ફીતરતના આધારે હોય છે અને પોતાના ઈલ્મ પર અમલ કરીને યકીનના દરજ્જા સુધી પહોંચ્યા છે. દીન વિરૂદ્ધ દુશ્મનોનો ખોટો પ્રચાર, ઝીંદગીના ચઢાવ ઉતાર તેમને નાઉમીદ


amillibrary.com

નથી કરતા અને ન તો તેઓકોઈ જાતના શકમાં પડી જાય છે.

૭. જ્યારે પણ જરૂર પડે ત્યારે જાન અને માલથી પોતાના દીનની હિફાઝત કરે છે. ( جَاهِدُوْا بِاَمْوَالِهِمْ وَاَنْفُسِهِمْ)

## ઈમાનમાં સાબીત કદમ રહેવું

• ઈમાન કરતા પણ વધારે મહત્ત્વનું ઈમાન પર મક્કમતાથી બાકી રહેવું છે.(એટલે કે કોઈ પણ સંજોગોમાં પોતાનું ઈમાન ડગમગ ન થાય.) જેમકે,કુરઆને શરીફ તેને જુદા જુદા શબ્દોમાં બયાન કરે છે :

૧. (قَالُوْا رَبُّنَا اللّٰهُ ثُمَّ اسْتَقَامُوْا) જેમણે કહ્યું કે અમારો પરવરદીગાર અલ્લાહ છે અને પછી તેના પર સાબીત કદમ રહ્યા.(સુરએ ફુસ્સીલત,30)

૨. (لاَ تَمُوْتُنَّ اِلاَّ وَ اَنْتُمْ مُسْلِمُوْنَ) હઝરત યાકુબ(અલ.)એ તેમના દીકરાને ભલામણ કરી કે અલ્લાહની રાહમાં તસ્લીમ થયા વગર મરજો નહી એટલે કે તમારી મૌત સુધી મુસલમાન રહેજો. (સુરએ બકરહ,૧૦૨)

૩. (اِهْدِناَ الصِّرَاطَ الْمُسْتَقِيْمَ) પરવરદીગાર ! તું અમને સીધા રસ્તા પર બાકી રાખ.

૪. (تَوَفَّناَ مَعَ الْاَبْرَارَ) પરવરદીગાર ! જ્યારે તું મને મૌત આપે ત્યારે નેક લોકો સાથે હોઉ.

(સુરએ આલે ઈમરાન,૧૯૩)

૫. (تَوَّفَنِي مُسْلِمًا)પરવરદીગાર ! મારી રૂહને એ સમયે કબ્ઝ કરજે કે હું તારી સામે તસ્લીમ હોઉં.(સુરએ યુસુફ,૧૦૧) (فَمُسْتَقَرٌّ وَ مُسْتَوْدَعٌ)(સુરએ અન્આમ,૯૮) ઈમામ સાદીક (અલ.)એ ફરમાવ્યું: આ આયતમાં (مُسْتَقَرٌّ)નો મતલબ સાબીત અને મજબૂત ઈમાન


amillibrary.com

અને (مُسْتَوْدَعْ) નો મતલબ થોડા સમય માટેનું ઈમાન થાય છે. (મીઝાનુલ હીકમત)

## ઈમાનને મજબૂત કરવાના વસીલા

• અમુક વસ્તુઓ ઈમાન મજબૂત કરે છે.જેમકે,

### ૧. તકવા

ઈમામ સાદીક(અલ.) ફરમાવે છે : તકવા ઈમાનને દીલમાં મજબૂત બનાવે છે અને લાલચ, ઈમાનને દીલમાંથી કાઢી નાખે છે.(મીઝાનુલ હીકમત)

### ૨. અલ્લાહની પાસે મદદ માંગવી.

ઈમાનને મજબૂત થવા માટે જરૂરી છે કે ઈન્સાન અલ્લાહના લુત્ફો કરમથી તેની પાસે મદદ માંગે.કારણ કે અલ્લાહતઆલા ફરિશ્તાઓને હુકમ આપે છે કે મોમીનોને તેમના ઈમાનમાં સાબિત કદમ બનાવો.( اِذْ يُحْيِ رَبُّكَ اِلي الْمَلاَئِكَةِ اِنِّي مَعَكُمْ فَثَبِّتُوْا الَّذِيْنَ

સુ.હોજોરાત- 333

آمَنُوْا) (સુરએ અન્ફાલ,૧૨) અને બીજી જગ્યાએ ફરમાવે છે : (وَرَبْطْنَا عَلي قُلُوْبِهِمْ) અમે તેમના દીલોને મજબૂત રાખ્યા છે. (સુરએ કહ્ફ,૧૪)

## 3. ઇતિહાસને જાણવું અને તેનાથી દર્સ લેવો ઈમાનને મજબૂત કરે છે.

(وَ كُلاًّ نَقُصُّ عَلَيْكَ مِنْ اَنْبَاءِ الرُّسُلِ مَا نُثَبِّتُ بِهِ فُؤَادَكَ) (સુરએ હુદ,૧૨૦) (અમે તમને અમ્બિયા(અલ.)ના કીસ્સા જણાવીએ છીએ જે તમારા દીલને મજબૂત બનાવે છે.)

# આયત નં. ૧૬

قُلْ أَتُعَلِّمُونَ اللَّهَ بِدِينِكُمْ وَاللَّهُ يَعْلَمُ مَا فِي السَّمَاوَاتِ وَمَا فِي
الْأَرْضِ وَاللَّهُ بِكُلِّ شَيْءٍ عَلِيمٌ

(અય પૈગમ્બર!) તેમને કહો : શું તમે અલ્લાહને તમારા દીન અને ઈમાન વિશે જણાવો છો ?! જ્યારે કે અલ્લાહ તો જે કાંઈ આસમાનો અને ઝમીનમાં છે તે બધું જ જાણે છે અને અલ્લાહ દરેક વસ્તુનો જાણકાર છે.

## આયતના જરૂરી પોઈન્ટસ :

• અમુક લોકો કસમ ખાઈને પૈગમ્બરે ઈસ્લામ રસુલુલ્લાહ(સલ.)ને કહ્યું કે અમે સાચા મોમીનો છીએ. ત્યારે આ આયત નાઝીલ થઈ કે તમારે કસમ ખાવાની જરૂર નથી.અલ્લાહતઆલા દરેક વસ્તુનું ઈલ્મ ધરાવે છે.

• અલ્લાહના અવલિયાની પાસે ઈન્સાન પોતાનો અકીદો બયાન કરે છે એટલા માટે કે તેને ભરોસો થાય કે તેનો અકીદો સાચો છે તો આ ઘણું જ સારૂં છે. દાખલા તરીકે, હઝરત અબ્દુલ અઝીમ હુસૈનીએ પોતાના અકાએદ ઈમામ હાદી(અલ.)ની ખીદમતમાં બયાન કર્યા હતા. પરંતુ જો ઈન્સાન રીયાકારીની નિયતથી પોતાના અકીદાને જણાવે.(જેમકે આ આયતમાં એ લોકો વિશે કહેવામાં આવ્યું છે.) તો તે ટીકાને પાત્ર છે.

## આયતમાંથી મળતા જરૂરી દર્સ :

૧. રસુલુલ્લાહ(સલ.) પાસે કોઈ વાતને જાહેર કરવી હકીકતમાં અલ્લાહની પાસે જાહેર કરવા સમાન છે. જો કે આ લોકોએ રસુલે ખુદા(સલ.) પાસે આવીને તેમની વાત બયાન કરી.પરંતુ


amillibrary.com

કુરઆને કરીમ ફરમાવે છે : (أَتُعَلِّمُوْنَ اللّٰهَ શું તમે અલ્લાહને જણાવો છો ?)

૨. એ અલ્લાહ જે દરેક વસ્તુને જાણે છે તેની પાસે કોઈ જાતનો દાવો અને દેખાડો ન કરવો જોઈએ. (أَتُعَلِّمُوْنَ اللّٰهَ....وَاللّٰهُ يَعْلَمُ શું તમે અલ્લાહને જણાવો છો ?...જ્યારે કે અલ્લાહ બધી જ વસ્તુનો જાણકાર છે.)

૩. અલ્લાહતઆલા દરેક વસ્તુનું ઈલ્મ ધરાવે છે અને દરેક વસ્તુની ખાસિયતથી આગાહ છે. (يَعْلَمُ...وَهُوْ بِكُلِّ شَيْءٍ عَلِيْمٍ) (શક્ય છે એક ગોડાઉનમાં કેટલો માલ છે તેના વિશે તેના માલિકને ખબર હોય , પણ તે દરેક વસ્તુ શેનાથી બનેલી છે અથવા તેનો શું અસર છે તે ન જાણતો હોય.)

 amillibrary.com

# આયત નં. ૧૭

يَمُنُّونَ عَلَيْكَ أَنْ أَسْلَمُوا قُلْ لَا تَمُنُّوا عَلَيَّ إِسْلَامَكُمْ بَلِ اللهُ يَمُنُّ عَلَيْكُمْ اَنْ هَدٰيكُمْ لِلْإِيْمَانِ اِنْ كُنْتُمْ صَادِقِيْنَ

(અય રસુલ !) એ લોકો તારા પર એહસાન બતાવે છે કે અમે ઈસ્લામ લાવ્યા છીએ. તેમને કહો : તમારા ઈસ્લામ લાવવાને મારા પર એહસાન ન બતાવો. જો તમે સાચું કહો તો અલ્લાહતઆલાએ તમને ઈમાનની હિદાયત કરીને તમારા પર એહસાન કર્યો છે.

## આયતના જરૂરી પોઈન્ટસ :

• અમુક મુસલમાનો જેમકે બની અસદના કબીલાવાળા પોતાના ઈસ્લામ લાવવાને રસુલે ખુદા(સલ.) પર એહસાન બતાવતા હતા અને કહેતા હતા : અમે કોઈ પણ જાતની જંગ અને ખૂન

વહાવ્યા વગર ઈસ્લામ લાવ્યા છીએ. માટે તમને અમારી કદર થવી જોઈએ. ત્યારે આ આયત નાઝીલ થઈ અને તેમને આવા કામથી મનાઈ કરવામાં આવી.

• અલ્લાહતઆલા આ આયતમાં ઈમાનની નેઅમતને, સુરએ આલે ઈમરાન આયત નં.૧૬૪માં અમ્બિયા(અલ.)ને મોકલવાની નેઅમતને અને સુરએ કસસની પાંચમી આયતમાં ઝઈફો અને કમજોર લોકોને જમીનના વારીસ બનાવવાને પોતાના ખાસ એહસાન તરીકે બયાન કરે છે. આ બતાવે છે કે અલ્લાહતઆલાની નેઅમતોમાં સૌથી મહત્ત્વની અને સૌથી મોટી નેઅમત અલ્લાહની હિદાયત માસુમ રહેબર અને હક તથા અદાલતવાળી હુકૂમતની નેઅમત છે.


amillibrary.com

## આયતમાંથી મળતા જરૂરી દર્સ :

૧. ઈસ્લામ મઝહબની હિદાયત થવી અલ્લાહની મોટી નેઅમત છે અને ઈસ્લામને કબૂલ કરવું અલ્લાહનો મોટો એહસાન છે. (بَلِ اللّٰهُ يَمُنُّ બલકે અલ્લાહતઆલા તમારા પર એહસાન કરે છે.)

૨. અલ્લાહતઆલા આપણા ઈસ્લામ, ઈમાન અને ઈબાદતનો મોહતાજ નથી. (لاَ تَمُنُّوْا عَلَيَّ) તમે મારા પર એહસાન ન બતાવો.)

3. સાચા ઈમાનની નિશાની એ છે કે આપણે ઈમાન લાવ્યા તેના માટે અલ્લાહનો એહસાન માનીએ. ન કે આપણા ઈમાન લાવવાનો અલ્લાહ પર એહસાન બતાવીએ. (بَلِ اللهُ يَمُنُّ...لاَ تَمُنُّوْا... اِنْ كُنْتُمْ صَادِقِيْنَ....) (સાચો મુસલમાન પોતાની જાતને અલ્લાહનો લેણદાર નહીં પરંતુ કર્જદાર સમજે છે.)



amillibrary.com

૨. રસુલુલ્લાહ(સલ.) પર એહસાન બતાવવો હકીકતમાં અલ્લાહ પર એહસાન બતાવવો છે. (જે લોકો રસુલે ખુદા(સલ.) પર એહસાન બતાવતા હતા તેમના જવાબમાં અલ્લાહતઆલાએ એ રીતે જવાબ આપે છે કે જાણે તેઓ અલ્લાહ પર એહસાન બતાવે છે.) (يَمُنُّوْنَ....عَلَيْكَ...بَلِ اللهُ يَمُنُّ) અલ્લાહતઆલા તેના પૈગમ્બરને સાથ આપે છે અને રાજી નથી કે કોઈ ઈસ્લામ લાવીને તેમના પર એહસાન બતાવે.

૩. તમે ફક્ત ઈસ્લામ લાવવાને (કે જે નાનો દરજ્જો છે) અલ્લાહ પર એહસાન બતાવો છો (يَمُنُّوْنَ عَلَيْكَ اَنْ اَسْلَمُوْا) તારા પર એહસાન બતાવે છે કે અમે ઈસ્લામ લાવ્યા છીએ. જ્યારે કે અલ્લાહતઆલા તમને તેનાથી પણ ઊંચા દરજ્જાની હિદાયત કરે છે. (هَدَاكُمْ لِلاِيمَانِ) તમને

ઈમાનની હિદાયત કરીને તમારા પર એહસાન કર્યો છે. (આપણે જાણીએ છીએ કે ઈમાનનો દરજ્જો ઈસ્લામ કરતા વધારે બુલંદ છે.)

૪. ઈન્સાનનો સૌથી મોટો કમાલ સાચું અને હકીકી ઈમાન છે. (هَدَاكُمْ لِلاِيْمَانِ) ન કે ફક્ત જાહેરમાં ઈસ્લામનો દેખાવ કરવો. કારણકે મુનાફીકો પણ ઈસ્લામનો દેખાવ કરે છે.


amillibrary.com

# આયત નં. ૧૮

اِنَّ اللّٰهَ يَعْلَمُ غَيْبَ السَّمٰوَاتِ وَ الْاَرْضِ وَاللّٰهُ بَصِيْرٌ بِمَا تَعْلَمُوْنَ

બેશક,અલ્લાહતઆલા આસમાનો અને જમીનના ગૈબને જાણે છે અને જે કાંઈ તમે કરો છો અલ્લાહ તેને જુએ છે.

## આયતમાંથી મળતા જરૂરી દર્સ :

૧. તૌહીદની નિગાહમાં, અલ્લાહની નજરમાં કોઈ પણ સારા કામનો દેખાડો કરવો, કોઈના પર એહસાન બતાવવો કે કોઈ નેક કામનો દાવો કરવાની કોઈ કીંમત નથી. બલકે તે સારા કામોની કીંમત ખુલુસ છે અને તે દીલના ખુલુસને જાણનાર ફક્ત અલ્લાહની ઝાત છે. ( اِنَّ اللّٰهَ يَعْلَمُ غَيْبَ السَّمٰوَاتِ وَ الْاَرْضِ બેશક, અલ્લાહતઆલા આસમાનો અને જમીનના ગૈબને જાણે છે.) (એ અલ્લાહ જે દરેક



amillibrary.com

વસ્તુના બાતિનને જાણે છે, છૂપી વસ્તુઓ વિશે ખબર રાખે છે તે કેવી રીતે આપણા ઈમાન વિશે ન જાણતો હોય !?)

૨. જો ઈન્સાનને યકીન હોય કે અલ્લાહતઆલા તેના દરેક અમલને જાણે છે અને જુએ છે તો તેનું ઈમાન તેના તકવાની હિફાઝત કરે છે. (જો આપણને ખબર હોય કે કોઈ એક નાની એવી જગ્યાથી આપણો વીડીયો લેવાઈ રહ્યો છે અથવા આપણી અવાજ રેકોર્ડ થઈ રહી છે તો આપણે બોલવામાં અને આપણા ઉઠવા બેસવાની રીતમાં ધ્યાન આપશું.) (اِنَّ اللهَ يَعْلَمُ غَيْبَ السَّمَوَاتِ وَ الْاَرْضِ)

૩. અલ્લાહતઆલા ઈલ્મ સાથે બસીરત ધરાવે છે. એટલે કે અલ્લાહનું ઈલ્મ ઉપરછલ્લુ, એક તરફનું, શકવાળું અને થોડાક સમય માટેનું નથી. ( اِنَّ اللهَ يَعْلَمُ...وَاللهُ بَصِيْرٌ)

 amillibrary.com